بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧-ઓગષ્ટ-૨૦૧૧**

શાબાનુલ મુઅઝ્ઝમ-રમઝાનુલ મુબારક
હિજરી સન : ૧૪૩૨

વર્ષ : ૦૮, અંક : ૦૮, સળંગ અંક : ૯૨



સ્થાપક અને પ્રકાશક
**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

પત્ર વ્યવહારનુ સરનામું

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
**Web. :www.barkatekhwaja.net**
**Email : anjuman2006@hotmail.com**


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૨૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧,૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/-- |


**માનદ તંત્રી**
**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| ૦૧ | કુર્આન મુક઼દ્દસ પર અમલ સમયની મહત્વની જરૂરત | ૦૨ |
| ૦૨ | **નવી પેઢીને એજ્યુકેશનના બહાને આવારા થતી રોકો !** | ૦૩ |
| ૦૩ | તફસીરે ઝિયાઉલ કુર્આન | ૦૯ |
| ૦૪ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૧ |
| ૦૫ | શિફા શરીફ | ૧૩ |
| ૦૬ | હ઼દાઈકે બખ્શિશ | ૧૬ |
| ૦૭ | અવલિયા અલ્લાહની કરામતો ! | ૨૧ |
| ૦૮ | કન્ઝુલ ઈમાન એક અજોડ તર્જુમાએ કુર્આન | ૨૨ |
| ૦૯ | ગલતફહમીઓ તથા તેની સુધારણા | ૨૭ |
| ૧૦ | મુસલમાનો ! સ્ટાર ટી.વી.ની નહીં ઉલમાની કચેરીમાં સવાલ કરો ! | ૨૯ |
| ૧૧ | રદ્દે વહાબિયાથી નાખુશ થનાર પોતાના ઈમાનની ખબર લે ! | ૩૧ |
| ૧૨ | રોઝો તૂટવા વિશે તથા ક઼ઝા, કફ્ફારાના મસાઈલ | ૩૩ |
| ૧૩ | ઝકાતનું ઈસ્લામમાં મહત્વ અને આપણે | ૩૯ |
| ૧૪ | ઝકાત સંબંધી અમુક મસાઈલ | ૪૩ |
| ૧૫ | અહમદાબાદના સુન્નીઓની ઝળઝળહતી કામયાબી | ૪૫ |
| ૧૬ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૬ |


**હમ દરે યાર પે દિલ અપના ઝુકા લેતે હૈં**

હમ દરે યાર પે દિલ અપના ઝુકા લેતે હૈં
સચ બતાના અય દુન્યા તેરા ક્યા લેતે હૈં
પત્થરો તુમ તો હો પત્થર મગર આક઼ા મેરે
તુમ સે ગર ચાહેં તો કલ્મા ભી પઢ઼ા લેતે હૈં
વક઼્ત કી કેદ નહીં હૈ યે કરમ કી બાતેં
જબ ભી સરકાર કી મરઝી હો બુલા લેતે હૈં
ઉસકો આંખોં મેં બિઠાતે હૈં ઝમાનેવાલે
જિસકો મહબૂબે ખુદા અપના બના લેતે હૈં
જબ નહીં મિલતી કહીં સે ભી સુકૂં કી દૌલત
તેરી મેહફિલ તેરે દિવાને સજા લેતે હૈં
જબ સે દેખા હૈ **'નિયાઝી'** વો રિયાઝુલ જન્નત
હમ તો ઘર બેઠ કે જન્નત કી હવા લેતે હૈં



# કુર્આન મુક઼દ્દસ પર અમલ સમયની મહત્વની જરૂરત

અઝ : **અતાએ મુફ્તીએ આ'ઝમ હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*
અનુવાદક : **હાફેઝ મુહમ્મદસજ્જાદ શબ્બીર પટેલ રઝવી (દયાદરા)**

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની નાઝિલ કરેલ અતિશય મહાન કિતાબ કુર્આન મુક઼દ્દસ જે રહમતે આલમ ﷺ પર નાઝિલ થઈ તે કેવળ બરકત પ્રાપ્તિ તથા તાખલાની શોભા બનાવવા માટે નથી બલ્કે પોતાને અમલના અલંકારોથી સજવા માટે છે. કુર્આને અઝીમ પર ઈમાન રાખવાનો તક઼ાઝો પણ એ જ છે કે તેના હુકમો તથા ફર્માનો પર અમલ કરવામાં આવે. આજે નાક઼ામી તથા પડતીનું રોવું રડતાં રડતાં આપણી આંખોથી આંસૂ સૂકાતાં જઈ રહ્યાં છે અને દાનિશ્વરો (બુદ્ધિજીવીઓ)ની મિટિંગો તથા કામયાબીનાં આયોજનો કરતાં કરતાં આપણી જિંદગીનો મોટા ભાગનો હિસ્સો ગુજરતો જઈ રહ્યો છે, પરંતુ પરિણામ એ બન્યું કે; *મર્ઝ બળ્હતા ગયા જૂં જૂં દવા કી !*

અલ્લાહ ﷻ કુર્આન મજીદમાં હિફાઝતની જિમ્મેદારી લઈને પોતાના મહબૂબે પાક ﷺના ઉમ્મતીઓને સર્વ ઈન્સાનો પર ચઢિયાતા દેખાડવા ચાહે છે. આ ચઢિયાતાપણુ કુર્આન તથા સાહિબે કુર્આનનો દામન મજબૂતીથી પકડયા વગર શક્ય નથી. જો તમે તે પવિત્ર હસ્તીઓની જિંદગીઓનો અભ્યાસ કરો જેઓ પૃથ્વીના પટ પર કામયાબ ઈન્સાનોમાં પોતે ઉચ્ચ સ્થાન ધરાવે છે તો ખબર પડશે કે તેમની જિંદગી અમલી તૌર પર કુર્આન મુક઼દ્દસના માળખાઓમાં ઢળેલી હતી. તેમની જિંદગીની સવાર સાંજથી કુર્આન ઝલકતુ હતું. તેઓ કુર્આનને પસંદ કરનાર જ નહીં બલ્કે કુર્આનના પાબંદ પણ હતા. રસૂલે કરીમ ﷺથી લઈને આપના સહાબાએ કિરામ તથા અવલિયાએ એઝામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینની જિંદગીઓ કુર્આને પાકના માળખામાં ઢળેલી હતી.

નીચેના લખાણમાં સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہનો એક બનાવ વાંચો જેનાથી તમને સારી રીતે અંદાજો થઈ જશે કે રસૂલે કરીમ ﷺએ પોતાના સહાબીઓના દિલોમાં કુર્આન પર અમલનો કેવો ભરપૂર જઝબો પેદા ફર્માવી આપ્યો હતો.

ઈર્શાદે બારી તઆલા છે : ''અને ક઼સમ ન ખાઈ તેઓ જે તમારામાં ફઝીલતવાળા અને ગુંજાઈશવાળા છે. સગા સંબંધીઓ, મિસ્કીનો તથા અલ્લાહની રાહમાં હિજરત કરવાવાળાઓને આપવાની, અને જોઈએ કે માફ કરે અને દરગુજર કરે. શું તમે એને દોસ્ત નથી રાખતા કે અલ્લાહ તમારી બખ્શિશ કરે અને અલ્લાહ બખ્શવાવાળો મહેરબાન છે.'' *(અન્નૂર–૨૨)*

આ આયત હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہના બારામાં નાઝિલ થઈ. આપે ક઼સમ ખાધી કે મસ્તહની સાથે વહેવાર રાખશે નહીં અને તે આપનાં માસીના પુત્ર હતા, નાદાર હતા, મુહાજિર હતા, બદરી સહાબી હતા. આપ જ એમનો ખર્ચ ઉઠાવતા હતા પણ કેમ કે ઉમ્મુલ મો'મિનીન પર આક્ષેપ લગાડવાવાળાઓની સાથે તેમણે મુવાફિક઼ત કરી હતી, એટલા માટે આપે આ ક઼સમ ખાધી. જ્યારે ઉપરોક્ત આયતે કરીમા જેવી નાઝિલ થઈ અને આપના કાનના પર્દા સાથે ટકરાઈ તો હઝરત અબૂબક્ર رضی اللہ عنہ અર્ઝ કરવા લાગ્યા, ''હે અલ્લાહ ! મને તારી ક઼સમ ! અમે તો એ વાતને પસંદ કરીએ છીએ કે તું અમને માફ કરી દે !'' અને હવે આપે પહેલાંથી અધિક મસ્તહની ઈમદાદ અને દિલદારી કરવાનું શરૂ કરી આપ્યું. (આને કુર્આન પર અમલ કહે છે !)

કુર્બાન જાવ હઝરત અબૂબક્ર رضی اللہ عنہના કુર્આન પર અમલના જઝબા પર ! કે આપે કોઈ ગુનોહ ન કર્યો હતો તથા કોઈની મદદ કરવી ન ફર્ઝ છે ન વાજિબ, કેવળ એક અખ્લાક઼ી જિમ્મેદારી છે. અલ્લાહ ﷻનો ઈર્શાદ સાંભળ તાં જ સ્વીકૃતિનું મસ્તક નમાવી આપે છે ! અને મસ્તહની મદદ પહેલાં કરતાં અધિક કરવા લાગે છે. આજે આપણો હાલ એ છે કે ઈબાદતના સંબંધી અમુક આયતો પર અમલ કરીને આપણે એવું સમજી બેસીએ છીએ કે આપણાથી સારો કુર્આન પર અમલ કરવાવાળો કોઈ નથી. નિઃશંક ! આ જુઝવી અમલ કેટલાક અંશે ફાયદો તો આપી શકે છે પરંતુ સંપૂર્ણ કામ્યાબીનો ઝરીયો નથી બની શકતો. કામયાબતરીન મો'મિન બનવા માટે કુર્આન તથા સુન્નતનો દામન મજબૂતીથી પકડવો જરૂરી છે. ભલે કુર્આન પર અમલ કરવું આપણા નફ્સને ભારે પડે ! અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત આપણને કુર્આન વ સુન્નતના આમિલ બનાવે અને અસ્લાફ (પૂર્વજ બુઝુર્ગો)ના નક઼્શે ક઼દમ પર ચાલવાની તૌફીક઼ બખ્શે. (આમીન) *(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, જુલાઈ : ૧૧)*



*તંત્રી લેખ....*

# નવી પેઢીને એજ્યુકેશનના બહાને આવારા થતી રોકો !

એક મુસ્લિમ કોલેજિયન યુવતી અઢારેક વરસની જિન્સનું પેન્ટ, ટી શર્ટ પહેરીને ફેશનમાં લટક મટક ચાલે ચાલતી ખભે પર્સ ભેરવી કાને મોબાઈલ ધરીને તથા ટુકડા જેટલી ઓઢણીના કટકા વડે મોઢાને પર્દા જેમ ઢાંકીને (મેકઅપ પર ધૂળ ન લાગે અથવા કોઈ ઓળખે નહીં એટલે હશે !) બસ સ્ટેન્ડ પર આવે છે, તેણીની ફોન પર વાત ચાલુ છે. ઈસ્લામી પર્દાની જાણે હાંસી ઉડાડતી હોય તેમ ટાંચી બાંયવાળુ ટી શર્ટ જેનાથી હાથો ખુલ્લા છે અને ફિટોફિટ જિન્સ પેન્ટ, આમ તેણીની શારીરિક રચનાનું પ્રદર્શન કરી રહ્યો હોય તેવો ડ્રેસ છે અને ઉપરથી કેવળ મોઢાને ઢાંક્યું છે ! તેણી બસમાં બેસે છે, વાત ચાલુ છે, અડધા કલાકે બસ ડેપોએ ઉતરી વાત પણ હજી ચાલુ છે, ડેપો પર ઉતરીને કોલેજ જવાને બદલે ત્યાં જ જાણે કોઈકની રાહ જોતી બેસે છે. થોડીવારે એક નવયુવાન આવે છે તો ખુશીના આવેશમાં "હાય ! હાય !" કરતી ઉભી થઈ જાય છે અને તેની બાઈક પર બેસીને ક્યાંક ગુમ થઈ જાય છે ! તે કઈ કૌમનો છે ખબર નથી ! અને આ તેણીની જાતિ પણ ઓળખાય તેવી નથી ! હવે એ ક્યાં જશે ? કોલેજ જશે, પિકનિક પર જશે, થિયેટરમાં જશે કે પાર્ટીમાં કે હોટલમાં જશે ?! કોને ખબર ! બસ ઘરેથી નીકળેલુ મુક્ત પંછી છે, આઝાદ છે, જ્યાં જવું હોય ત્યાં, જેની સાથે જવું હોય જાય ! કોઈ પૂછનાર કહેનાર નથી. આ તો એક દૃષ્ટાંત છે, આ અને આવી સ્ટાઈલમાં પુષ્કળ યુવાન યુવતીઓ એજ્યુકેશનને બહાને ભટક્તાં હોય છે અને મા બાપો ફખ્ર કરતાં હોય છે કે મારો પુત્ર કે મારી પુત્રી કેટલી આગળ વધી ગઈ કે કોલેજ કરી રહી છે ! અંગ્રેજીમાં પણ ફટાફટ વાત કરે છે ! પણ જતા દિવસે આવી જ આઝાદ થયેલી યુવતીઓ મા બાપને માથે હાથ મૂકાવે છે અને મુસ્લિમ કૌમની ઈજ્જતને પણ લિલામ કરે છે.

### ★ યુવાપેઢીનું દીનને ભૂલીને બર્બાદી તરફ પ્રયાણ ! ★

કોલજમાં પણ યુવક યુવતીઓ પહોંચે છે તો સામાન્યતઃ આપસમાં છોકરા છોકરી શેક હેન્ડ કરે છે, ગમે તે કૌમના છોકરાઓ સાથે મુસ્લિમ યુવતીઓ ફ્રેન્ડશીપ કરે છે, વેલેન્ટાઈન ડે તથા અન્ય વિવિધ ડે ઉજવે છે. સૌ ગાર્ડનમાં કેન્ટિનમાં ભેગાં કપલ બનાવીને અડોઅડ બેસીને અથવા સમૂહમાં સ્ત્રી પુરૂષના કશાય ભેદ વિના શર્મો હયાને ઝાટકી દઈને બેસે છે, લચ્છેદાર વાતો થાય છે, મજાક મસ્તી થાય છે. વળી ઘરોમાં પણ ટી.વી.ની અભદ્ર ચેનલો અને સંસ્કારનું ખૂન કરતી સીરિયલો તેમજ ઈન્ટરનેટ પરની બિભત્સ સામગ્રીઓને "ક્લિક" કરવાનું એ પરિણામ છે કે જેમ રિમોટથી બોમ્બ ફૂટતાં જ ક્ષણવારમાં માહોલમાં ખાકો ખૂનમાં લાશો તડપવા લાગે છે અને માનવ અંગો ઉડવા લાગે છે તેમ એ "ક્લિક" પણ પળવારમાં સંસ્કારી યુવાન યુવતીની શરમ હયા, દિલી સુકૂન, શાંતિ તથા સંસ્કારના ધજાગરા ઉડાડી મૂકે છે અને તેનું દિમાગ આવારગી તથા અજંપાવાળુ બની જાય છે. મા બાપોના અતિશય લાડ પ્યાર અને હદ ઉપરાંતનો ઔલાદ પરનો આંધળો વિશ્વાસ કે નિષ્કાળજીનું એ પરિણામ આવે છે કે મોબાઈલ પર કે કોમ્પ્યુટર પર ચેટીંગ કરીને ઘરના ખૂણામાં બેસીને દુનિયાના ગમે તે ખૂણાના ગમે તે કૌમના યુવક યુવતી સાથે કે કોઈ

છોકરાબાઝ સાથે ફ્રેન્ડશીપ કરીને કે પછી લવ કરીને ઔલાદ ઘરવાળાં માટે મુસીબતનો સામાન બની જાય છે. અને કેટલાં તો ગૈરક઼ૌમ સાથે ભાગી જાય છે અને દીન ઈમાનથી પણ નીકળી જાય છે ! **એક માહિતી પ્રમાણે જ્યાં એજ્યુકેશન વધુ છે ત્યાં એટલે કે કર્નાટકના ગુલબર્ગામાંથી લગભગ ૧૫૦ મુસ્લિમ છોકરીઓ તથા હોસ્પેટમાંથી લગભગ ૧૦૦ મુસ્લિમ છોકરીઓ ગૈર ક઼ૌમના છોકરાઓ સાથે ભાગી ગઈ છે !** અને આવા કિસ્સાઓમાં તેણીઓ મોટાભાગે છેતરાતી હોય છે કે થોડો સમય તેણીનું શારીરિક આર્થિક શોષણ કર્યા બાદ તેને ફરતી કરી દેવામાં આવે છે પછી તે બીચારી ન ઘરની રહે છે ન ઘાટની ! જેથી ખાસ કરીને યુવતીઓ ચેતે અને આ માર્ગે ન જાય, અને ફક્ત ભણવા પાછળ જ ધ્યાન આપે, ખોટાં ઝાંઝવાના જળો પાછળ ન ભાગે, બલ્કે મા બાપની આજ્ઞા પ્રમાણે અને ઈસ્લામિક દષ્ટિનું સંસ્કારી જીવન જીવે તેમાં જ ભલાઈ તથા સલામતી છે.

### ★ એ એજ્યુકેશન શું કામનું જે ઈસ્લામના બાગી બનાવે ! ★

*વો અંધેરે હી ભલે થે કે ક઼દમ રાહ પર થે–રોશની લાઈ હૈ મંઝિલસે બહોત દૂર હમેં*

મુસલમાનો ! ''તલબુલ ઈલ્મિ ફરીદ઼તુન અલા કુલ્લિ મુસ્લિમ'' (ઈલ્મનું શીખવું દરેક મુસલમાન પર ફર્ઝ છે) આ હદીષનો ઉલ્લેખ ''મુસ્લિમોની પ્રગતિ'' માટે જ્યાં જ્યાં મુસ્લિમોને દુનિયાવી શિક્ષણથી સજ્જ થવા અને દુનિયવી એજ્યુકેશન તરફ આકર્ષવાના સંમેલનો ભરાય છે અને ''સ્ત્રી શિક્ષણ''ની વાતો થાય છે ત્યાં કહેવાતા મુસ્લિમ લીડર ભાઈઓ તથા બેપર્દા લેક્ચર આપતી મુસ્લિમ બહેનો (!), બલ્કે ગૈરક઼ૌમના લીડરો પણ ત્યાં આવીને પોતાની ભાષામાં એને રટીને આ વાત કરતા રહે છે. વાત સાચી કે મુસ્લિમ યુવાનો તથા યુવતીઓ એજ્યુકેશન મેળવે, પણ અમારો એક સવાલ છે કે વર્તમાન કાળમાં ''મોટા ભાગે'' જે યુવાન કે યુવતી બે ચોપડી શું ભણી કે ઈસ્લામથી દૂર, ક઼ૌમી ઓળખથી ભાગતી અને ઈસ્લામના દુશ્મનોના જેવો ફેશનેબલ લિબાસ, તેવી બોલી, તેવી અદાઓ, તેવા વિચારો..... ધરાવતી થઈ જાય છે ! (ઈલ્લા માશાઅલ્લાહ !) અને ઈસ્લામી અખ્લાક઼ તથા હયાથી દૂર થઈ જાય છે અને શરીઅતના ક઼ાનૂનોનું સરે આમ ઉલ્લંઘન કરતાં તેમને જરાય સંકોચ કે એહસાસ થતો નથી. ત્યારે ખરેખર ઉપરોક્ત શેઅર સાચો લાગે છે. શું લાભ થયો મુસ્લિમોને આવા એજ્યુકેશનથી ?! મુસલમાન માટે દીન ઈમાનથી વધીને કોઈ ચીજ નથી. અને ઉપરોક્ત હદીષ પર અમલના નામે એવું એજ્યુકેશન મેળવવું કે આપવું કે જેના થકી ઈસ્લામથી તથા એ જ હદીષ કહેનાર નબી કરીમ علیہ الصلوٰۃ والسلام ના દર્શાવેલા ક઼ાનૂનોથી બગાવત કરનારી કહેવાતી મુસ્લિમ ક઼ૌમ પેદા થાય તો મુસ્લિમોનું ભલુ થશે કે બુરુ ?! મુસ્લિમોની પ્રગતિ શું એવા એજ્યુકેશનમાં છે કે કહેવાતા એજ્યુકેટેડો ઈસ્લામી ક઼ાનૂનોથી બેઅમલ જ નહીં બલ્કે તેના સામે બગાવત પર ઉતરે ?! ક્યાંક ઈસ્લામી પર્દા વિશે ગલત બક્વાસ કરવા લાગે, તો ક્યાંક તલાક઼ના મસ્અલામાં ઈસ્લામ વિરુદ્ધ બોલે તેમજ ક્યારેક ઉલમા વિરુદ્ધ બોલે......વગેરે. હા ! દુનિયાવી એજ્યુકેશન જરૂર શીખવું જોઈએ પણ દીનના ભોગે નહીં ! બલ્કે દીન તથા ઈસ્લામ પર મજબૂતીથી રહી શકે તો દુનિયાવી શિક્ષણ પ્રાપ્તિમાં વાંધો નથી. અને એ રીતે એજ્યુકેશન પામનારા મુસલમાન પણ દુનિયામાં છે જ. આવો ! સાથોસાથ એ હદીષનો હક઼ીક઼ી ભાવાર્થ પણ સમજી લઈએ.

### ★ હદીષમાં ''ફર્ઝ'' ઈલ્મથી મુરાદ ક્યો ઈલ્મ છે ? ★

ઉપરોક્ત હદીષ વિશે હઝરત મુલ્લા અલી ક઼ારી رحمۃ اللہ علیہ લખે છે : શારેહીને હદીષ (હદીષની સમજૂતી

દર્શાવનાર વિધ્વાનો)એ ફર્માવ્યું, "ઈલ્મથી મુરાદ મઝહબી ઈલ્મ છે." જેને હાંસલ કરવું બંદાના માટે જરૂરી છે, જેમ કે ખુદા તઆલાને ઓળખવું, તેની વહદાનિયત (એક હોવું) અને રસૂલની નબુવ્વતની ઓળખ (અન્ય જરૂરી મસાઈલ સાથે), નમાઝ પઢવાનો તરીક઼ો જાણવો, એટલા માટે કે આ ચીજોનો ઈલ્મે "ફર્ઝે અયન" છે, અને ફત્વા તથા ઈજતેહાદના રૂત્બાને ઓળખવો "ફર્ઝે કિફાયહ" છે. *(મિર્કાત શરહે મિશ્કાત, ૧/૨૩૩, બહવાલા અન્વારુલ હદીષ)*

અને હઝરત શયખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી બુખારી رحمۃ اللہ علیہ એ હદીષ હેઠળ ફર્માવે છે :–

"ઈલ્મથી મુરાદ આ હદીષમાં તે ઈલ્મ છે જે મુસલમાનોને સમય આવ્યે જરૂરી છે. દા.ત. "જ્યારે ઈસ્લામમાં દાખલ થાય તો" તેના માટે ખુદા તઆલાની ઝાત તથા સિફતોને ઓળખવી અને રસૂલુલ્લાહ ﷺ ની નબુવ્વતને જાણવી વાજિબ થઈ ગઈ. અને દરેક તે ચીજનો ઈલ્મ જરૂરી થઈ ગયો કે જેના વિના ઈમાન સહીહ નથી અને જ્યારે નમાઝનો સમય આવી ગયો તો તેના માટે નમાઝના હુકમોનું જાણવું વાજિબ થઈ ગયું અને જ્યારે રમઝાનનો મહીનો આવી ગયો તો રોઝાના હુકમો શીખવા જરૂરી થઈ ગયા અને જ્યાર માલિકે નિસાબ થઈ ગયો તો ઝકાતના મસ્અલા જાણવા વાજિબ થઈ ગયું. અને જો સાહિબે નિસાબ થતાં અગાઉ મૃત્યુ પામ્યો અને ઝકાતના મસ્અલા ન શીખ્યો તો તો ગુનેહગાર ન થયો અને જ્યારે સ્ત્રીને (નિકાહમાં) લાવ્યો તો "હૈઝ" તથા "નિફાસ" વગેરે જેટલા મસાઈલ પતિ પત્નીના સંબંધે છે તેને જાણવું વાજિબ થઈ જાય છે. એ પ્રમાણે અન્ય કામોમાં કયાસ કરી લેવો (એટલે વેપાર કરે તો વેપારના મસાઈલ, ખેતી કરે તો તેના વગેરે....) *(અશિઅતુલ લમ્આત, ભાગ–૧, પેજ–૧૬૧)*

સારાંશ કે આ દર્શાવેલ ચીજોનો ઈલ્મ કે જેની જરૂરત પડે તે શીખવો "ફર્ઝ" છે, નહીં કે હાલના સ્કૂલ કોલેજોના, યુનિવર્સિટીઓના જે કોર્સ છે તેનો ઈલ્મ જાણવો ફર્ઝ છે ! હા, ઈસ્લામી વર્તુળમાં રહીને દરેક ઈલ્મ શીખી શકાય, મુબાહ છે, ના નથી. પણ દીની મઝહબી ઈલ્મ જે ફર્ઝ છે તેને અભરાઈએ ચઢાવી સ્કૂલ, કોલેજો, યુનિવર્સિટીઓના ઈલ્મો શીખવાથી ઈસ્લામબેઝારી તથા ગુમરાહી ન આવે તો બીજુ શું આવશે ?! બીજું કે "ઈક઼રા"વાળી કુર્આની આયતનો ઉલ્લેખ કરીને પણ જે ઈલ્મ શીખવાની વાત થાય છે તેમાં પણ આ જ વાત છે કે ઈસ્લામનો દામન થામી રાખવો જરૂરી છે, દીનના ભોગે કહેવાતા એજ્યુકેટેડ (શિક્ષિત) બનવાથી ક઼ૌમને શો લાભ થવાનો છે ?!

### ★ આધુનિક એજ્યુકેશનનું ફળ શરાબ શબાબની રેવપાર્ટીઓ ! ★

એજ્યુકેશનના બહાને ઘરેથી નીકળનારા ઘણાખરા યુવાન યુવતીઓ મુક્ત વાતાવરણ મળતાં સ્વચ્છંદી બની જાય છે અને મોજ મજા તથા મનોરંજન તથા નાચકૂદના જલસા કરવા પ્રેરાયને એવી પાર્ટીઓમાં જાય છે જ્યાં ડાન્સ, નશો તથા વ્યભિચાર પણ થાય છે. મા બાપ જાણે કે બેટો કે બેટી કોલેજ કે ટ્યૂશને કે મિત્રને ત્યાં ગયાં છે, પણ અહીં તો પાર્ટીઓમાં મા બાપની આરઝૂઓનાં ખૂનો થતાં હોય છે ! મા બાપ જાણે કે ભણી ગણીને મારી ઔલાદ ઉચ્ચ સ્થાન મેળવે, તેમનું નામ કાઢે પણ તેને બદલે ઔલાદ તો અવળા રવાડે ચઢી ગઈ હોય છે. જો મા બાપ સાચી હક઼ીક઼ત જાણી લે તો તેમની છાતીના પાટીયાં જ બેસી જાય !

મહિના દોઢ મહિના પહેલાં અમદાવાદમાં શીલજ–થલતેજ તરફ એક ફાર્મહાઉસમાં કોઈએ આવી પાર્ટી રાખેલી અને પોલીસે દરોડો પાડેલો. હાલ ૨૫ જૂને મુંબઈ–પૂના રોડ પર કર્જત નજીક હોટલ વ્યુ માઉન્ટેનમાં "રેવ પાર્ટી" રાખવામાં આવેલી. આવી પાર્ટીઓમાં SMS થકી કે ફેસબુક દ્વારા આમંત્રણો

આ[illegible]વામાં આવેલાં. એન્ટ્રી ફી રૂા. ૧૦૦૦/– હતી. પાર્ટીમાં કાન તથા મગજ ફાટી જાય એવું લાઉડ ડાન્સ મ્યુઝીક, આછા અંધારા જેવી રોશની, હાથમાં સિગારેટ અને શરાબની બોટલ, રગોમાં દોડતુ એલએસડીનું ડ્રગ અને ઝુમતી કાયા ! ચરસ ગાંજાનો નશો તો રેવ પાર્ટીઓનું આકર્ષણ છે જ પણ બીજુ ખાસ આકર્ષણ છોકરાને છોકરીનું અને છોકરીને છોકરાનુ હોય છે !

આવી રેવપાર્ટીઓ પર પહેલાં પણ પોલીસના કેટલીક વાર દરોડા પડેલા જેમાં કોલેજનાં સ્ટુડન્ટ છોકરા છોકરીઓ પકડાયાં, સાથે કોલગર્લો પણ તથા વિદેશી દારૂ, કોન્ડમ તથા હેરોઈન, કોકીન, હશીશ વગેરે નશાકારક ડ્રગ્સ્ પણ પકડાયાં. આવી મોટામાં મોટી રેવ પાર્ટી ૪–૮–૨૦૧૦ના રોજ પૂનામાં થયેલી જેમાં ૨૫૪ છોકરા અને ૨૩૫ છોકરીઓ હતી, બધાને પોલીસે અટકાયતમાં લીધેલાં. *(ગુ. સ., ૧૨–૭–૨૦૧૧)*

આ રેવ પાર્ટીઓ ઉપરાંત અન્ય ડાન્સ પાર્ટીઓ તથા હરવા ફરવાના પ્રોગ્રામોમાં યુવાન યુવતીઓ ગર્લફ્રેન્ડ–બોયફ્રેન્ડ બનાવીને તેમની સંગાથે છૂટછાટથી ઘુમતાં રહે છે. હદ તો એ છે કે હાલમાં ૧૨મા ધોરણમાં ભણતી છોકરીઓ એક ઠેકાણે નશાની હાલતમાં સ્કૂલમાં પકડાઈ ! આ બધું પશ્ચિમી કલ્ચરનું આંધળુ અનુકરણ તથા ટી.વી.ની તા'લીમનું તથા મા બાપના અતિશય લાડ પ્યારનું પરિણામ છે. જેથી આવા ભયાનક માહોલમાં મા બાપોએ આ બાબતે ગંભીર બનીને પોતાની ઔલાદ આવા ખોટા માર્ગે જઈને બર્બાદ ન થઈ જાય તેના માટે શક્ય તે દેખરેખ રાખવી તથા તેને સહી માર્ગે રાખવા સતત પ્રયત્નો કરવા જોઈએ.

### ★ એજ્યુકેશન જરૂરી પણ સાથે દીન તથા અખ્લાક઼ પણ બચાવો ! ★

અમો યુવાન યુવતીઓના દુનિયવી એજ્યુકેશનના વિરોધી નથી, યક઼ીનન આપણી ક઼ૌમના યુવાનો યુવતીઓ ડોકટરો, એંજીનિયર, વૈજ્ઞાનિક વગેરે બને પણ તેનામાં ઈસ્લામી સહીહ અક઼ીદો તથા ઈસ્લામી અખ્લાક઼ બાકી રહે એ અનિવાર્ય છે, જો એ જ નહીં રહે તો તેનાથી ઈસ્લામને નુકસાન થશે કે ફાયદો ?! જેથી બાળકોની દીની સમજ બાકી રહે, પોતે મુસલમાન છે અને મુસલમાન મર્દ તથા ખાતૂન કેટલી ઈજ્જતદાર હોય છે તે સમજે, અલ્લાહ તથા રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّم ની અદબ તથા ખૌફે ખુદા દિલમાં હોવો જોઈએ, શરમ તથા હયાનું ઈસ્લામમાં શું મહત્વ છે, પરપુરૂષથી દૂર રહેવું તથા પર્દો કેટલો જરૂરી છે, અને તેના વિશે કુર્આન તથા હદીષમાં શું આદેશો આપણા ખાલિક઼ તથા માલિક અલ્લાહના તથા તેના પ્યારા મહબૂબ ﷺના છે....વગેરેની સમજ તેના દિલો દિમાગમાં બેસાડવામાં આવે. અને એના માટે અનિવાર્ય છે કે **તમારા ઘરનો માહોલ દીની માહોલ બનાવો ! જો તમે ઈસ્લામને જ ચાહો છો અને ચાહો છો કે તમારી ઔલાદ સાચા અર્થમાં મુસલમાન રહે તો ઘરમાંથી ઈસ્લામ વિરુદ્ધ થતાં કામોને જાકારો આપો ! નમાઝોની સૌ મર્દ ઔરત પાબંદી કરે, દીની મસાઈલની કિતાબો ઘરમાં રાખે, વાંચે, વંચાવે, તેની ચર્ચા કરે, ઘરમાં પણ પર્દાનો માહોલ બનાવે, ગૈર મર્દોની નજરોથી બચવા દરવાજે પર્દાની વ્યવસ્થા રાખે, ''સુન્ની દા'વતે ઈસ્લામી''ના ઔરતોના મર્દોના ઈજતેમાઓમાં તથા ઈમાન અને અખ્લાક઼ની તા'લીમ આપતા દીની જલસાઓમાં બાળકો સાથે હાજરી આપે, સુન્ની ઉલમાનાં ઈમાની અખ્લાક઼ી તા'લીમ આપતાં અસરકારક બયાનોની CD ઓ સાંભળે સંભળાવે તો જરૂર ઔલાદ નેક રાહે રહી શકે છે.** આપણી પ્યારી દીકરીઓને

જિન્સ, ટી શર્ટ કે શોર્ટ ટોપ..... વગેરે ઈસાઈ યહૂદીઓ જેવો નગ્નતા દર્શાવતો પોશાક પહેરવાની રજા ન આપો, બલ્કે આખી બાંયોવાળો ખુલતો ડ્રેસ જે પારદર્શક ન હોય જેથી અંગો જાહેર ન થાય અને વાળો, ગળુ, છાતી ઢંકાય તેવી ઓઢણીઓ અને ગૈરોની નજરોથી બચવા ચહેરો ઢાંકવા મહોબ્બતથી સમજાવો. હિદાયત આપનાર અલ્લાહ છે પણ ઘરવાળાંઓના પ્રયત્નો તથા તકેદારી પણ જરૂરી છે. નહીં કે તેણીને આઝાદ છોડી મૂકો અને ક્યાં જાય છે, આવે છે, કોને મળે છે, શું કરે છે, કાંઈ પરવા ન કરવામાં આવે ?! વળી કેટલાક યુવાનો પણ ફેશનમાં બેહયા ફાસિક઼ોની જેમ ચડ્ડા (હાફ પેન્ટ) પહેરીને ફરવાને ફખ્ર સમજે છે ! તો ખુદારા એ કામોથી દૂર રહી ઈસ્લામી અદબથી જીવે, મા બાપો તેમને મહોબ્બતથી ઈસ્લામી સુસંસ્કાર અપનાવવા સમજાવે.

**★ હે યુવાનો ! જો તમો અલ્લાહ વ રસૂલને ચાહો છો તો આટલુ માનો ! ★**

હે મુસ્લિમ યુવાનો યુવતીઓ ! તમો અલ્લાહનો શુક્ર અદા કરો કે તમને તે દીન મળ્યો છે કે જે અલ્લાહનો પસંદીદા દીન છે એટલે કે તમે ઈસ્લામના અનુયાયી છો. જ્યારે ઈસ્લામ પર ઈમાન ધરાવો છો તો ગૈરોની તરફ નજરો ન દોડાવો, ગૈરોનું અનુકરણ ન કરો બલ્કે અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ એ જે રીતે જીવન જીવવા આદેશો આપ્યા છે તેવી જીવનપદ્ધતિ અપનાવો. **અલ્લાહ તે છે કે જે તમને તમારાં મા બાપ કરતાંય અધિક ચાહે છે, અને રસૂલ તે છે કે જેમને પોતાના ઉમ્મતીને તકલીફ પડે એ જરાય પસંદ નથી. જેથી તેમના જે આદેશો છે તે તમારી ભલાઈના માટે જ છે,** એનાથી ઉલ્ટી જે વાતો હશે તે યક઼ીનન તમારી બર્બાદીની જ હશે, માટે ખુલૂસ દિલથી ઈમાન રાખી એ વાતોને અપનાવી લો.

રબ તઆલા કુર્આને પાકમાં ફર્માવે છે, **وَلَا تَقْرَبُوا الزِّنٰى اِنَّهٗ كَانَ فَاحِشَةً** "ઝિનાની નજીક પણ ન જાવ ! બેશક ! તે બેહયાઈ છે." *(પારા : ૧૫, સૂરએ બની ઈસ્રાઈલ, આયત : ૩૨)* **હે યુવાનો ! વિચારો ! રબ ખૂદ ચેતવણી આપે છે કે, "ઝિના-વ્યભિચારની નજીક પણ ન જાવ !" તો એમાં દુનિયા તથા આખેરતની કેટલી બર્બાદીઓ સમાયેલી હશે ?** માટે તમારી અક્કલને ઠેકાણે લાવો. ઝિના કરવાની વાત તો બહુ દૂરની છે ! અહીં તો નજીક પણ ન જાવ ! નો હુકમ છે. હવે વિચારો કે ઝિનાની નજીક જવું એટલે ગૈર મર્દ સ્ત્રીનું એકબીજાને જોવું, ઈશારા કરવા, હસવું, સ્પર્શવું, ફોન પર બિનજરૂરી તથા બિભત્સ વાતો કરવી વગેરે...... જેથી તમારી બુદ્ધિ ઠેકાણે હોય તો આ કામોથી અવશ્ય દૂર રહેશો.

તેમજ જેમની મહોબ્બત આપણામાં આપણી જાન કરતાં પણ વધુ હશે તો જ આપણે મો'મિન કહેવાશું ! તે રસૂલે પાક ﷺ જે કાંઈ ફર્માવે તેમની વાત તો સ્વીકારવી જ પડશે ને ! ફર્માવે છે, ઔરત (સ્ત્રી) **ઔરત** છે **એટલે કે પર્દામાં રાખવાની ચીજ છે,** જ્યારે તેણી બહાર નીકળે છે તો શૈતાન તે સ્ત્રીને તાકીને જુએ છે. એટલે કોઈ અજનબી (જેના પોતે મહરમ નથી તેવી) સ્ત્રીને જોવું "શૈતાની કૃત્ય" છે. *(તિર્મિઝી શરીફ)*

બીજી હદીષ સાંભળો ! હઝરત ઉમ્મે સલમહ رضی اللہ عنہا થી રિવાયત છે કે, હું અને હઝરત મૈમૂનહ હુઝૂરની ખિદમતમાં હાજર હતાં, એવામાં (એક નાબીના સહાબી) હઝરત ઈબ્ને ઉમ્મે મકતુમ رضی اللہ عنہ સામેથી હુઝૂરની ખિદમતમાં આવી રહ્યા હતા. તો સરકારે (અમને બંનેને) ફર્માવ્યું કે, પર્દો કરી લો ! (હઝરત ઉમ્મે સલમા ફર્માવે છે કે) મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ શું તે આંધળા નથી ? તે અમને

જોઈ શકશે નહીં. ફર્માવ્યું, શું તમે બંનેવ પણ નાબીના છો ? શું તમે નહીં જુઓ ! *(અહમદ, તિર્મિઝી, અબૂ દાઊદ)* એટલે કે,''પુરૂષે જેવી રીતે અજનબી ઔરતને જોવી જાઈઝ નથી એ જ રીતે સ્ત્રીએ અજનબી (નામહરમ) પુરૂષને જોવો પણ જાઈઝ નથી.''

એક હદીષમાં છે : હઝરત જરીર ઈબ્ને અબ્દુલ્લાહ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે મેં હુઝૂર صلی اللہ علیہ وسلم ને અચાનક નજર પડી જવા વિશે પૂછયું તો હુઝૂર صلی اللہ علیہ وسلم એ મને નજર ફેરવી લેવાનો હુકમ ફર્માવ્યો. *(મુસ્લિમ શરીફ)*

બીજી હદીષમાં છે : હઝરત બુરીદહ رضی اللہ عنہ એ કહ્યું કે, હુઝૂર صلی اللہ علیہ وسلم એ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ને ફર્માવ્યું કે, હે અલી ! (અજનબી ઔરત પર) એક નજર પછી બીજી નજર ન નાખો કે અચાનક પડી જનારી પ્રથમ નિગાહ તમારા માટે માફ છે, બીજી વખતે જોવું જાઈઝ નથી. *(તિર્મિઝી શરીફ)*

હઝરત ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂર علیہ السلام એ ફર્માવ્યું કે, કોઈ મર્દ કોઈ અજનબી ઔરત (જેનો પોતે મહરમ નથી તેવી દરેક સ્ત્રી)ની સાથે એકાંતમાં મળતો નથી, પરંતુ એ હાલતમાં કે ત્યાં બંને સિવાય ત્રીજો શૈતાન પણ હોય છે. *(તિર્મિઝી શરીફ)*

મારી બહેનો તથા ભાઈઓ ! સારાંશ કે પરપુરૂષનો સહવાશ તથા આ ગર્લફ્રેન્ડ–બોયફ્રેન્ડ બનાવવાળી વાત એ વ્યભિચારનું પ્રથમ પગથિયુ છે અને તમારી તબાહી તથા બર્બાદીનું દ્વાર છે. ઈસ્લામે એની ઈજાઝત નથી આપી. પર પુરૂષ પર સ્ત્રી એકબીજાને માટે નિકાહ વિના જોવા, સ્પર્શવા, એકાંતમાં મળવા માટે હરગિઝ હલાલ થશે નહીં.

### ★ નિકાહ વિના એકબીજાને જોનાર સ્પર્શનારનો અંજામ ! ★

હદીષે પાકમાં છે કે, ''જે ગૈર મેહરમ સ્ત્રીને જુએ તે આંખોમાં કાલે ક઼યામતના દિવસે આગના સળીયા નાખવામાં આવશે. તથા જે ગૈર મેહરમને જુએ અને જેના તરફ જોવામાં આવે બંને પર અલ્લાહની લઅનત છે.''

તેમજ ફર્માવ્યું, ''કોઈના માથામાં સોય ખોસવામાં આવે એ એનાથી બેહતર છે કે તે કોઈ એવી સ્ત્રીને સ્પર્શે જે એના માટે હલાલ નથી.'' *(તિબ્રાની તથા બયહક઼ી)*

એક ઠેકાણે ફર્માવ્યું, કોઈ ગૈર સ્ત્રીના ખભાથી ખભો લગાડવો એ એનાથી બુરુ છે કે તમે કોઈ ભૂંડ સાથે શરીર લગાડો. તેમજ એક હદીષ પાકમાં છે : ''જહન્નમમાં એક ભઠ્ઠી છે જે અંદરથી ખૂબ જ પહોળી અને ઉપરથી ખૂબ જ સાંકડી છે, તેમાં વ્યભિચારી સ્ત્રીઓ તથા પુરૂષોને નાખી દેવામાં આવશે તો તેઓ આગના ભડકાઓમાં બળતાં રહી ભઠ્ઠીના મુખ સુધી આવી જશે, પછી એકદમ તે ભડકાઓ હોલવાઈ જશે તો સૌ તળિયે ફેંકાઈ જશે.'' *(બુખારી, ૧/૧૮૫)*

મુસ્લિમ યુવાનો યુવતીઓ અલ્લાહ વ રસૂલના ફર્માનોને લક્ષમાં રાખે અને દુનિયાની બેઈજ્જતી તથા આખેરતના અઝાબથી બચવા માટે એજ્યુકેશનના ઓઠા હેઠળ સ્વચ્છંદતાભરી આવારા જિંદગીથી બચે અને ઈસ્લામી તૌર તરીક઼ાથી જીવન જીવીને બંને જહાનમાં ઈજ્જત પામે અને પોતાનાં મા બાપની આંખોની ઠંડક બને. અને જેમણે ભૂલથી ગલત કામો કર્યાં હોય તો આજથી સાચા દિલથી તૌબા કરી લે તો ખુદા જરૂર માફ કરી આપશે. કેમ કે હદીષે પાકમાં છે કે, ''અલ્લાહ તઆલા કોઈ બંદાના ગુનાહો પર પસ્તાવાને તથા શરમાવાને જુએ છે તો તેને બખ્શિશ માગતા પહેલાં બખ્શી આપે છે. *(મુકાશફતુલ કુલૂબ)*

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન



અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ આલિ ઈમરાનની તફસીર

هُنَالِكَ دَعَا زَكَرِيَّا
رَبَّهٗ ۚ قَالَ رَبِّ هَبْ لِیْ مِنْ لَّدُنْكَ ذُرِّیَّةً
طَیِّبَةً ۚ اِنَّكَ سَمِیْعُ الدُّعَآءِ ﴿۳۸﴾ فَنَادَتْهُ الْمَلٰٓئِكَةُ
وَهُوَ قَآئِمٌ یُّصَلِّیْ فِی الْمِحْرَابِ ۙ اَنَّ اللّٰهَ یُبَشِّرُكَ
بِیَحْیٰی مُصَدِّقًۢا بِكَلِمَةٍ مِّنَ اللّٰهِ وَسَیِّدًا وَّحَصُوْرًا
وَّنَبِیًّا مِّنَ الصّٰلِحِیْنَ ﴿۳۹﴾ قَالَ رَبِّ اَنّٰی یَكُوْنُ
لِیْ غُلٰمٌ وَّقَدْ بَلَغَنِیَ الْكِبَرُ وَامْرَاَتِیْ عَاقِرٌ ؕ
قَالَ كَذٰلِكَ اللّٰهُ یَفْعَلُ مَا یَشَآءُ ﴿۴۰﴾ قَالَ رَبِّ
اجْعَلْ لِّیْۤ اٰیَةً ؕ قَالَ اٰیَتُكَ اَلَّا تُكَلِّمَ النَّاسَ
ثَلٰثَةَ اَیَّامٍ اِلَّا رَمْزًا ؕ وَاذْكُرْ رَّبَّكَ كَثِیْرًا وَّ
سَبِّحْ بِالْعَشِیِّ وَالْاِبْكَارِ ﴿۴۱﴾ وَاِذْ قَالَتِ الْمَلٰٓئِكَةُ
یٰمَرْیَمُ اِنَّ اللّٰهَ اصْطَفٰىكِ وَطَهَّرَكِ وَاصْطَفٰىكِ
عَلٰی نِسَآءِ الْعٰلَمِیْنَ ﴿۴۲﴾ یٰمَرْیَمُ اقْنُتِیْ لِرَبِّكِ
وَاسْجُدِیْ وَارْكَعِیْ مَعَ الرّٰكِعِیْنَ ﴿۴۳﴾

### ત.....ર્જુ.....મો....

ત્યાં દુઆ માગી ઝકરિયાએ પોતાના રબથી[૩૯] અર્ઝ કરી, હે મારા રબ ! અતા ફર્માવ મને તારી પાસેથી પાકીઝા ઔલાદ, બેશક ! તું જ સાંભળનાર છે દુઆનો. પછી અવાજ આપ્યો તેમને ફરિશ્તાઓએ[૪૦] જયારે કે ઉભા રહી નમાઝ પઢી રહ્યા હતા (પોતાની) ઈબાદતગાહમાં કે બેશક ! અલ્લાહ તઆલા ખુશખબરી આપે છે તમને યહ્યાની જે તસ્દીક (સમર્થન) કરનાર હશે અલ્લાહ તઆલાના તરફથી એક ફર્માનની અને સરદાર હશે અને હમેશાં સ્ત્રીઓથી બચનાર. અને નબી થશે સાલેહીનમાંથી. ઝકરિયા કહેવા લાગ્યા, હે મારા રબ ! કઈ રીતે થશે મારે ત્યાં પુત્ર જયારે કે મને તો ઘડપણ આવી ગયું છે અને મારી પત્ની વાંઝણી છે ! ફર્માવ્યું, વાત એ જ પ્રમાણે છે (જેવી તમે કહી) પરંતુ અલ્લાહ કરે છે જે ચાહે છે. અર્ઝ કરી, હે મારા રબ ! નિશ્ચિત કરી આપ મારા માટે કોઈ નિશાની[૪૧]. ફર્માવ્યું, તમારી નિશાની એ છે કે ન વાત કરી શકશો લોકો સાથે ત્રણ દિવસ પણ ઈશારાથી. અને યાદ કરો તમારા પરવરદિગારને ખૂબ જ અને પાકી બયાન કરો (તેની) સાંજે તથા સવારે. અને જયારે કહ્યું ફરિશ્તાઓએ, હે મરયમ ! બેશક ! અલ્લાહ તઆલાએ ચૂંટી લીધાં છે[૪૨] તમને, અમે ખૂબ પાક કરી આપ્યાં છે અને પસંદ કર્યાં છે તમને સર્વ જહાંનની સ્ત્રીઓમાંથી. હે મરયમ ! ખુલૂસ સાથે ઈબાદત કરતાં રહો તમારા રબની[૪૩] અને સજદા કરો અને રુકૂઅ કર રુકૂઅ કરનારાઓ સાથે.

### તફસીર.........

૩૯. હઝરત ઝકરિયા علیہ السلام ની ઉમર ઘણી જ થઈ ચૂકી હતી પરંતુ ઔલાદ ન હતી. હઝરત મરયમના રાત દિવસ ઘણા જ ઈખ્લાસ સાથે ઈબાદતમાં વ્યસ્ત રહેવાના કારણે તેમના દિલમાં પણ ઔલાદની આરઝૂ જાગી ઉઠી અને અર્ઝ કરવા લાગ્યા, હે રબ ! ભલે હું વૃદ્ધ થઈ ચૂક્યો છું અને મારી પત્ની વાંઝણી થઈ ચૂકી છે અને ઔલાદ જન્મવાનો

સામાન્યતઃ સમય વહી ચૂક્યો છે, પરંતુ તું તે કરીમ તથા કાદિર છે જે આ બંધિયાર ઓરડામાં મરયમને વિના ઋતુના ફળો અર્પણ કરે છે. તારા કરમથી શું દૂર છે જો તું મને પણ નેક બખ્ત અને પાક ઔલાદ અતા ફર્માવી આપે ?! આ પરથી એ પણ જાણવા મળ્યું કે નેક ઔલાદ માટે દુઆ કરવી અંબિયાએ કિરામની સુન્નત છે. અને એ પણ જાણવા મળ્યું કે મુબારક મકાનમાં મુબારક સમયમાં કોઈ અલ્લાહના મહબૂબની પાસે ઉભા રહીને દુઆ કરવામાં આવે તેને અલ્લાહ તઆલા પોતાના ફઝ્લો કરમથી મંઝૂર ફર્માવી લેતો હોય છે.

**૪૦.** ફરિશ્તાઓના થકી હઝરત ઝકરિયાને તેમની દુઆની મકબૂલિયતની ખુશખબરી આપી દેવામાં આવી છે. બાળકનું નામ અને તેની ઈજ્જત તથા પાકબાઝીની ખબર પણ આપી દીધી અને સાથોસાથ એ પણ ઈર્શાદ ફર્માવી દેવામાં આવ્યો કે તે નબી થશે. **كلمة من الله** થી મુરાદ હઝરત ઈસા عليه السلام છે, કેમ કે તેમની વિના પિતાએ પયદાઈશ તેમના વિશે વિવિધ પ્રકારના આક્ષેપો ઘડાવાનો સબબ બનનાર હતી. એટલા માટે તેમની પાકદામની તથા પવિત્રતાને બયાન કરવાના માટે કુદરતે પહેલાંથી જ હઝરત યહ્યાને નિયુક્ત કરી આપ્યા. જેમની બુઝુર્ગી, પાકદામની તથા નબુવ્વત આખી કૌમને માન્ય હતી. ઈન્જીલમાં હઝરત યહ્યા عليه السلامને યુહન્ના કહેવામાં આવે છે, અને અંગ્રેજીમાં જોન (**John**) કહે છે.

**૪૧.** આ ગુઝારિશ કોઈ શંકાના કારણે ન હતી બલ્કે એટલા માટે હતી કે જે વખતે એ નેઅમતની પ્રાપ્તિ થાય એ જ વખતે સરે નિયાઝ શુક્રનો સજદો અદા કરવા માંડે અને ગર્ભ ઠહરવાની એ નિશાની ઠરાવવામાં આવી કે એ વખતે એમની જીભ ઝિક્રે ઈલાહી અને તસ્બીહ તથા તહલીલમાં ખોવાયેલી તો રહેશે પરંતુ લોકોની સાથે વાતચીત કરવાની શક્તિ એમનામાં બાકી રહેશે નહીં. *(રૂહુલ મઆની)*

**૪૨.** એટલે કે કુદરતી નિગાહે ઈન્તેખાબ (પસંદગીવાળી દૃષ્ટિ), બચપનમાં પણ મરયમને ચૂંટી લીધાં કે હઝરત ઝકરિયાની સરપરસ્તી અતા ફર્માવી, દિલમાં પોતાની યાદની લગન પૈદા ફર્માવી આપી, ગયબથી વિવિધ પ્રકારનાં ફળો મળવા લાગ્યાં, અને ફરિશ્તા તેણીની સાથે વાતચીત કરવા લાગ્યા. અને જ્યારે આપ યુવાનીના ઉંબરે પહોંચ્યાં તો અલ્લાહની રહમતે હઝરત ઈસા عليه السلام જેવા જલીલુકદર નબીનાં મા બનવાના માટે ચૂંટી લીધાં. એટલા માટે "ઈસ્તિફા"નો ઉલ્લેખ બે વાર આવ્યો અને "નિસાઉલ્ આલમીન"થી મુરાદ તેમના પોતાના સમયની સ્ત્રીઓ છે.

**૪૩.** જ્યારે અલ્લાહ તઆલા કોઈને પોતાની નેઅમતોથી સરફરાઝ ફર્માવે તો તેના માટે અનિવાર્ય બને છે કે તે એ ઈનામો માટે તેનો શુક્ર પણ અદા કરે. સજદાનો હુકમ પ્રથમ અને રુકૂઅનો બાદમાં થયો, જ્યારે કે રુકૂઅ સજદાથી પહેલાં હોય છે, તો એનું કારણ એ છે કે વાવ આતિફા તરતીબ માટે દલીલ પૂરી નથી પાડતી. એટલે કે એનાથી મઅતૂફ અલૈહનુ મઅતૂફ પર મુકદમ (અગ્રતા) હોવું જરૂરી નથી બનતુ.

### ★ જશ્ને સિદ્દીકે અકબર વ જશ્ને ઈમામે આ'ઝમ رضي الله عنهما ★

**દયાદરા** : ખાતે મુખ્તારુલ મસાજિદ ઉર્ફે નૂરાની મસ્જિદમાં ૨૨ જમાદિઉલ આખર જુમેરાતના રોજ અસરની નમાઝ બાદ, અંબિયા બાદ ઉમ્મતીઓમાં સૌથી અફઝલ, યારે ગારે નબી કરીમ ﷺના પ્રથમ ખલીફા હઝરત અબૂબક્ર સિદીક رضي الله عنهની યાદમાં **જશ્ને સિદ્દીકે અકબર** رضي الله عنه મનાવાયો જેમાં આલે રસૂલ ઔલાદે ગૌષે આ'ઝમ હઝરત મૌલાના સૈયદ અમીનઅલી કાદરી (નિગરાં સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. તેમજ ૨ શાબાન હિ.સ. ૧૪૩૨ના રોજ અસરની નમાઝ બાદ **ઈમામે આ'ઝમ અબૂ હનીફા** رضي الله عنهની યાદમાં શાનદાર જશ્ન મનાવાયો જેમાં હઝરત મૌલાના સાદિક સાબરી દહેગામીએ ઈમામે આ'ઝમની શાનમાં નૂરાની બયાન કરી આપની ખૂબીઓ વર્ણવી હતી. ફાતિહા, દુઆ, સલાતો સલામ બાદ ન્યાઝ તકસીમ થઈ હતી. *–નૂરી જલ્સા કમિટી વ સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)*

**હદીષ** : અબૂ ઉમામા બાહિલી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام ની ખિદમતમાં બે શખ્સોનો ઉલ્લેખ થયો. જેમાંથી એક આબિદ અને બીજો આલિમ છે[1]. તો હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું કે આલિમની આબિદ પર ફઝીલત એવી છે જેવી કે મારી ફઝીલત તમારામાંના અદના પર[2]. પછી રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે અલ્લાહ અને તેના ફરિશ્તા અને આસ્માનવાળા, ત્યાં સુધી કે કીડીઓ પોતાનાં દરોમાં અને માછલીઓ (પાણીમાં) સલાત (સલામતી તથા સલામતીની દુઆ) મોકલે છે લોકોને ઈલ્મે દીન શીખવનારાઓ પર[3]. એને તિર્મિઝીએ રિવાયત કરી. અને દારમીએ હઝરત મક્હૂલથી મુરસલન નક્લ કરી અને બે શખ્સોનો ઉલ્લેખ ન કર્યો અને ફર્માવ્યું કે આલિમની આબિદ પર ફઝીલત એવી છે જેવી મારી ફઝીલત તમારામાંના અદના શખ્સ પર. પછી આયત તિલાવત કરી કે, "અલ્લાહથી કેવળ ઉલમા જ ડરે છે." છેવટ સુધી.

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે લોકો તમારા તાબા હેઠળ છે[4] અને ઘણા લોકો આસપાસની ભૂમિથી તમારી પાસે દીની ફિક્હ શીખવા માટે તમારી પાસે આવશે. જ્યારે તેઓ આવે તો તેમને ભલાઈની વસિયત કરો[5]. (તિર્મિઝી)

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, ઈલ્મી વાત આલિમની ખોવાયેલી ચીજ છે જ્યાં પામે તે જ એનો હક્કદાર છે[6]. એને તિર્મિઝી તથા ઈબ્ને માજહએ રિવાયત કરી અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે અને ઈબ્રાહીમ ઈબ્ને ફઝ્લ હદીષના રાવીઓમાં ઝઈફ માનવામાં આવે છે[7].

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, એક ફકીહ શૈતાન પર હજાર આબિદો કરતાંય અધિક ભારે છે[8]. (તિર્મિઝી તથા ઈબ્ને માજહ)

## સ....મ....જૂ....તી....

**૧.** જાહેર એ છે કે એનાથી ખાસ વ્યક્તિ મુરાદ નથી બલ્કે સામાન્યપણે સવાલ છે એટલે જો બે માણસોમાંથી એક આલિમ અને એક આબિદ હોય તો દરજ્જો કોનો વધારે થશે, આલિમ તથા આબિદનો અર્થ અમો અગાઉ વર્ણવી ચૂક્યા છીએ.

**૨.** આ સરખામણી વર્ણનના અંદાઝ માટે છે ન કે બરાબરીના વર્ણન માટે છે, એટલે કે જે પ્રકારની બુઝુર્ગી મને સર્વ મુસ્લિમો પર હાંસલ છે એ પ્રકારની બુઝુર્ગી આલિમને આબિદ પર છે, એટલે કે દીની બુઝુર્ગી ન કે કેવળ દુનિયવી, જો કે આ બંનેવ બુઝુર્ગીઓમાં કરોડો ગણો ફરક છે. બાદશાહને પ્રજા પર સત્તાની, માલદારને ફકીર પર માલની, શક્તિવાનને લાચાર પર શક્તિની, હસીનને બદ્શકલ પર જમાલની બુઝુર્ગી (ઉચ્ચતા) હાંસલ છે, પણ આ બુઝુર્ગીઓ દુનિયવી તથા નાશવંત છે. નબીને મખ્લૂક પર દીની બુઝુર્ગી હાંસલ છે જે હમેશાં હમેશ સુધી કાયમ છે. એ જ પ્રમાણે આલિમને જાહિલ પર. આજે સિકંદર (એક સમયના મહાન રાજા)ને ફકીર પર

મુલ્કી બુઝુર્ગી નથી, પણ ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ ને સર્વ મુક઼લ્લિદો પર અનહદ અઝમત (ઉચ્ચતા) આજે પણ હાંસલ છે. યાદ રાખશો કે હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلم ને નબીઓ પર અલગ દરજાની બુઝુર્ગી હાંસલ છે અને સહાબા પર અલગ દરજાની, અવલિયા તથા ઉલમા પર અલગ દરજાની, પબ્લિક પર અલગ દરજાની. اَدْنَاكُمْ (અદનાકુમ)માં એ જ આખરી દરજાની તરફ નિર્દેશ છે. ફર્માવે છે : وَاحْشُرْ نِیْ فِیْ زُمْرَةِ الْمَسَاكِيْنَ રબ તઆલા ફર્માવે છે : مَثَلُ نُوْرِهٖ كَمِشْكٰوةٍ فِيْهَا مِصْبَاحٌ આ આયતમાં નૂરે ઈલાહીનું દષ્ટાંત ચિરાગના નૂર સાથે આપવામાં આવ્યું, જ્યારે કે એ નૂરને આ નૂર સાથે શું સંબંધ ?! એ જ પ્રમાણે આ પણ દષ્ટાંત સમજવા પૂરતુ છે.


૩. ફરિશ્તાઓથી અર્શ ઉઠાવનારા ફરિશ્તા અને અહલે સમાવાત (આસ્માનવાળાઓ)થી બાકીના ફરિશ્તા મુરાદ છે. અલ્લાહની સલાતથી તેની ખાસ રહમત અને મખ્લૂક઼ની સલાતથી ખાસ રહમતની દુઆ મુરાદ છે. નહીં તો સામાન્ય રહમતો તથા સામાન્ય દુઆઓ સર્વ મુસલમાનો માટે છે. રબ તઆલા ફર્માવે છે : هُوَالَّذِیْ يُصَلِّیْ عَلَيْكُمْ وَمَلَائِكَتُهٗ અને ફર્માવે છે : وَيَسْتَغْفِرُوْنَ لِلَّذِيْنَ اٰمَنُوْا ـ ـ ـ الخ જેથી આ હદીષ ન તો કુર્આનની વિરુદ્ધ છે, અને ન એનાથી એ લાઝિમ આવ્યું કે ઉલમા હુઝૂર علیہ الصلوٰۃ والسلام ના બરાબર થઈ જાય, કેમ કે અલ્લાહ હુઝૂર પર પણ સલાત મોકલે છે અને આલિમો ઉપર પણ.

૪. એમાં સંબોધન સહાબાને, ખાસ કરીને એમનામાંના ઉલમા પર છે. એટલે કે ક઼યામત સુધી મુસલમાન તમારા અખ્લાક઼, વાણી તથા વર્તનોની પયરવી (અનુસરણ) કરશે, કેમ કે તમે વિના વાસ્તા (ડાયરેક્ટ) મારાથી ફય્ઝ લીધો છે, શરીઅત મારા કથનો (અક઼વાલ) છે, તરીક઼ત મારા કાર્યો (અફઆલ), હક઼ીક઼ત મારા અહવાલ. તમે આ સર્વ તમારી આંખો વડે જોયું અને કાનો વડે સાંભળ્યું. યાદ રાખશો કે તાબઈ આ હદીષથી લેવામાં આવેલ છે, એટલે કે સહાબાના સંપૂર્ણપણે તાબેદારી કરનારા. *(મિર્ક઼ાત)*

૫. એટલે કે મોટા મોટા કામિલ લોકો તમારી શાગિર્દી કરવા મદીના મુનવ્વરા તરફ ખેંચાતા આવશે તો તેમને નિઃસંકોચ ઈલ્મ શિખવાડજો, અમલ પ્રતિ આકર્ષણ અપાવજો અથવા હું તમને તેમની ખિદમતની વસિયત કરું છું એનો સ્વીકાર કરી લો. પ્રથમ અર્થ "અશ્અહ"એ અને બીજો અર્થ મિર્ક઼ાતે લીધો. જાણવા મળ્યું કે દીની તલબાની ખિદમતો કરવી ખૂબ જ જરૂરી છે, કેમ કે તેઓ હુઝૂરના મહેમાન છે. એટલા માટે મોટા ભાગના ઉલમા પોતાના દીની શાગિર્દોની ખૂબ જ ખિદમત કરતા તથા કરાવતા હતા.

૬. એટલે કે સમજદાર માણસ જેની પાસેથી સારી દીની વાત સાંભળે એની પાસેથી લઈ લે, અને ન જુએ કે કોણ કહી રહ્યું છે, બલ્કે જુએ કે શું કહી રહેલ છે. જેમ કે આપણી ગુમ થયેલી ચીજ જેની પાસેથી મળે લઈ લેવામાં આવે છે, એવું નથી જોવામાં આવતું કે તે કોણ છે અને કેવો છે. યાદ રાખશો કે અહીં કલમાએ હિક્મતથી મુરાદ ઈસ્લામી તથા ફિક઼્હી મસ્અલો છે, એટલે જો દીનની વાત ફાસિક઼ માણસ કહી રહ્યો છે તેનો સ્વીકાર કરી લો, જેથી આ હદીષ એની વિરુદ્ધ નથી કે નબી علیہ الصلوٰۃ والسلام એ હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہ ને તૌરાત પઢવાથી મના ફર્માવી આપ્યું, કેમ કે તૌરાતના મન્સૂખ અહકામ હવે કલ્માએ હિક્મત હતા જ નહીં. એ જ પ્રમાણે હવે મુસલમાનોને કાફિરોની દીની કિતાબો જોવાની ઈજાઝત નથી કે એમની પાસે કલમએ હિક્મત છે જ નથી.

૭. હદીષ શૈતાનથી બચવાનો મહાન ઝરીયો છે. યાદ રાખશો કે અહીં "આલિમ"થી તે આલિમ મુરાદ છે જેના પર ફઝ્લ થયો એટલા માટે ફક઼ીહ ફર્માવવામાં આવ્યું આલિમ નથી ફર્માવવામાં આવ્યું, એટલે કે દીનની સાચી સમજ ધરાવનાર.



# શિફા શરીફ


**મૂળ લેખક :** ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

**ગુજરાતી અનુવાદક :** ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી (પાટડીવાળા)


વિભાગ : ૨

## નબી ﷺનાં મુબારક નામો

રહ્યો નબી કરીમ ﷺનો મુબારક ઈર્શાદ કે :–

**اَنَا الْحَاشِرُ الَّذِیْ یُحْشَرُ النَّاسُ عَلٰی قَدَمِیْ**

"હું હાશિર છું કે લોકોનો હશર મારા કદમો પર થશે." આનાથી મુરાદ એ છે કે મારા જમાનામાં અને મારા યુગમાં તેમનો હશ્ર થશે કે મારા પછી કોઈ નબી નથી. જેવો કે અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : "મુહમ્મદ તમારા પુરૂષોમાં કોઈના બાપ નથી. હા! અલ્લાહના રસૂલ છે અને બધા નબીઓમાં છેલ્લા." *(સૂરએ અહઝાબ, આયત : ૩૯)*

એ માટે નબુવ્વતના સિલસિલાની છેલ્લી કડી આપ છે. તમામ અંબિયાએ કિરામ પછી આવવાના કારણે આપનું નામ "આકિબ" પણ થયું કેમ કે આપે જાતે ફર્માવ્યું છે કે, "મારા પછી કોઈ નબી નથી." એ પણ કહેવામાં આવ્યું કે આપનો ઈર્શાદ "અલ કદમી"થી મુરાદ છે કે લોકોને મારા સામે કયામતના દિવસે જીવંત કરવામાં આવશે. જેવો કે ઈર્શાદે રબ્બાની છે : "જેથી તમે લોકો પર સાક્ષી છો અને રસૂલ તમારા રક્ષક અને સાક્ષી." *(સૂરએ હજ્જ, આયત : ૭૮)*

એ પણ કહેવામાં આવ્યું છે કે **عَلٰی قَدَمِیْ** (અલા કદમી)નો અર્થ એ છે કે મારા નક્શે કદમ પર તેમનો હશ્ર થશે, એટલે કયામતના દિવસે સૌ પ્રથમ હું કબ્રે અન્વરથી બહાર નીકળીશ ત્યારબાદ તમામ ઈન્સાન ઉઠીને આવશે. ખુદાનો ઈર્શાદ છે, "તેમનો તેમના રબની પાસે સત્યનો મકામ છે." એ પણ કહેવામાં આવ્યું છે કે **عَلٰی قَدَمِیْ** (અલા કદમી)નો અર્થ એ છે કે મારી આસપાસ તેમનો હશ્ર થશે. એટલે કયામતના દિવસે મારી તરફ એકત્ર કરી દેવામાં આવશે. **عَلٰی قَدَمِیْ** (અલા કદમી)નો એક અર્થ એ બતાવવામાં આવ્યો છે કે મારા તરીકા પર. રહ્યું આ ફર્માને રિસાલત કે, "મારાં પાંચ નામ છે." તો એ કારણથી ફર્માવ્યું કે પાછળની કિતાબોમાં આપના પાંચ મુબારક નામો જે ઉપર લખેલાં છે અને આગલી ઉમ્મતોના ઉલ્મામાં મશહૂર હતાં. નહીં તો સરવરે કોનો મકાં ﷺએ તો એ પણ ફર્માવ્યું છે કે, "મારાં દસ નામ છે." અને તેમાં આપે "તાહા" અને "યાસીન"નો ઉલ્લેખ પણ કરેલ છે. આ વાત ઈમામ મક્કી رحمۃ اللہ علیہએ કરી છે. કેટલાક તફસીરકારોમાં "તાહા"નો મતલબ "યા તાહિર" અથવા "હાદી" બતાવવામાં આવ્યો છે અને યાસીનની તફસીરમાં કહેવામાં આવ્યું છે કે આનાથી મુરાદ "યા સૈયદ" છે. સલ્લમા رحمۃ اللہ علیہ આ કથનની વાત ઈમામ વાસેતી અને ઈમામ જાફર બિન મુહમ્મદ رحمۃ اللہ علیہથી કરી છે.

સલ્લમા رحمۃ اللہ علیہ સિવાય બીજા કોઈએ ઝિક્ર કર્યું છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મારાં દસ નામો છે, પાંચ તો તે જ બતાવ્યાં જેનો પહેલાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. બીજા પાંચ આ બતાવ્યાં :–

(૧) **રસૂલુર્રહમત** : એટલે પયગંબરે રહમત જે જગતના માટે રહમત બલ્કે જાને રહમત બનીને આવ્યા. (૨) **રસૂલુર્રાહત** : અલ્લાહની મખ્લૂકને રાહત પહોંચાડનાર રસૂલ. (૩) **રસૂલુલ્મલાહિમ** : તે રસૂલ જેને તલવાર આપીને જેહાદની પરવાનગી ફર્માવી હોય. (૪) **મુકફ્ફી** : જેની તશરીફ આવરી (ભવ્ય આગમન)થી અંબિયાએ કિરામના આગમનનો ક્રમ સમાપ્ત થઈ ગયો. (૫) **કય્યિમુ** : જે ખુદાની મખ્લૂકની તમામ વિશિષ્ટતાઓનો સંગ્રહ હોય.

કાઝી અયાઝ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે મેં આ રિવાયતમાં "કય્યિમુ" જે જોયું છે. પરંતુ તેની રિવાયત કરી નથી કેમ કે મારા નજીક યોગ્ય "ق"ની સાથે (یાની જગ્યાએ) છે એટલે قَثَمْ જેવું કે અમે હર્બી رحمۃ اللہ علیہના હવાલાથી ઝિક્ર કર્યું છે. અને આ શબ્દ તફસીરના સાથે વધારે મળતાપણુ ધરાવે છે. કેમ કે અંબિયાએ કિરામની

કિતાબો (પાછળની કિતાબો)માં એ પણ આવેલું છે કે હઝરત દાઊદ عليه السلامએ બારગાહે ખુદાવંદીમાં આ દુઆ કરી હતી : હે અલ્લાહ ! અમારા માટે મુહમ્મદ ﷺને મોકલ જેઓ ફતૂત એટલે અંબિયાએ કિરામના આગમન બંધ થયા પછી સુન્નત પર સુન્નત કાયમ કરવાવાળા છે, જેથી કુય્યિમુના અર્થમાં પણ હોવું શક્ય છે. (ﷺ)

નક્કાશ رحمة الله عليهએ રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કુર્આને કરીમમાં મારાં સાત નામ આવેલા છે : (૧) મુહમ્મદ (૨) અહમદ (૩) યાસીન (૪) તાહા (૫) મુદષ્ષિર (૬) મુઝમ્મિલ (૭) અબ્દુલ્લાહ. (ﷺ) હઝરત જુબૈર બિન મુત્અમ رضي الله عنهની રિવાયતમાં છનું ઝિક્ર છે : (૧) મુહમ્મદ (૨) અહમદ (૩) ખાતિમ (૪) આકિબ (૫) હાશિર (૬) માહી. (ﷺ) હઝરત અબૂ મૂસા અશ્અરી رضي الله عنه (વફાત : હિ.સ. ૪૪, ઈ.સ. ૬૬૪)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ આપણને પોતાના ઘણા મુબારક નામો બતાવ્યા કરતા હતા. આપે એ પણ બતાવ્યું કે હું : (૧) મુહમ્મદ (૨) અહમદ (૩) મુકફ્ફી (૪) હાશિર (૫) નબીઉત્તવબહ (૬) નબીઉલ્મુલ્હિમહ (૭) નબી ઉર્રહમત છું. એક રિવાયતમાં નબીઉલમર્હમહ, નબીઉર્રહમહ અને નબીઉર્રાહત પણ આવેલું છે, અને ઈન્શાઅલ્લાહ ! આ બધા સહીહ છે.

મુકફ્ફીનો અર્થ આકિબ એટલે સૌથી પાછળ આવવાવાળો છે. બાકી રહ્યાં નબીઉલમર્હમહ, નબીઉત્તૌબહ, નબીઉર્રહમહ, અને નબીઉર્રાહત તો આ વિશે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું છે : "અમે તમને બધાય જગત માટે રહમત બનાવીને મોકલ્યા છે." *(સૂરએ અંબિયા, આયત : ૧૦૭)* અને આ રીતે અલ્લાહ તઆલાએ પ્રશંસામાં ફર્માવ્યું, "અને તેમને પાક કરે છે અને તેમને કિતાબ તેમજ હિક્મત શિખવાડે છે." *(સૂરએ આલે ઈમ્રાન, આયત : ૧૬૪)* પછી આ પણ ફર્માવ્યું, "અને તેમને સીધો માર્ગ દેખાડે છે." *(સૂરએ માઈદાહ, આયત : ૧૬)*

એક સ્થળે આ પણ ફર્માવ્યું છે : "બેશક ! તમારી પાસે પધાર્યા તમારામાંથી રસૂલ જેમના પર તમારું તકલીફમાં પડવું ભારે (અગમ્ય) છે. તમારી ભલાઈના ખૂબ ચાહક, મુસલમાનો પર અતિશય મહેરબાન છે." *(સૂરએ તૌબા, આયત : ૧૨૮)*

અલ્લાહ તઆલાએ ઉમ્મતે મુહમ્મદિયાની પ્રશંસામાં ફર્માવ્યું છે કે, આ ઉમ્મતે મર્હૂમા છે, જેવું કે આ ઉમ્મતની પ્રશંસા કરતાં ફર્માવ્યું છે : "અને તેમણે પરસ્પર સબ્રની વસિય્યતો કરી અને પરસ્પર મહેરબાનીની વસિયતો કરી." *(સૂરએ બલદ, આયત નં. ૧૭)*

મર્હમતથી મુરાદ એ છે કે મુસ્તફાના ગુલામો એકબીજા પર મહેરબાન છે કેમ કે સરવરે કોનો મકાં ﷺને તેમના રબ તઆલાએ ઉમ્મતના માટે રહમત અને તમામ જહાં (દુનિયા)ના વાસ્તે પણ રહમત બનાવ્યા છે અને આપની ઉમ્મતને પણ ઉમ્મતે મર્હૂમા (મહેરબાનીવાળી ઉમ્મત) બનાવી અને કરમના સાથે તેની પ્રશંસા કરી છે. અને રસૂલુલ્લાહ ﷺએ પણ તેઓને એકબીજા પર રહમ કરવાનો હુકમ જારી કર્યો છે અને રહમ કરવાવાળાની પ્રશંસા કરતાં ફર્માવ્યું છે કે, બેશક ! અલ્લાહ તઆલા પોતાના બંદાને પસંદ કરે છે જેઓ બીજા પર રહમ કરે છે. આપે એ પણ ફર્માવ્યું છે કે રહમાન પણ રહમ કરવાવાળા પર રહમ ફર્માવે છે. તમે જમીનવાળા પર રહમ કરો આસમાનવાળો તમારા પર રહમ કરશે.

રિવાયતમાં જે આપનું મુબારક નામ "નબિય્યુલ મુલ્હિમત" આવ્યું છે તે એ તરફ ઈશારો છે કે ફખ્રે દો આલમ ﷺને જેહાદ અને તલવારના સાથે મોકલવામાં આવ્યા છે. આ સહીહ હદીષમાં છે : હઝરત હુઝૈફા رضي الله عنهએ પણ હઝરત અબૂ મૂસા અશ્અરી رضي الله عنهની જેમ રિવાયત કરી છે. તેમની હદીષમાં નબિય્યુર્રહમત, નબિય્યુતવબહ અને નબિય્યુલ્મલાહિમ છે. હરબી رحمة الله عليهએ પોતાની હદીષમાં રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે મારા પાસે એક ફરિશ્તો આવ્યો અને તેણે કહ્યું કે આપ કુષમ છો એટલે વિશિષ્ટતાઓનો સંગ્રહ. એક કથન એ છે કે કુષમથી મુરાદ નેકીઓ એકઠી કરનાર છે. આપનું આ મુબારક નામ, અહલે બયતે અત્હારની જાણમાં અને તેમનામાં પ્રખ્યાત હતું. કાઝી અયાઝ رحمة الله عليه ફર્માવે છે કે જે નબીનાં નામો અમે વર્ણવ્યાં છે તેના સિવાય કેટલાય આપના અલ્કાબ અને ખૂબીઓ કુર્આન કરીમમાં આવેલ છે : નૂર, સિરાજે મુનીર, મુન્ઝિર, નઝીર, મુબશ્શિર,

બશીર, શાહિદ, શહીદ, અલ્હક્કુલ્મુબીન, ખાતમુન્નબીય્યીન, અર્રઉફુર્રહીમ, અલ્અમીન, કદમુસ્સિદક, રહ્મતુલ્ લીલ્ આલમીન, નિઅમતુલ્લાહ, અલ્ઉરવતુલ્વુષ્કા, સિરાતલ્મુસ્તકીમ, નજમુષ્ષાકિબ, અલ્કરીમ, અન્નબીય્યુલ ઉમ્મી, દાઈયુલ્લાહ.... વગેરે. આમાંથી પુષ્કળ ખૂબીઓ તથા મહાન નિશાનીઓ તે પણ છે જે અલ્લાહ તઆલાની પહેલી કિતાબોમાં, તેમના અંબિયાની કિતાબો અને રસૂલોની હદીષોમાં મૌજૂદ છે.

નબી કરીમ صلی اللہ علیہ وسلمના ઉપનામથી ઉમ્મતે મુહમ્મદિયાની ઝબાનો પર કેટલાક નામો ખૂબ ચડેલાં છે જેવાં કે, મુસ્તફા, મુજતબા, અબુલ કાસિમ, હબીબ, રસૂલે રબ્બુલ આલમીન, શફીઅ, મુશફ્ફઅ, મુત્તકી, મુસલેહ, ઝાહિર, મુહય્મિન, સાદિક, મસદૂક, હાદી, સૈયદ વુલ્દે આદમ, સૈયદુલ મુરસલીન, ઈમામુલ મુત્તકીન, કાઈદુલ્ગુર્રલ્ મુહજલીન, હબીબુલ્લાહ, ખલીલુર્રહમાન, સાહિબુલ્હૌઝલ્મવરૂદ, સાહિબુશ્શફાઅત, સાહિબે મકામે મહમૂદ, સાહિબે અલ્વસીલત વલ્ફદીલત, વદર્રજતર્રફીઅત, સાહિબુત્તાજિ વલ્મેઅરાજિ, વલ્લવાઈ વલ્કઝીબ, રાકિબુલ્બુર્રાક, વન્નાકતિ, વન્નજીબ, સાહિબુલ્હુજ્જત, અસ્સુલતાનુલખાતિમ, અલ્અલામુતુલ્બુરહાન, સાહિબુલ્હરાવતુ વન્નઅલૈન વગેરે.

પાછલી કિતાબોમાં આપનાં જે મુબારક નામોનો ઉલ્લેખ છે તે આ છે : અલ્મુતવક્કિલ, અલ્મુખ્તાર, મુકીમસ્સુન્નતુલ્મુકદ્દસ, રૂહુલ કુદ્દસ. અને ઈંજીલમાં ફારકલીત આવ્યું છે. તેનો અર્થ એ જ (રૂહુલ હક્ક) છે. ષઅલબ કહે છે કે ફારકલીત એ છે જે હક્ક અને બાતિલ વચ્ચે ફર્ક કરી દે છે. પહેલી કિતાબોમાં આપના એક પવિત્ર નામ "માઝ માઝ"નો પણ ઉલ્લેખ છે જેનો અર્થ તૈયબ (પવિત્ર) તૈયિબ (પ્રસન્નતા) છે. આ સિવાય હમતાયા, અલ્ખાતિમ, અલ્હાતિમનો પણ ઉલ્લેખ થયેલ છે. કઅબ અહબાર رضی اللہ عنہએ વાત કરી છે કે ખાતિમ તે હોય છે જે નબુવ્વતના ક્રમને સમાપ્ત કરી દે અને ખાતિમથી એ મુરાદ છે કે તમામ અંબિયાથી રૂપ અને સંસ્કારમાં શ્રેષ્ઠ. સૂર્યાની ભાષામાં આપનું નામ મુશફ્ફહ અને મુન્હમન્ના પણ આવેલ છે. અને તવરાતમાં અહીદુ આવેલ છે. (صلی اللہ علیہ وسلم)

ઈમામ ઈબ્ને સીરીન رحمۃ اللہ علیہથી રિવાયત કરવામાં આવી છે કે સાહિબે કઝીબનો અર્થ સાહિબે સયફ છે. ઈંજીલમાં સ્પષ્ટ રીતે આવેલ છે કે આ (નબી આખિરુઝ્ઝમાં)ના સાથે તલવાર પણ હશે જેના વડે તેઓ જેહાદ કરશે અને તેની ઉમ્મત પણ જેહાદ કરશે. એ પણ સંભાવના છે કે કઝીબથી મુરાદ છરી હોય જે આપના મુબારક હાથમાં રહેતી હતી અને આજકાલ ખલીફાઓના ખજાનામાં છે.

હરાવહથી મુરાદ શબ્દકોશ પ્રમાણે તો લાઠી છે જેના સાથે આપની પ્રશંસા કરવામાં આવી છે અને મારી ધારણા છે કે તેનાથી મુરાદ તે લાઠી છે જેની ચર્ચા હદીષે હૌઝમાં છે કે હું પોતાની લાઠીના સાથે યમામાવાળાને પોતાના હૌઝથી ભગાડીશ. (કેમ કે તેઓએ મુસૈલમો કઝ્ઝાબને નબી માન્યો હતો.) (વલ્લાહુ તઆલા અઅ્લમ)

તાજથી મુરાદ અમામો છે. તે સમયમાં અમામો અરબના સિવાય કોઈ જગ્યાએ જ ન હતી અને અમામો અરબનો તાજ છે. આ સિવાય આપના ઉચ્ચ ગુણો અને લકબ અને નિશાનીઓ[૧] કિતાબોમાં અસંખ્ય ઉલ્લેખ છે. પરંતુ જેની અમે ચર્ચા કરી છે તે મહોબ્બતવાળાના માટે પૂરતી છે. અને અબુલ કાસિમ આપની પ્રખ્યાત કુન્નિયત છે પરંતુ હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે જ્યારે આપના ફરઝંદ હઝરત ઈબ્રાહીમ علیہ السلامનો જન્મ થયો તો હઝરત જિબ્રઈલ علیہ السلامઆપની બારગાહમાં હાજર થયા અને આ રીતે સલામ અર્ઝ કરી, અસ્સલામુ અલૈક યા અબા ઈબ્રાહીમ.

*૧. આ સૈકાના મહાન આલિમે રબ્બાની અલ્લામા યૂસુફ બિન ઈસ્માઈલ નબહાની رحمۃ اللہ علیہ (વિસાલ : હિ.સ. ૧૩૫૦, ઈ.સ. ૧૯૩૧)એ નબી صلی اللہ علیہ وسلمના નામ વિશે ફર્માવ્યું છે : ફકીર યૂસુફ બિન ઈસ્માઈલ નબહાની અફલ્લાહુ અન્હુ કહે છે કે સંશોધન કરવાથી મેં નબી કરીમ صلی اللہ علیہ وسلمનાં આઠસો વીસથી કેટલાંક વધુ મુબારક નામો જાણ્યાં છે જેને મેં એક કસીદામાં એકત્ર કરેલ છે. જેનું નામ "અહસનુલ વસાઈલ ફી અસ્માઉન્નબી અલ્કામિલ" છે. તેના પછી મેં તેમને ગદ્યમાં અલગ શિષ્ટાચારના માટે લખ્યાં છે અને સાથે કેટલાક જરૂરી અને યોગ્ય વિવરણ પણ કરી દીધાં છે. ઉપરોક્ત મુબારક નામો સંબંધીના ફાયદાઓ એક અલગ કિતાબમાં પૂર્ણપણે લખેલ છે. (જવાહિરલ્બિહાર, ઉર્દૂ જિલ્દ અવ્વલ, પેજ : ૧૬૬)*

# હ઼દાઈક઼ે બખ્શિશ

**અઝ**

**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہ

**અનુવાદક તથા રૂપાંતરકર્તા**

**મૌલાના સાદિક઼ સાબરી દહેગામી**

**બંદા મિલનેકો ક઼રીબે હઝરતે ક઼ાદિર ગયા**
**લમ્અએ બાતિનમેં ગુમને જલ્વએ ઝાહિર ગયા**

*(બંદા = પ્યારા નબી, હઝરત = નજીક, ક઼ાદિર = ખુદાનુ સિફતી નામ, લમ્અએ બાતિન = ગુપ્ત, પ્રકાશ, ગુમને = ગુમ થવા)*

**અર્થ :** ખુદાના ખાસ બંદા હુઝૂર પુરનૂર ﷺ ખુદાએ ક઼ાદિરની બારગાહમાં ગયા એટલે કે જાહેર જલ્વો ગુપ્ત નૂરમાં ગુમ થવા ગયો. આ શેઅરમાં મેઅરાજનું વર્ણન છે કે પ્યારા આક઼ા علیہ الصلوٰۃ والسلام મેઅરાજની રાત્રે ખુદાની પાસે ગયા, જેવું કે કુર્આને પાકમાં છે : "પછી હુઝૂર નજીક થયા અને એટલા નજીક થયા કે બે કમાનોથી પણ ઓછુ અંતર રહી ગયું." *(પારા : ૨૭, સૂરએ નજમ)*

અને હુઝૂર પુરનૂર ﷺ ખુદાના દીદારમાં ગુમ થઈ ગયા. જેવું કે હદીષોમાં છે : "મેં મારા રબનો દીદાર કર્યો." *(મિશ્કાત, ખસાઈસે કુબ્રા)*

**તેરી મરઝી પા ગયા સૂરજ ફિરા ઉલ્ટે ક઼દમ**
**તેરી ઉંગલી ઉઠ ગઈ મહ કા કલેજા ચિર ગયા**

*(તેરી મરઝી = તમારી ઈચ્છા, પા ગયા = જણાઈ ગઈ, ઉલ્ટે ક઼દમ = પાછા પગે, મહ = ચાંદ)*

**અર્થ :** હે મુખ્તારે કાઈનાત નબી ! ﷺ આપની ઈચ્છા જણાઈ ગઈ કે તરત જ ડૂબેલ સૂરજ પાછા પગે પાછો નીકળ્યો અને આપની આંગળીનો ઈશારો થયો કે ચાંદ પોતે ટુકડા થઈ ગયો. આ શેઅરમાં બે મો'જિઝાનું વર્ણન કરવામાં આવ્યું છે :–

**(૧) ડૂબેલા સૂરજનું પાછુ ફરવું :** જેવું કે કિતાબોથી સાબિત છે કે હુઝૂર ﷺ અસરની નમાઝ પછી હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની ગોદમાં માથુ મૂકી વિસામો લઈ રહ્યા હતા અને હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની નમાઝ બાકી હતી, અને સૂર્ય ડૂબી ગયો. નમાઝ ક઼ઝા થવાના ગમમાં હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم રડી પડયા અને હુઝૂર علیہ الصلوٰۃ والسلام ની મુબારક આંખો ખુલી. આપે પૂછયું, અલી શા માટે રડો છો ?! આપે અર્ઝ કરી, હુઝૂર ! ﷺ મારી અસરની નમાઝ ક઼ઝા થઈ ગઈ છે ! હુઝૂરે ખુદાની બારગાહમાં અર્ઝ કરી, "મૌલા ! અલી તારી ઈતાઅતમાં હતા." એટલામાં ડૂબેલ સૂરજ પાછો નીકળ્યો અને હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ અસરની નમાઝ અદા પઢી. *(નસીમુર્રિયાઝ, શિફા શરીફ, મવાહિબે લદુન્નિયા, મક઼ાસિદે હુસ્ના, રદ્દુલ મુહતાર, શરફે શિફા, તહતાવી)*

**(૨) ચંદ્રના ટુકડા થવા :** જેનું બયાન કુર્આન શરીફમાં છે, "ક઼યામત નજીક થઈ અને ચાંદ ટુકડા થયો." *(પારા : ૨૭, સૂરએ ક઼મર, આયત : ૧)*

અને બુખારી તથા મુસ્લિમ શરીફ તથા હદીષોની ઘણી બધી કિતાબોમાં આ મો'જિઝાનું વિગતવાર બયાન છે કે કુફ્ફારે મક્કાના કહેવા પર હબીબ યમનીએ હુઝૂર ﷺ ની બારગાહમાં અર્ઝ કરી કે જો આપ નબી હોય તો ચાંદના ટુકડા કરી આપો ! આપે આંગળી ઉઠાવીને ચાંદના બે ટુકડા થઈ ગયા.

**બઢ્હ ચલી તેરી ઝિયા અંધેર આલમ સે ઘટા**
**ખુલ ગયા ગેસૂ તેરા રહમત કા બાદલ ઘિર ગયા**

*(બઢ્હ ચલી = વધતી ગઈ, ઝિયા = રોશની, અંધેર = અંધાર્યા, આલમ = દુનિયા, ઘટા = ઓછુ થયું, ગેસૂ = ઝુલ્ફ મુબારક)*

**અર્થ :** હે નૂરે ખુદા, પ્યારા નબી ! ﷺ આપનું

નૂર દુનિયામાં ફેલાય ગયું છે, જેના કારણે દુનિયામાં કુફ્ર અને ગુમરાહીનું અંધારું ભાગી રહ્યું છે અને જ્યારે આપની ઝુલ્ફો ખુલે છે તો રહમતના વાદળ છવાય જાય છે.

હઝરત આમેના رضی اللہ عنہا ફર્માવે છે કે, જ્યારે હુઝૂર علیہ الصلوٰۃ والسلام મારા ઘેર પધાર્યા (જન્મ્યા) તો પૂર્વથી પશ્ચિમ સુધી નૂર ફેલાઈ ગયું અને તેના પ્રકાશથી મેં શામના મહેલો જોઈ લીધા.

**બંધ ગઈ તેરી હવા સાવા મેં ખાક ઉળને લગી**
**બળ્હ ચલી તેરી ઝિયા આતિશ પે પાની ફિર ગયા**

*(બંધ ગઈ તેરી હવા = જ્યારે આપની ધાક બેસવા લાગી, સાવા = એક દરિયાનું નામ જેની પૂજા કરવામાં આવતી હતી, ખાક = માટી, આતિશ = આગ, પાની ફિર ગયા = ઓલવાઈ ગઈ)*

**અર્થ** : હુઝૂર علیہ الصلوٰۃ والسلامની પયદાઈશ થઈ તો આપનો રૂઆબ અને દબદબો એવો જામી ગયો કે દરિયાએ સાવા કે જેની પૂજા કરવામાં આવતી હતી તે સૂકાઈ ગયો અને ધૂળ ઉડવા માંડી. અને જ્યાં વર્ષોથી આગની પૂજા કરવામાં આવતી હતી હુઝૂર علیہ الصلوٰۃ والسلامના નૂરના આગમનથી તે આગ પર પાણી ફરી વળ્યું અને તે બુઝાઈ ગઈ.

આ શેઅરમાં હુઝૂર ﷺની પયદાઈશની બરકતથી જોવા મળેલ આશ્ચર્યચકિત બનાવ તરફ ઈશારો કરવામાં આવ્યો છે. જેવું કે હદીષમાં છે. ઈમામ બયહક઼ી, અબૂ નુઐમ, ઈબ્ને અસાકિર વગેરેએ રિવાયત નક઼લ કરી છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامની પયદાઈશની રાત્રે કિસરાના મહેલોમાં ભૂકંપ આવ્યો, તેના ૧૪ કાંગરા તૂટી ગયા, અને ફારસની આગ બુઝાઈ ગઈ કે જે વર્ષોથી સળગી રહી હતી, સાવા દરિયો સૂકાઈ ગયો (જેની પૂજા કરવામાં આવતી હતી). અર્થાત કે જૂઠા મઅબૂદોની તબાહી થઈ ગઈ.

**તેરી રહમત સે સફીયુલ્લાહ કા બેળા પાર થા**
**તેરે સદકે સે નજીયુલ્લાહ કા બજરા તિર ગયા**

*(સફીયુલ્લાહ = હઝરત આદમ علیہ السلام, બેળા = હોડી, કામ્યાબી, નજીયુલ્લાહ = હઝરત નૂહ علیہ السلام, બજરા = હોડી)*

**અર્થ** : યા રસૂલલ્લાહ ! ﷺ આપની રહમતના વસીલાથી જ હઝરત આદમ علیہ السلامની તકલીફો દૂર થઈ અને તૌબા ક઼બૂલ થઈ અને આપના સદક઼ામાં ઈતિહાસના સૌથી મોટા તોફાન અને પુરમાં હઝરત નૂહ علیہ السلامની હોડી તરવા લાગી અને ડૂબવાથી બચી ગઈ.

અહીંયાં બે જ પયગંબરોનો ઝિક્ર કરવામાં આવ્યો છે જેમને હુઝૂર ﷺનો વસીલો કામ લાગ્યો. આમ તો દરેક પયગંબરને હુઝૂર ﷺનો વસીલો કામ લાગ્યો. હદીષ શરીફમાં છે કે હઝરત આદમ علیہ السلام ૩૫૦ વર્ષો સુધી રડતા રહ્યા પછી આપે દુઆ ફર્માવી, હે અલ્લાહ ! عزوجل હું તારા ખાસ બંદા મુહમ્મદ ﷺના સદક઼ામાં મગફિરત ચાહું છું. (તબ્રાની) તો આપની દુઆ ક઼બૂલ થઈ. હઝરત નૂહ علیہ السلامની હોડી છ મહિના સુધી પાણીમાં તરતી રહી, છેવટે જૂદી પહાડ પર ઉભી થઈ ગઈ અને ડૂબવાથી બચી ગઈ. આ નજાત પણ હુઝૂર علیہ الصلوٰۃ والسلامના સદક઼ામાં મળી. *(શર્હે મવાહિબ)*

અલ્લામા ઝુર્કાની શર્હે મવાહિબમાં લખે છે કે જ્યારે નૂહ علیہ السلام હોડી બનાવવા લાગ્યા તો ખુદાનું ફર્માન થયું કે ૧૧૨૦ પાટીયાંથી બનાવો અને દરેક પાટીયા પર એક એક નબીનું નામ લખો. તો હઝરત નૂહ علیہ السلامએ એ જ પ્રમાણે કર્યું અને દરેક પાટીયા પર નબીનાં નામ લખ્યાં, પરંતુ જ્યારે સવાર થઈ તો બધાં જ નામો ભૂસાઈ ગયાં. ફરી બીજી વખતે નામ લખ્યાં, પરંતુ સવારે તે પણ ભૂસાઈ ગયાં. આપ પરેશાન થયા કે રોજની મહેનત બેકાર જાય છે. તો ખુદા પાકે હુકમ આપ્યો, હે નૂહ ! એ બધા નામોની શરૂઆતમાં મારું નામ અને છેલ્લે મારા હબીબનું નામ લખો જેથી નામો ભૂસાય નહીં ! જ્યારે હઝરત નૂહ علیہ السلامએ પહેલાં ખુદાનુ નામ પછી નબીઓનાં નામો અને છેવટમાં પ્યારા નબી علیہ الصلوٰۃ والسلامનું નામ લખ્યું તો ફરિશ્તાઓ પોકારી ઉઠયા, હે નૂહ ! હવે તમારી હોડી મુકમ્મલ થઈ. *(શર્હે મવાહિબ, ભાગ : ૧)*

**તેરી આમદ થી કે બૈતુલ્લાહ મુજરે કો ઝુકા**
**તેરી હૈબત થી કે હર બુત થર થરાકર ગિર ગયા**

*(બૈતુલ્લાહ = કા'બા શરીફ, મુજરા = સલામી, અદબ, હૈબત = ડર, બુત = મૂર્તિ, આમદ = આગમન)*

**અર્થ** : યા રસૂલલ્લાહ ! ﷺ આપ જ્યારે ધરતી પર પધાર્યા તો કા'બા શરીફ આપની સલામી અને અદબ માટે ઝુકી ગયો અને આપની હૈબતથી કા'બામાં મૂકેલ બૂતો (મૂર્તિઓ) ધ્રુજીને ગબડી પડયાં. આ શેઅરમાં પણ હુઝૂર علیہ الصلوٰۃ والسلامની પયદાઈશના સમયે થયેલ મો'જિઝાનું વર્ણન છે. જેવું કે હદીષ શરીફમાં છે કે હુઝૂર ﷺના દાદા હઝરત અબ્દુલ મુત્તલિબ ફર્માવે છે કે, હું હુઝૂર (ﷺ)ની પયદાઈશ વખતે કા'બા શરીફનો તવાફ કરી રહ્યો હતો તો કા'બા શરીફ ઝુકી પડયો અને હુઝૂરના ઘર તરફ સજદો કર્યો અને મેં જોયું કે અચાનક ! મૂર્તિઓ પોતાના સ્થાનેથી નીચે પડી ગઈ અને સજદો કર્યો. *(નુઝહતુલ મજાલિસ, પેજ : ૧૦૦, સીરતે હલબિયા, ભાગ : ૧, પેજ : ૧૧૪, ખસાઈસે સુગરા)*

**મો'મિન ઉનકા ક્યા હુવા અલ્લાહ ઉસકા હો ગયા**
**કાફિર ઉનસે ક્યા ફિરા અલ્લાહ હી સે ફિર ગયા**

*(મો'મિન = ઈમાનવાળો, કાફિર = ઈન્કાર કરનાર, ગુસ્તાખ)*

**અર્થ** : જ્યારે મો'મિન બંદો હુઝૂર علیہ الصلوٰۃ والسلامની મહોબ્બત અને ઈતાઅતથી હુઝૂર ﷺનો થઈ જાય છે તો અલ્લાહ તે મો'મિન બંદાનો થઈ જાય છે. જેવું કે કુર્આન શરીફમાં છે, "હે મહબૂબ ! ફર્માવી દો કે જો તમે મારી પૈરવી કરશો તો અલ્લાહ તમારાથી મહોબ્બત કરશે." (પારા : ૩, રુકૂઅ : ૧૨) અને જે હુઝૂર علیہ الصلوٰۃ والسلامનો મુન્કિર થઈ આપથી મોઢું ફેરવી લે છે તે હુઝૂર ﷺથી જ મોઢું નથી ફેરવતો બલ્કે ખુદાથી જ મોઢું ફેરવી લે છે. અર્થ એ કે જે હુઝૂર ﷺનો મુન્કિર છે તે ખુદાનો મુન્કિર છે.

**વો કે ઉસ દરકા હુવા ખલ્કે ખુદા ઉસકી હૂઈ**
**વો કે ઉસ દરસે ફિરા અલ્લાહ ઉસસે ફિર ગયા**

*(વો = તે, કે (ફારસી) = જે, દર = હુઝૂર ﷺની બારગાહ, ખલ્કે ખુદા = ખુદાની મખ્લૂક, ફિરા = ભાગ્યો)*

**અર્થ** : જે વ્યક્તિ હુઝૂર علیہ الصلوٰۃ والسلامની બારગાહનો ગુલામ થઈ ગયો, ખુદાની મખ્લૂક તેની થઈ ગઈ અને જેણે હુઝૂર ﷺની બારગાહથી મોઢું ફેરવી લીધું અલ્લાહ તઆલા તેની તરફથી પોતાની રહમતો ભરી નજર ઉઠાવી લેશે. અર્થાત કે જે હુઝૂર ﷺનો છે આખી દુનિયા તેની છે અને જે રસૂલ ﷺનો નથી ખુદા પાક પણ તેનો નથી.

*કી મુહમ્મદસે વફા તૂને તો હમ તેરે હૈં*
*યે જહાં ચીઝ હૈ ક્યા લોહો કલમ તેરે હૈં*
*–(ડૉ. ઈકબાલ)*

**મુઝ કો દીવાના બતાતે હો, મૈં વો હુશયાર હૂં !**
**પાઉં જબ તૌફે હરમ મેં થક ગએ સર ફિર ગયા**

*(દીવાના = પાગલ, હુશયાર = હોશિયાર, બુદ્ધિમાન, તૌફે હરમ = હરમનો તવાફ, સર = માથુ)*

**અર્થ** : મને હુઝૂર علیہ الصلوٰۃ والسلامની બારગાહમાં દીવાનાવાર ફરતો જોઈને પાગલ સમજો છો, પરંતુ હું તો હોશિયાર છું કે હુઝૂર ﷺની બારગાહના ચક્કર લગાડતાં પગ થાકી જાય છે તો માથાથી ચાલુ છું. ખૂદ ફર્માવે છે :–

*હરમ કી ઝમીં ઔર કદમ રખકે ચલના*
*અરે સર કા મૌકા હૈ અય જાનેવાલે*

**રહમતુલ્ લિલ્ આલમીન આફતમેં હૂં કૈસી કરું**
**મેરે મૌલા મૈં તો ઈસ દિલસે બલામેં ઘિર ગયા**

*(રહ્મતુલ લિલ્ આલમીન = કાઈનાત માટે રહમત એક માત્ર હુઝૂર ﷺનો લકબ, કૈસી કરું = કેવી રીતે દૂર કરું, શું કરું)*

**અર્થ** : હે રહમતે આલમીન ! હું મુસીબતોમાં ફસાઈ ગયો છું ! તેમાંથી નીકળવા શું કરું ? મારા આકા ! હું મારા નફસથી બલામાં ઘેરાય ગયો છું કે તે મને આપનાથી અલગ કરવા માંગે છે.

**મૈં તેરે હાથોં કે સદકે કૈસી કંકરિયા થીં વો**
**જિન સે ઈતને કાફિરોં કા દફઅતન મુંહ ફિર ગયા**

*(મૈં તેરે હાથોં કે સદકે = હું આપના હાથોની અઝમત પર કુર્બાન જાઉં, કંકરિયા = કાંકરીઓ, નાના પથ્થર, ઈતને = એટલા બધા, દફઅતન = એકદમ, તુરત)*

**અર્થ** : હે મારા આકા ! ﷺ હું આપના મુબારક હાથો પર કુર્બાન થઈ જાઉં કે આપના હાથોએ જ્યારે કાફિરો પર કાંકરીઓ ફેંકી તો તેઓ આંધળા થઈ ગયા અને આપથી મોઢું ફરી ગયું. આ શેઅરમાં હુઝૂર علیہ الصلوٰۃ والسلامના મહાન મો'જિઝા તરફ ઈશારો કરવામાં આવ્યો જે સીરતની ઘણી બધી કિતાબોમાં જોવા મળે છે.

જ્યારે હિજરતની રાત્રે કાફિરોએ આપના ઘરનો ઘેરાવ કરી લીધો કે હુઝૂર ﷺને કતલ કરી દે. તે સમયે સરકાર ﷺએ હઝરત અલી علیہ الصلوٰۃ والسلامને પોતાની પથારી પર સૂવડાવી એક મુઠ્ઠી લઈ કાફિર પર નાખી દીધી જેના કારણે કાફિરો આંખો હોવા છતાં જોઈ ન શક્યા અને હુઝૂર ﷺ તેમની સામેથી પસાર થઈ ગયા. એવી જ રીતે જંગે બદર અને હુનૈનમાં પણ આપે કાફિરો પર કાંકરીઓ ફેંકી તો તેઓ મોઢું ફેરવીને ભાગી ગયા.

**ક્યૂં જનાબે બૂ હુરૈરા થા વો કૈસા જામે શીર**
**જિસ સે સત્તર સાહિબોં કા દૂધ સે મુંહ ફિર ગયા**

*(બૂ હુરૈરહ્ = એક સહાબીનુ ઉપનામ, જામે શીર = દૂધનો પ્યાલો, સત્તર = સિત્તેર, ૭૦, સાહિબો = સહાબા, મુંહ ફિર ગયા = પેટ ભરાઈ ગયું)*

**અર્થ** : જનાબ અબૂ હુરૈરહ્ ! رضی اللہ عنہ તે દૂધનો પ્યાલો કેવો હતો કે એક પ્યાલાથી સિત્તેર સહાબાએ પેટ ભરીને દૂધ પી લીધું. આ શેઅરમાં હુઝૂર ﷺના એક મો'જિઝા તરફ ઈશારો છે. જેવું કે હદીષમાં છે કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે હું ભૂખના કારણે પેટ પર પથ્થર બાંધતો હતો. એક દિવસ હું જાહેર રસ્તા પર બેઠો તો હઝરત અબૂબક્ર સિદ્દીક્ رضی اللہ عنہ તશરીફ લાવ્યા. મેં તેમને કુર્આન મજીદની એક આયત વિશે પૂછયું. મેં એટલા માટે જ પૂછયું કે તેઓ મને પોતાના ઘરે લઈ જાય અને ખવડાવે, પરંતુ તેઓ ચાલ્યા ગયા. થોડીકવાર પછી હઝરત ઉમર ફારૂક્ رضی اللہ عنہ મારી પાસેથી ગુજર્યા, મેં તેમને પણ આયત વિશે પૂછયું અને પૂછવાનું કારણ તે જ હતું, પરંતુ તે પણ ચાલ્યા ગયા ! તેઓ બાદ હુઝૂર علیہ الصلوٰۃ والسلام તશરીફ લાવ્યા. આપે મને જોયો અને મારી હાલત જાણી મુસ્કુરાયા અને તેઓ મને પોતાની સાથે ઘરે લઈ ગયા. મેં ત્યાં એક દૂધનો પ્યાલો જોયો. હુઝૂર ﷺએ ઘરમાં પૂછયું, આ દૂધનો પ્યાલો ક્યાંથી આવ્યો છે ? જવાબ મળ્યો કે ફલાણાએ આપને હદિયો મોકલ્યો છે. હુઝૂરે ફર્માવ્યું, અબૂ હુરૈરહ્ ! અસ્હાબે સુફફાને મારી પાસે લઈ આવો ! અસ્હાબે સુફફા તે સહાબાએ કિરામ હતા જેમની પાસે મકાન દૌલત કશું જ ન હતું. જ્યારે હુઝૂર علیہ الصلوٰۃ والسلام પાસે કોઈ વસ્તુ આવતી તો હુઝૂર તેમને આપી દેતા. મારા દિલમાં ખયાલ આવ્યો કે એક પ્યાલો દૂધ અસ્હાબે સુફફાને શું કામ આવશે ?! હુ ઈચ્છતો હતો કે દૂધ મને મળી જાય ! જેથી મારા શરીરમાં કાંઈક શક્તિ આવે. પરંતુ હુઝૂર ﷺનો હુકમ હતો એટલે હું બોલાવી લાવ્યો. (તેઓ ૭૦ હતા). હુઝૂરે મને હુકમ આપ્યો કે અબૂ હુરૈરહ્ ! પ્યાલો તે લોકોને આપી દો ! મેં એક વ્યક્તિને આપ્યો તેમણે દૂધ પીધું એટલે સુધી કે પેટ ભરાઈ ગયું. તેણે મને પ્યાલો પાછો આપ્યો. એવી જ રીતે એક પછી એક બધાએ જ પેટ ભરી દૂધ પી લીધું. તો હુઝૂર ﷺએ પ્યાલો પોતાના મુબારક હાથમાં લીધો અને મારી તરફ જોઈ હસ્યા અને ફર્માવ્યું, અબૂ હુરૈરહ્ ! હું અને તમે બાકી રહી ગયા છીએ, મેં અર્ઝ કરી, હુઝૂર ! આપે સાચુ ફર્માવ્યું. આપે હુકમ આપ્યો, બેસી જાવ અને પીઓ ! તો મેં દૂધ પીધું. ફર્માવ્યું, હજુ પીઓ ! મેં પાછુ પીધું. આપ લગાતાર એવું કહેતા રહ્યા કે હજુ પીઓ ! અને હું પીતો રહ્યો. મેં અર્ઝ કરી, કસમ છે તે ઝાતની જેણે આપને હક્ક સાથે મોકલ્યા, હવે બિલ્કુલ જગ્યા નથી ! અને તે પ્યાલો મેં હુઝૂર ﷺને પેશ કર્યો તો આપે અલ્લાહની હમ્દ કરી અને બિસ્મિલ્લાહ પઢી બચેલુ દૂધ પી ગયા. *(બુખારી શરીફ)*

**વાસ્તા પ્યારે કા ઐસા હો જો સુન્ની મરે**
**યૂં ન ફર્માએ તેરે શાહિદ કે વો ફાજિર ગયા**

*(વાસ્તા પ્યારે કા = ખુદાના પ્યારા હબીબનો વાસ્તો, ઐસા હો = એવું જ થાય, જો સુન્ની મરે = જે પણ સુન્ની મૃત્યુ*

*પામે, શાહિદ = ગવાહ, હાજર, ફાજિર = ગુનેહગાર)*

**અર્થ :** હે ખુદા ! તારા હબીબ ﷺના સદકામાં એવું કરી દે કે જે પણ સુન્ની દુનિયાથી જાય તે નેક બનીને જાય કે કોઈ કલ્મએ શહાદત પઢનાર એવું ન કહે કે જુએ તે ગુનેહગાર મર્યો !

**અર્શ પર ધૂમેં મચેં વો મો'મિને સાલેહ મિલા**
**ફર્શ સે માતમ ઉઠે વો તૈય્યિબો તાહિર ગયા**

*(ધૂમેં મચેં = ધૂમધામ થાય, સાલેહ = નેક, માતમ ઉઠે = અફસોસ કરે, તૈયિબો તાહિર = પાક સાફ)*

**અર્થ :** હે ખુદા ! જ્યારે સુન્ની મૃત્યુ પામે અને તેની રૂહ અર્શ પર પહોંચે તો તે જોઈને અર્શવાળા ધૂમ મચાવે કે દુનિયાથી નેક મો'મિન આવ્યો છે અને જમીન તેના જવા પર અફસોસ કરે કે એક પાક સાફ ઝાત જતી રહી.

હદીષ શરીફમાં છે કે જ્યારે મો'મિન મૃત્યુ પામે છે તો કબ્રસ્તાન પોતાને સજાવી લે છે અને દરેક હિસ્સો તમન્ના કરે છે કે તે મારી અંદર દફન થાય. *(ઈબ્ને અસાકિર)*

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે મો'મિનના મૃત્યુ પર ચાલીસ દિવસ સુધી જમીન રૂદન કરે છે. *(હાકિમ)*

આ'લા હઝરત رحمۃ اللہ علیہએ બંને શેઅરોમાં સુન્નીઓ માટે ભલાઈની દુઆ ફર્માવી છે, ખુદા આપને બેહતર બદલો આપે. (આમીન)

**અલ્લાહ અલ્લાહ યે ઉલુવ્વે ખાસે અબ્દિયત "રઝા"**
**બંદા મિલને કો કરીબે હઝરતે કાદિર ગયા**

*(ઉલૂ = ઊંચાઈ, ખાસે અબ્દિયત = ખાસ બંદો)*

**અર્થ :** હે રઝા ! સુબ્હાનલ્લાહ ! અલ્લાહ તઆલાએ હુઝૂર علیہ الصلوٰۃ والسلامને પોતાના ખાસ બંદા થવાની કેવી ઉચ્ચતા આપી કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام ઝાતે કિબ્રિયાની બારગાહમાં તે ઝાતના દીદાર માટે પહોંચ્યા જેનો દીદાર કોઈને નસીબ થયો નથી. આ શેઅરમાં હુઝૂર ﷺના ખાસ બંદા હોવા પર કુર્આનની આ આયતે કરીમા તરફ ઈશારો કર્યો છે : "પાક છે તે ઝાત જે પોતાના ખાસ બંદાને લઈ ગઈ રાતોરાત મસ્જિદે હરામથી મસ્જિદે અક્સા સુધી." *(પારા : ૧૫, આયત : ૧)*

**ઠોકરેં ખાતે ફિરોગે ઉનકે દર પર પળ રહો**
**કાફિલા તો અય "રઝા" અવ્વલ ગયા આખિર ગયા**

*(ઠોકરેં ખાતે ફિરોગે = ભટક્તા ફરશો, પળ રહો = પડી રહો, વસવાટ કરી લો, કાફિલા = મુસાફિર સાથીઓની ટોળકી)*

**અર્થ :** હે રઝા ! હુઝૂર علیہ الصلوٰۃ والسلامની બારગાહમાં વસવાટ કરી લો, આ બારગાહ છોડશો તો ભટક્તા ફરશો ! કાફલા તો આવે છે અને જતા રહે છે પરંતુ તમે અહીંયાં પડી રહો.

### ★ દરબારે ખ્વાજામાં ખિદમતની તક ! ★

અલ્હમ્દુલિલ્લાહ ! **"સુન્ની દા'વતે ઈસ્લામી"** થકી દર વરસની જેમ ચાલુ સાલે ઉર્સે ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہના મોકા પર ઝાઈરીનની ભીડનું નિયંત્રણ કરવામાં આવ્યું તેમજ તેમના સમક્ષ નઅતે પાક, મન્કબત, તકરીર વગેરેના પ્રોગ્રામો પેશ થયા હતા. હિંદના વિવિધ રાજ્યો ગુજરાત, મહારાષ્ટ્ર, આંધ્ર પ્રદેશ, રાજસ્થાન, કર્નાટક વગેરેમાંથી લગભગ ૪૦૦ મુબલ્લિગો વિવિધ સ્થળે સેવામાં હતા. અકબરી મસ્જિદ ખાતે ખાસ ઉર્સના દિવસોમાં મગરિબ, ઈશા તથા ફજર બાદ દર્સ, નઅત, બયાનો થતાં હતાં. ૫મીએ હઝરત મૌલાના સૈયદ અમીનઅલી કાદરી (નિગરાં સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ) અને છટ્ઠી શરીફે અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવીનાં લાજવાબ બયાનો થયાં તથા અલ્હાજ કારી રિઝવાનખાં સાહબે નઅતો મન્કબતો પેશ કરી પબ્લિકની અકીદતોમાં ઉમેરો કરી આપ્યો હતો, ઉપરાંત બીમારોને હોસ્પિટલે પહોંચાડવા, ત્યાં સેવાચાકરી કરવી, મૈયત થાય તેને ગુસ્લ આપવું વગેરે કામો સુન્ની દા'વતે ઈસ્લામીના મુબલ્લિગોએ અંજામ આપ્યાં. નવા વિશ્રામ સ્થળ પર ૧૧૦ મુબલ્લિગો ખિદમતમાં હતા અને ગરીબનવાઝ મહેમાનખાનાનું સંચાલન કમિટીએ સુન્ની દા'વતે ઈસ્લામીના મુબલ્લિગોને સોંપેલું ત્યાં પણ દર નમાઝ બાદ ઈજતેમા થતા હતા અને રાત્રે મોટો ઈજતેમા થતો. *(રજૂકર્તા : હાફિઝ અબ્દુર્રહીમ ભોલાવવાળા–ભરૂચ)*

# અવલિયા અલ્લાહની કરામતો

અઝ : **અબુલ ક઼ાસિમ અબ્દુલકરીમ બિન હવાઝિન કુશૈરી** رحمۃ اللہ علیہ

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી**
*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ સર્વ માછલીઓનાં મોઢામાં ઝવેરાત ! ★

ઝુન્નૂન મિસ્રી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે એકવાર હું નાવડીમાં હતો તો કોઈનો ધાબળો ચોરાઈ ગયો, લોકોએ એક શખ્સ પર ચોરીનો આક્ષેપ લગાડયો. મેં કહ્યું, મને એની સાથે નમ્રતાપૂર્વક વાત કરી લેવા દો. તે નવયુવાન ચાદર ઓઢીને સૂતેલો હતો. તેણે પોતાનું માથુ ચાદરમાંથી કાઢયું. ઝુન્નૂને તેને ચોરીના વિશે પૂછયું, તેણે મને કહ્યું કે, શું તું એવું કહે છે કે ચોરી મેં કરી છે ? યા ઈલાહી ! હું તને કસમ આપું છું કે જેટલા પ્રમાણમાં પણ માછલીઓ છે સર્વ ઝવેરાત (હીરા, મોતી) લઈને આવી જાય ! ઝુન્નૂન કહે છે કે અમે જોયું કે સમંદરની સપાટી પર સૌ માછલીઓ જ માછલીઓ હતી અને તેમના મોઢામાં ઝવેરાત હતાં. ત્યારબાદ તે શખ્સે પોતે સમંદરમાં કુદકો માર્યો અને કિનારે પહોંચી ગયો. *(રિસાલએ કુશૈરિયહ)*

## ★ ઈબ્રાહીમ ખવાસ رحمۃ اللہ علیہની કરામત ★

ઈબ્રાહીમ ખવાસ વર્ણવે છે કે એકવાર હું જંગલમાં ગયો તો મેં એક ઈસાઈને જોયો કે તેની કમરમાં જનોઈ છે. એણે મને દરખાસ્ત કરી કે હું તેને મારી સાથે રહેવા દઉં. અમે સાત દિવસ સુધી ચાલતા રહ્યા. ત્યારબાદ કહેવા લાગ્યો, હે મુસલમાન ધર્મગુરૂ ! મને ભૂખ લાગી છે, હવે જો તમારી પાસે કોઈ કરામત છે તો રજૂ કરો. મેં કહ્યું, હે ખુદા ! મને આ કાફિરની સમક્ષ બેઈજ્જત ન કરતો ! અચાનક એક તબાક઼ જેના પર રોટી, શેકેલો ગોશ્ત, તાજી ખજૂરો અને પાણીનો એક કૂજો જાહેર થયો. અમે ખાધુ અને પીધુ અને ફરી સાત દિવસ સુધી ચાલતા રહ્યા, ત્યારબાદ મેં પહેલ કરી અને કહ્યું, હે ઈસાઈઓના પાદરી ! હવે જે તમારી પાસે છે તે તમે રજૂ કરો ! કેમ કે હવે તમારી વારી છે. તેણે પોતાની લાઠી પર સહારો લઈને દુઆ કરી તો બે તબાક઼ આવી ગયા જેના પર મારા તબાક઼ કરતાં બમણી ચીજો હતી. ખવાસ કહે છે કે મને આશ્ચર્ય થયું અને મારો રંગ બદલાઈ ગયો અને મેં ખાવાથી ઈન્કાર કરી આપ્યો. તેણે આગ્રહ કર્યો છતાં હું ન માન્યો. તેણે કહ્યું, ખાવ ! હું તમને બે ખુશખબરી સંભળાવું છું ! પ્રથમ એ કે હું મુસલમાન છું, અને કલ્મએ શહાદત પઢીને તેણે જનોઈ કાઢી નાખી, અને બીજી ખુશખબરી એ છે કે, મેં જે દુઆ માંગી હતી તેમાં એવું કહ્યું હતું કે યા ઈલાહી ! જો તારા ત્યાં આ શખ્સની કોઈ કદર તથા મર્તબો છે તો મારા માટે ગૈબથી કાંઈક આપી દે, જેથી આ ચીજો આપવામાં આવી. ખવાસ કહે છે કે અમે ખાઈને ફરી ચાલી નીકળ્યા. તેણે હજજ અદા કરી અને એક વરસ સુધી મક્કામાં રહ્યો, ત્યારબાદ તે મૃત્યુ પામ્યો અને તેને બતહામાં દફન કરવામાં આવ્યો.

## ★ બે આબિદોની બરકત ★

મુહમ્મદ બિન મુબારક સૂરી رحمۃ اللہ علیہ કહે છે કે બયતુલ મુક઼દસ જતાં હું ઈબ્રાહીમ બિન અદહમ رحمۃ اللہ علیہની સાથે હતો. અમે ક઼યલૂલા (બપોરના આરામ) વખતે દાડમના ઝાડની નીચે પડાવ નાખ્યો અને થોડીક રકાતો પઢી. ત્યારબાદ દાડમના ઝાડના મૂળમાંથી મને એક અવાજ સંભળાયો કે, હે અબૂ ઈસ્હાક઼ ! મહેરબાની કરીને મારુ થોડુક ફળ ખાઈ લો ! આ સાંભળીને ઈબ્રાહીમે પોતાનુ માથુ નીચે કરી લીધું. એ અવાજે એ જ વાત ત્રણવાર કરી. પછી કહ્યું, હે મુહમ્મદ ! મારી સિફારિશ કરો જેથી એઓ મારું થોડુક ફળ ખાઈ લે. એના પર મેં કહ્યું, હે અબૂ ઈસ્હાક ! તમે સાંભળી રહ્યા છો ?! જેથી આપે ઉઠીને બે દાડમ લીધાં, એક પોતે ખાધુ અને એક મને આપ્યું. મેં ખાધુ તો તે દાડમ ખાટુ હતું અને એ કદમાં નાનુ હતું. પાછા ફરતી વેળા ત્યાંથી પસાર થયા તો જોયું કે તે એક ઊંચુ ઝાડ હતું અને તેનાં ફળ મીઠાં હતાં ! અને વરસમાં બે વાર ફળ આવતાં હતાં. લોકો તેને રુમ્માનુલ આબિદીન (બે આબિદોનું દાડમ) કહેતા અને આબિદ લોકો તેના છાયામાં પનાહ લેતા. *(રિસાલા કુશૈરિયહ)*

# કન્ઝુલ ઈમાન — એક અજોડ તર્જુમાએ કુર્આન !


અઝ : **હઝરત મુફ્તી મુઝમ્મિલ બરકાતી**
(સદર મુફ્તી દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

:: અનુવાદક ::
**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**


હપ્તો : છેલ્લો

*આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ એ કરેલ કુર્આન શરીફના અજોડ તર્જુમા* **"કન્ઝુલ ઈમાન"** *ને પ્રસિદ્ધ થવાને ૧૦૦ વર્ષ થતાં સુન્ની જગતે એની શતાબ્દીમાં આ તર્જુમાની ખૂબીઓ પર લેખો પ્રદર્શિત કર્યા તથા જલ્સા યોજયા હતા. આપણે પણ "બરકાતે ખ્વાજા" (માસિક)ના વાંચકોની માલૂમાત માટે પ્રસ્તુત લેખ રજૂ કરીને બારગાહે આ'લા હઝરતમાં ખિરાજે અક઼ીદત પેશ કરીએ છીએ. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### ★ આશ્ચર્યજનક કુર્આની સમજ ★

ઈલ્મવાળાઓ એ હક઼ીક઼તથી સારી રીતે વાકેફ છે કે શબ્દકોશની કિતાબોથી કુર્આનના અર્થોને સમજવામાં મદદ મળે છે, એના સંબોધનની ભાળ મળે છે, વિવિધ સેગાઓ (સૂચનાત્મક સંકેતો)ના અસલી અક્ષરોની ઓળખ થાય છે. એક અનુવાદકના માટે કેવળ શબ્દકોશની કિતાબો પર ગહરી નજર હોવી અને શબ્દોના વિવિધ અર્થો એના દિમાગમાં મેહફૂઝ હોવા પૂરતા નથી, કુર્આની આયતોનો અનુવાદ કરવા માટે કેવળ એટલુ બસ નથી બલ્કે એની સાથોસાથ કુર્આનની મુરાદ (હેતુ) અને તેના સહીહ અર્થો સમજી શકવાની ખૂબી અને કુર્આની આયતોની પરિભાષા (ઈસ્તિલાહાત) સમજવી અનિવાર્ય છે, જેના થકી તે વિવિધ આયતો અથવા એક જ આયતમાં આવનાર મુકર્રર (વારંવાર આવતા) શબ્દનો જ્યારે તર્જુમો કરે છે તો કુર્આનના હેતુ તથા મક઼સદ મુતાબિક઼ તે શબ્દના વિવિધ અર્થોમાંથી અલગ અલગ અર્થ તેના સ્થાનોએ નિશ્ચિત કરે છે, પરિણામે શબ્દનો અનુવાદ પણ થઈ જાય છે અને આયતનો હક઼ીક઼ી ભાવાર્થ પણ સ્પષ્ટ થઈ જાય છે. આ વિશિષ્ટતામાં આપણને "કન્ઝુલ ઈમાન" જ અન્ય અનુવાદોમાં વિશિષ્ટ તથા અનોખુ અને અજોડ તથા અનુપમ જોવા મળે છે.

નીચે વર્ણવેલ આયતમાં એની એક ઝલક જોતા ચાલો :–

**وَاِذَا خَلَوْا عَضُّوْا عَلَيْكُمُ الْاَنَامِلَ مِنَ الْغَيْظِ ط قُلْ مُوْتُوْا بِغَيْظِكُمْ ط**

આ'લા હઝરત આ આયતનો તર્જુમો આ પ્રમાણે કરે છે : "અને એકલા હોય તો તમારા પર આંગળીઓ ચાવે ગુસ્સાથી, તમે ફર્માવી દો કે મરી જાવ પોતાની અકળામણમાં." *(પારા : ૪, સૂ. આલિ ઈમરાન, આયત : ૧૧૯, કન્ઝુલ ઈમાન)*

આ આયતમાં કાફિરોની નફ્સાની કૈફિયતનું વર્ણન છે અને સંબોધન હુઝૂર ﷺ થી છે. એમાં કુર્આની સમજના જે પાસાની પ્રતિ નિર્દેશનો હેતુ છે તે શબ્દ غَيْظ છે, કે જે આ આયતમાં બે વાર વાપરવામાં આવ્યો છે. આ'લા હઝરતે પ્રથમ غَيْظ નો તર્જુમો ગુસ્સો કર્યો છે. અરબી ભાષામાં غَيْظ ગુસ્સાને કહે છે. ઈમામ રાગિબે કિતાબુલ મુફ઼ર્રદાતમાં

લખ્યું છે કે غَيْظِ સખ્ત ગુસ્સાની હાલતનું નામ છે.

مِنَ الْغَيْظِ અને બીજા غَيْظِનો તર્જુમો પણ સર્વ અનુવાદકોએ ગુસ્સો જ કર્યો છે. કોઈનું દિમાગ એ હકીકત પ્રતિ ધ્યાનિત ન થઈ શક્યું કે પ્રથમ સ્થાનમાં غَيْظِ શબ્દ સખત ગુસ્સાની હાલતને દર્શાવી રહ્યો છે અને مُوْتُوْا بِغَيْظِكُمْમાં એ જ શબ્દ તબીઅતની તે અકળામણ માટે દલીલ પૂરી પાડે જે સખત ગુસ્સાના લીધે પેદા થઈ જાય છે. આ'લા હઝરત رحمۃ اللہ علیہએ આ ભાગનો અર્થ કર્યો છે : "મરી જાવ પોતાની અકળ ામણમાં." પછી જ્યારે શબ્દકોશની કિતાબોને જોવામાં આવી તો એમાં غَيْظِનો એક અર્થ તો "સખત ગુસ્સો" જ મળ્યો. સાથોસાથ બીજો અર્થ એ પણ જોવા મળ્યો કે જ્યારે ગુસ્સો સખતી પકડે છે અને એના લીધે તબીઅતમાં અકળામણ પેદા થઈ જાય છે, જેનાથી માણસ ન કાંઈ કરી શકે છે ન ચુપ રહી શકે છે, તો આ દિમાગી સ્થિતિને પણ غَيْظِ જ કહે છે. તો સાર એ નીકળ્યો કે પ્રથમ غَيْظِ શબ્દ આ બીજાના માટે સબબ છે અને બીજો غَيْظِ શબ્દ એનું પરિણામ છે. આ બારીકાઈ તથા કુર્આની સમજને આધારે આ'લા હઝરતે પ્રથમ غَيْظِનો તર્જુમો ગુસ્સો કર્યો જે સબબ છે અને બીજા غَيْظِની તાબીર અકળામણથી કરી જે એનું પરિણામ છે.

અમુક મોહક્કિકોના કથનાનુસાર અનુવાદકોની પૂરી સફમાં આ બુઝુર્ગી તથા કમાલ કેવળ આ'લા હઝરતના તર્જુમામાં જોવા મળે છે કે આપે એક જ આયતમાં વપરાયેલા એક જ શબ્દના બે વિવિધ સ્થળે એ પ્રમાણે તર્જુમા કર્યા કે શબ્દકોશની બારીકાઈનો લેહાઝ પર સંપૂર્ણપણે બાકી રહ્યો અને આયતનો અર્થ તથા ભાવાર્થ પણ સ્પષ્ટ થઈ ગયો.

## ★ તર્જુમાની વિશિષ્ટતા ★

કોઈપણ ભાષામાં તર્જુમાના સામાન્યતઃ બે તરીકા રિવાજ પામેલા છે : એક શાબ્દિક તર્જુમો, બીજો બામુહાવરા તર્જુમો. શાબ્દિક તર્જુમામાં દરેક દરેક શબ્દની નીચે તેનો અર્થ લખવામાં આવે છે અને લખાણના ક્રમસર જોડાણ, તેની ગતિ (રવાની) અને આગલા પાછલા લખાણોની સાથે કનેક્શન તથા ગોઠવણ સાથે એને કોઈ સંબંધ નથી હોતો. આ તર્જુમાની ખૂબી એ છે કે પઢનારો દરેક શબ્દનો અર્થ તથા તર્જુમો જાણી લે અને તેને વિવિધ શબ્દકોશોના અભ્યાસની જરૂરત નથી રહેતી અને કિતાબોનાં પાનાં ફેરવવાની મહેનતથી તેને છૂટકારો મળી જાય છે. તેમ છતાં પણ શાબ્દિક અનુવાદની પાયાની કમજોરી એ છે કે લખાણમાં સતત ક્રમસર જોડાણ અને વ્યવસ્થિત ગોઠવણ ન થવાના કારણે પઢનારાને કુર્આનના હકીકી ભાવાર્થને સમજવામાં મુશ્કેલી ઊભી થાય છે અને મતલબ સુધી પહોંચવામાં તે લાચાર રહે છે. આ રીતે એના દિમાગમાં કુર્આનનો જે ખયાલ પહેલાં સ્થાપિત હતો તે કેવળ શાબ્દિક તર્જુમો પઢયા બાદ બાકી નથી રહેતો.

આ મુદ્દાને લક્ષમાં લેતાં બીજા તબકાએ કુર્આની આયતોનો બામુહાવરા તર્જુમો શરૂ કર્યો પણ એના પર એટલા પ્રમાણમાં ધ્યાન વાળી આપ્યું કે તેઓએ કેવળ ભાષાની જાણકારીની કાબેલિયતો દેખાડી ! તેમની સર્વ કોશિશ લખાણની સજાવટ, ખૂબસૂરતી તથા વિવિધ પ્રકારના મુહાવરાઓમાં ખર્ચાઈ ગઈ જેના પરિણામે તેઓ કુર્આનના હકીકી મકસદની રૂહ તથા આયતોના સહીહ મતલબને ન વર્ણવી શક્યા. જેથી જેવી રીતે શાબ્દિક તર્જુમો દૂર દરાઝની તરકીબની ભૂલભૂલૈયામાં ઉલઝીને રહી ગયો, એ જ પ્રમાણે બામુહવરા તર્જુમો પણ લખાણની કલા તથા આકર્ષક્તાના ભમ્મરમાં ગુમ થઈને રહી ગયો. આ શાબ્દિક તથા બામુહાવરા તર્જુમાઓની તે પાયાની કમજોરીઓ હતી જેના લીધે કુર્આનનો હકીકી ભાવાર્થ સ્પષ્ટ ન થઈ શક્યો.

"કન્ઝુલ ઈમાન" તે નિહટ્ટો તર્જુમો છે જેમાં એક તરફ તો શાબ્દિક તર્જુમાનો હુસ્નો જમાલ જોવા મળે છે કે પઢનાર પઢયા પછી દરેક શબ્દનો તર્જુમો સમજી લે છે અને બીજી બાજુ બામુહાવરા તર્જુમાનો મઝહર (ઉગમસ્થાન) તથા પ્રતિબિંબ છે કે શાબ્દિક તર્જુમાનો બોજ પઢનારા પર જરા સરખો પણ મેહસૂસ નથી થતો, બલ્કે તર્જુમો સતત જાડાણવાળો

અને ક્રમસર પઢાતો ચાલ્યો જાય છે અને કુર્આનના મતલબ એના સમક્ષ સ્પષ્ટ થતા જાય છે.

નીચેના લખાણમાં એનું એક દષ્ટાંત રજૂ કરું છું જેને વાંચીને ચોક્કસ વાંચકો ઝુમી ઉઠશે અને દાદ આપ્યા વિના તથા પ્રશંસા કર્યા વિના નહીં રહી શકે.

અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : وَ يُعَلِّمُكَ مِنْ تَاْوِيْلِ الْاَحَادِيْثِ *(પારા : ૧૨, સૂ. યુસૂફ, આયત : ૬)*

એનો બામુહાવરા તર્જુમો સામાન્યતઃ એ કરવામાં આવે છે કે, ''અલ્લાહ તને ખ્વાબોની તાબીર શીખવાડે.'' એ જ પ્રમાણે શાબ્દિક તર્જુમો કરનારાઓએ એનો તર્જુમો કાંઈક એ પ્રમાણે કર્યો છે કે વાત સ્પષ્ટ નથી થતી. આ પ્રમાણે બંને પ્રકારના તર્જુમાઓથી تَاْوِيْل (તાવીલ)નો અર્થ સ્પષ્ટ ન થઈ શક્યો અને એ જાણ ન થઈ શકી કે ''તાવીલ'' શબ્દકોશના એ'તબારથી કોને કહે છે.

હવે આવો જરા આ'લા હઝરત رحمۃ اللہ علیہના તર્જુમા પર નજર કરો. આપ આ આયતનો તર્જુમો આ પ્રમાણે કરે છે : ''અને તારો રબ તને વાતોનો અંજામ કાઢવાનું (પરિણામ તારવવાનું) શીખવાડશે.''

આ'લા હઝરત رحمۃ اللہ علیہએ الْاَحَادِيْث (અહાદીષ)નો તર્જુમો ''વાતો'' કર્યો છે, કેમ કે ''હદીષ'' વાતને કહે છે એટલા માટે અલ્લાહ તઆલાના રસૂલ ﷺના આદેશોને ''અહાદીષ'' કહેવામાં આવે છે અને ''તાવીલ'નો અર્થ પરિણામ તારવવું (અંજામ કાઢવું) કર્યો. અમુક મુહદ્દિષોના કથનાનુસાર કુર્આને પાકના તર્જુમાઓના પૂરા ઈતિહાસમાં આ તર્જુમો ક્યાંય જોવા નથી મળતો. ''તાવીલ''નો અર્થ જોવા માટે કે શું ખરેખર આ અર્થ અરબી કાઈદાઓ અને ભાષાની જાણકારીના લેહાઝથી દુરુસ્ત છે ? શબ્દકોશની કિતાબોનો અભ્યાસ કરવામાં આવ્યો તો એ જાહેર થયું કે تَاْوِيْلએ શબ્દ اَوْلથી બન્યો છે એટલે કે કોઈ ચીજનું અંજામની તરફ પલટી આવવું, અને જ્યારે આ શબ્દથી ''તાવીલ''નો શબ્દ બનાવવામાં આવ્યો તો એમાં પણ એ અર્થ બાકી રહેશે એટલે અંજામ નીકળવો (પરિણમવું), પરિણામથી માહિતગાર થવું, એ અસલી મક્સદથી માહિતગાર થવું જે કોઈ કલામ (વાત)ની હેઠળ છુપાયેલો હોય. એટલા માટે આ'લા હઝરત رحمۃ اللہ علیہએ એનો તર્જુમો ''અંજામ કાઢનાર''થી કર્યો છે અને તફસીરવેત્તાઓ તથા શબ્દકોશના નિષ્ણાતોએ પણ આ જ અર્થ વર્ણવ્યો છે. આ રીતે આ તર્જુમો એક તરફ તો બામુહાવરા તર્જુમાનો આઈનાદાર (પ્રતિબિંબ) છે કે શાબ્દિક તર્જુમાનો બોજ મેહસૂસ નથી થતો, ન લખાણના સતત ક્રમ તથા ગતિ (રવાની)માં કોઈ ફરક આવે છે, ન તો આગલી પાછલી ઈબારત (લખાણ)થી ગોઠવણ તથા કનેકશન તૂટે છે તેમજ બીજી બાજુ શાબ્દિક તર્જુમાનુ પ્રતિબિંબ તથા જલ્વો પણ જાહેર થાય છે કેમ કે ગૈર જરૂરી લખાણની સજાવટથી આ તર્જુમો પાક છે તેમજ ''તાવીલ'' શબ્દનો અર્થ શોધવાની જરૂરત પણ નથી રહેતી.

### ★ વાસ્તવિક હેતુ સુધી પહોંચ ★

કુર્આન મજીદ અરબી ભાષાની એવી ઉમદા કૃતિ છે જેનો દરેક કલામ (વાત) મો'જિઝામય (અદ્ભૂત) હોય છે, એટલા માટે એ તો શક્ય જ નથી બનતુ કે અનુવાદક કુર્આની આયતોનો તર્જુમો મો'જિઝામય કલામથી કરે, પરંતુ એનાથી પણ ઈન્કાર નથી કરી શકાતો કે જે શખ્સ પર ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَનો ખાસ ફયૂઝાન હોય છે અને તે ઈલ્મે બદીઅ તથા મઆનીની બારીકીઓથી સંપૂર્ણપણે માહિતગાર હોય છે, તો જ્યારે તેના કલમથી તર્જુમાનો પ્રવાહ ગતિમાન થાય છે તો એ મો'જિઝામય કલામની ઝલક એમાં સંપૂર્ણપણે જોવા મળે છે. અને જે વર્ણનશૈલીમાં કુર્આન પોતાનો મક્સદ બયાન કરે છે તેના મૂળ સુધી તે પહોંચ હાંસલ કરીને તર્જુમા લેખનમાં એના મક્સદનું સુંદર પ્રતિબિંબ દુનિયા સમક્ષ રજૂ કરે છે.

જો સર્વ પૂર્વગ્રહો તથા પક્ષપાતના રવૈયાથી પર રહીને ઈન્સાફ તથા નિષ્પક્ષપણે કોઈ ''કન્ઝુલ

ઈમાન"નો અભ્યાસ કરે તો તેના સમક્ષ એ હક઼ીક઼ત ખુલી જશે કે હેતુપૂર્ણતા તથા મહત્વપૂર્ણતા જે કુર્આની આયતોનો એ'જાઝ છે એની પૂરે પૂરી ઝલક આ'લા હઝરતના તર્જુમામાં જોવા મળશે.

અમારા દા'વાની સાબિતીમાં કેવળ બે દષ્ટાંતો પર સંતોષ વ્યક્ત કરીએ છીએ, જેને અધિક દષ્ટાંતો જોવાં હોય તે "કન્ઝુલ ઈમાન"નો ન્યાયપ્રિય નજરે નિષ્પક્ષપણે અભ્યાસ કરે. ઈન્શાઅલ્લાહ ! તેને આવાં દષ્ટાંતોનો મોજાં મારતો સમુદ્ર જોવા મળશે.

**(૧)** અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ફર્માવે છે : **ذٰلِكَ الْكِتٰبُ لَا رَيْبَ فِيْهِ** *(પારા : ૧, સૂરએ બક઼રહ, આયત : ૨)* આ આયતનો તર્જુમો સામાન્યતઃ એ પ્રમાણે કરવામાં આવે છે : "આ કિતાબ એમાં કોઈ શક નથી." પણ આ તર્જુમા પર બે પ્રશ્નો ઉપસ્થિત થાય છે :–

**(અ) ذٰلِكَ** ઈસ્મે ઈશારા છે જેને દૂરવાળી ચીજની પ્રતિ નિર્દેશ કરવા માટે ઉપસ્થિત કરવામાં આવેલ છે એટલા માટે તર્જુમો કરતી વખતે "તે કિતાબ" કહેવું જોઈતુ હતું ન કે આ કિતાબ.

**(બ)** એ કે "એમાં કોઈ શક નથી" આ (તર્જુમો) બનાવ તથા હક઼ીક઼તની વિરુદ્ધ છે, કેમ કે કુર્આન મજીદમાં અસંખ્ય લોકોએ પ્રથમ પણ શક કર્યો અને આજે પણ શક કરનારાઓની કમી નથી, આ રીતે જોતાં આ તર્જુમો આ આયતના વાસ્તવિક અર્થને બયાન કરવામાં કામયાબ ન થઈ શક્યો.

હવે આવો ! ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના તર્જુમાને જુઓ જે કુર્આનના એઅ્જાઝને પણ જાહેર કરે છે અને આયતના હક઼ીક઼ી મક઼સદને પણ સ્પષ્ટ કરે છે. આપે તર્જુમો કાંઈક આ પ્રમાણે કર્યો : "તે ઉચ્ચ કક્ષાની કિતાબ (કુર્આન) કોઈ શકને સ્થાન નથી." *(કન્ઝુલ ઈમાન)*

સુબ્હાનલ્લાહ ! આ તર્જુમાથી બંને પ્રશ્નો એક સાથે દૂર થઈ જાય છે. પ્રથમ સવાલનો નિકાલ તો આયતથી તદ્દન જાહેર છે. બીજા સવાલનું નિવારણ એ રીતે કર્યું કે, ભલે ઘણા લોકોએ કુર્આન મજીદમાં શક કર્યો, પણ હક઼ીક઼તમાં તે કોઈ શંકાનુ સ્થાન નથી. કોઈ પણ ન્યાયી, બુદ્ધિશાળી જે અરબી ભાષાની પદ્ધતિ તથા નઝાકતોથી વાકેફ હોય તે આનો અભ્યાસ કરે તો તેણે સ્વીકારવું પડશે કે આ ખુદાઈ કલામ છે, કોઈ માણસના ચિંતનનું પરિણામ નથી. જો ચામચિડયાની આંખ દિવસમાં સૂર્યની મૌજૂદગી વિશે શક કરે છે તો એ એની આંખોનો કુસૂર છે ન કે સૂર્યનાં કિરણોનો !

**(૨)** એ સૂરતમાં થોડેક આગળ આ આયત છે :

**اِنَّ الَّذِيْنَ كَفَرُوْا سَوَآءٌ عَلَيْهِمْ ءَاَنْذَرْتَهُمْ اَمْ لَمْ تُنْذِرْهُمْ لَا يُؤْمِنُوْنَ**

*(પારા : ૧, સૂરએ બક઼રહ, આયત : ૬)*

આ આયતનો તર્જુમો દેવબંદી મોલ્વી અશરફ અલી થાનવીએ આ પ્રમાણે કર્યો છે : "બેશક ! જેઓ કાફિર થઈ ચૂક્યા છે, બરાબર છે આપના એમના હક્ક઼માં ચાહે તમે તેમને ડરાવો કે ન ડરાવો, તેઓ ઈમાન લાવવાના નથી."

અને મોલ્વી મહમૂદ હસન દેવબંદીનો તર્જુમો આ પ્રમાણે છે કે, "બેશક ! જે લોકો કાફિર થઈ ચૂક્યા છે તેમને ડરાવો કે ન ડરાવો તેઓ ઈમાન નહીં લાવે."

ફતહ મુહમ્મદ જાલંધરીએ આ પ્રમાણે તર્જુમો કર્યો છે : "જે લોકો કાફિર છે તેમને તમે નસીહત કરો કે ન કરો તેમના માટે સરખુ, તે ઈમાન લાવવાના નથી."

જાહેર છે કે આ તર્જુમાઓથી આયતના હક઼ીક઼ી ભાવાર્થ અને હેતુની સ્પષ્ટતા નથી થતી. કેમ કે ઘણા બધા કાફિરો દીનની દા'વતને ક઼બૂલ કરીને ઈસ્લામથી પાવન થયા છે અને આજ સુધી થતા રહે છે અને ભવિષ્યમાં પણ થતા રહેશે. તેમજ એનાથી ઈસ્લામનો દા'વત તથા તબ્લીગનો દરવાજો પણ બંધ થઈ જાય છે.

જરા હવે આપ આ'લા હઝરત رحمۃ اللہ علیہના તર્જુમાને જુઓ કે કઈ રીતે આયતની રૂહને ખેંચીને પોતાનામાં સમાવે છે.

"બેશક ! તે જેની કિ઼સ્મતમાં કુફ્ર છે એમને સરખુ છે ચાહે તમે તેમને ડરાવો કે ન ડરાવો, તેઓ ઈમાન લાવવાના નથી." *(કન્ઝુલ ઈમાન)*

વિચાર કરો ! કેવળ એક શબ્દએ કુર્આને કરીમની મુરાદ અને તેના હક઼ીક઼ી મક઼સદને એ રીતે સ્પષ્ટ કરી આપ્યો કે હવે કોઈને પણ અર્થના માટે વાંધો ઉઠાવવાનો કોઈ અવકાશ બાકી ન રહ્યો. ઈસ્લામનો તબ્લીગી નિઝામ પણ પોતાના સ્થાને યથાવત અને બામક઼સદ રહ્યો અને દા'વત તથા તથા તબ્લીગનો દરવાજો પણ બંધ ન થયો અને જે કાફિરો ઈમાન લાવ્યા તેમને لَا يُؤْمِنُوْنَને જૂઠલાવવાને માટે રજૂ કરવાનો ચાન્સ પણ ખત્મ થઈ ગયો, કેમ કે ઈમાન લાવ્યા બાદ તેમના હક્ક઼માં એ વાત તેહક઼ીક઼ની રીતે પુરવાર થઈ ગઈ કે તેમની કિસ્મતમાં કુફ્ર ન હતું, અને દા'વત તથા તબ્લીગનો દરવાજો એ પ્રમાણે ખુલ્લો રહ્યો કે દાઈ (ઈસ્લામની દા'વત આપનાર)ને કોઈ પણ કાફિરની કિ઼સ્મતનો હાલ માલૂમ નથી એટલા માટે દરેક કાફિર સુધી દીનની દા'વત તેણે એ ઉમ્મીદ પર પહોંચાડી કે કદાચ એ ઈમાન ક઼બૂલ કરે, કેમ કે દા'વત આપનારની જિમ્મેદારીમાં કેવળ દીનની દા'વત પહોંચાડવાની છે, ઈમાન ક઼બૂલ કરાવવું એની જિમ્મેદારીમાં નથી.

### ★ વર્ણનની શૈલી ★

એક તર્જુમો કરનાર અનુવાદક માટે એ પણ જરૂરી છે કે જે ભાષામાં તે તર્જુમો કરે તેની શૈલી તથા મિજાઝને નજરો સમક્ષ રાખે. એની રૂએ પણ "કન્ઝુલ ઈમાન" જ સૌથી સ્ટાન્ડર્ડ તર્જુમો જોવા મળે છે. કેમ કે એમાં ઠેક ઠેકાણે વાંચકોને પઢયા બાદ મેહસૂસ થાય છે કે આ તર્જુમો ઉર્દૂ ભાષાના મિજાઝ તથા નઝાકતના માળખામાં સંપૂર્ણપણે ઢળેલો છે અને તેની શૈલીના તદ્દન મુતાબિક઼ છે. નમૂના રૂપે એક આયત વાંચકો સમક્ષ રજુ કરું છું : ઈર્શાદે ખુદાવંદી છે : وَمَرْيَمَ ابْنَتَ عِمْرٰنَ الَّتِىْٓ اَحْصَنَتْ فَرْجَهَا (સૂ. *તહ઼રીમ, પારા : ૨૮, આયત : ૧૨)*

આ આયતનો તર્જુમો મૌલ્વી મહમૂદુલ હસન દેવબંદીએ આ પ્રમાણે કર્યો છે : "અને મરયમ બેટી ઈમરાનની જેણે રોકી રાખી પોતાની શહવતની જગાને."

આ તર્જુમાને જો કે ઉર્દૂ ભાષાના શાબ્દિક તર્જુમાની હૈસિયતથી સહીહ ઠરાવી શકાય છે, પણ એ વાતને પણ સ્વીકાર્યા વિના છૂટકો નથી કે આ તર્જુમામાં ઉર્દૂ ભાષાની સભ્યતા તથા મિજાઝને બાકી રાખવામાં આવેલ નથી ! કેમ કે એમાં હઝરત સૈયદા મરયમ رضی اللہ عنہا જેવી મુક઼દ્દસ તથા પાકબાઝ ખાતૂનનું વર્ણન છે.

એના બદલે આ'લા હઝરત رحمۃ اللہ علیہએ આયતના મોક઼ાની નઝાક્તને મેહસૂસ કરતાં કેટલો દિલકશ અને દિલનશીં તર્જુમો કર્યો છે તે જુઓ :–

"અને ઈમરાનની બેટી મરયમ જેણે પોતાની પવિત્રતાની હિફાઝત કરી." *(કન્ઝુલ ઈમાન)*

સારાંશ કે જે હૈસિયત તથા જે પાસાથી પણ "કન્ઝુલ ઈમાન"નો અભ્યાસ ઈન્સાફની દષ્ટિએ કરવામાં આવે તો તે સૌથી ઉત્તમ કક્ષાનો, સૌથી શ્રેષ્ઠ, સૌથી અફઝલ તથા આ'લા જોવા મળે છે. આવી જ અમુક ખૂબીઓથી પ્રભાવિત થઈને રઈસુલ ક઼લમ અલ્લામા અર્શદુલ ક઼ાદરી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું હતું, "કન્ઝુલ ઈમાન જ આ દૌરમાં હક઼ીક઼તમાં ઈશ્ક઼ તથા ઈમાનની દૌલત છે."


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ ગ્લેઝ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું એક સાથે ગુજરાતી/અંગ્રેજી બંને ભાષામાં રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૨૦૦/–** (ટપાલ ખર્ચ ૧૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# ગલતફહમીઓ તથા તેની સુધારણા

✪ અઝ ✪
હઝરત મૌલાના તત્હીર અહમદ બરેલ્વી

✪ અનુવાદક ✪
મુહમ્મદ બશીર યૂસુફ ગોડીલ
(B.sc. M.ed.)

*આ હપ્તાવાર લેખમાળામાં એવા જરૂરી શરઈ હુકમોને જમા કરવામાં આવેલ છે, જેનાથી આપણા ઘણા બધા મુસલમાનભાઈઓ અજ્ઞાત છે અથવા તેઓ અમુક ખાસ મસાઈલ અને એહકામ બાબત સાચી જાણકારી ધરાવતા નથી. આથી આવા મસાઈલ અને એહકામ બાબત સાચી માહિતી આપવાના હેતુથી આ લેખમાળા શરૂ કરવામાં આવેલ છે. -અનુવાદક*

## ★ અલ્લાહ તઆલાને ઉપરવાળો કહેવું ★

કેટલાક લોકો અલ્લાહ તઆલાનું નામ લેવાને બદલે તેને "ઉપરવાળો" કહે છે, આ બિલ્કુલ ખોટી વાત છે. પરંતુ જો આ અક઼ીદો રાખીને આ શબ્દો બોલે કે, "અલ્લાહ તઆલા ઉપર છે" તો આ કુફ્ર છે, કેમ કે અલ્લાહ તઆલાની ઝાત ઉપર નીચે, આગળ પાછળ, જમણી ડાબી, બધી જ દિશાઓ અને બધા જ સ્થળો તેમજ બધા જ યુગોથી પાક છે અને સર્વથી શ્રેષ્ઠ છે.

બધી જ દિશાઓ પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ઉપર નીચે, જમણી ડાબી, આગળ–પાછળ, સમય અને સ્થળ બધાને તેણે જ પૈદા કર્યા છે. જેથી અલ્લાહ તઆલાને માટે આ પ્રમાણે બોલી શકાતું નથી કે તે ઉપર છે કે નીચે છે, પૂર્વમાં છે કે પશ્ચિમમાં છે. કારણ કે જ્યારે તેણે આ વસ્તુઓને પૈદા કરી ન હતી ત્યારે પણ તેનું વજૂદ હતું. તે ક્યાં હતો અને શું હતો તે હક઼ીક઼તને તેના સિવાય કોઈ જાણતું નથી. જો કોઈ કહે કે અલ્લાહ તઆલા અર્શ પર છે તો તેને પૂછવું જોઈએ કે જ્યારે તેણે અર્શને પૈદા કર્યું ન હતું ત્યારે તે ક્યાં હતો ? એ જ રીતે કોઈ કહે કે અલ્લાહ તઆલા ઉપર છે તો તેને પૂછવું જોઈએ કે ઉપરને પૈદા કરતાં પહેલાં તે ક્યાં હતો ?!

હા, કોઈ અલ્લાહ તઆલાને ઉપરવાળો એ વિચારથી કહે કે તે સર્વથી શ્રેષ્ઠ છે અને તેનો મર્તબો બધાથી ઉપર છે તો આ કુફ્ર નથી પરંતુ તેમ છતાં અલ્લાહ તઆલાને માટે એવા શબ્દ બોલવા એ સારું નથી જેનાથી કુફ્રની શંકા પણ થાય. અને અલ્લાહ તઆલાને ઉપરવાળો કહેવું દરેક રીતે મના છે જેથી આ પ્રમાણે બોલવાથી બચવું જરૂરી છે.

કેટલાક લોકો અલ્લાહ તઆલાને "અલ્લાહ" કહેવાને બદલે ફક્ત "માલિક" કહેતા હોય છે. જેમ કે "માલિક"ની ઈચ્છા હશે તો આ કામ થઈ જશે, અથવા "માલિક" જે કરશે તે થશે, વગેરે. આ પ્રમાણે બોલવું પણ સારું અને ઈસ્લામી તરીક઼ા મુજબ નથી.

ટૂંકમાં સીધી અને સાચી વાત એ છે કે અલ્લાહ તઆલાને "અલ્લાહ" જ કહેવું જોઈએ. કેમ કે તેનું નામ લેવું પણ ઈબાદત છે અને તેના નામનું ઝિક્ર કરવું એ ઈન્સાનના જીવનનું ઉચ્ચતમ મક઼સદ અને મુસલમાનની ઓળખ છે. આથી થોડો સુધારો કરી આ પ્રમાણે બોલવું જોઈએ કે "અલ્લાહ તઆલા જે ચાહશે તે જ થશે." અથવા "અલ્લાહ જે કરશે તે જ થશે."

## ★ વાતચીતમાં કુફ્રી શબ્દોનો ઉપયોગ ! ★

સામાન્ય લોકો વાતચીતમાં કુફ્રી શબ્દોનો ઉપયોગ કરીને ઈસ્લામથી બહાર થઈ જતા હોય છે અને અજ્ઞાનતાને લીધે ઈમાનથી હાથ ધોઈ બેસે છે, જેનો ખ્યાલ રાખવો બેહદ જરૂરી છે. કેમ કે દરેક ગુનાહની

માફી છે પરંતુ જો કુફ્રી બોલીને ઈમાન ખોઈ નાખ્યું તો બખ્શિશ અને છૂટકારો અને જન્નતમાં જવાની કોઈ સૂરત નથી બલ્કે બધા દિવસો જહન્નમમાં રહીને બળવું જરૂરી છે.

હદીષ શરીફમાં છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, ''સાંજે માણસ મો'મિન હશે તો સવારે કાફિર અને સવારે મો'મિન હશે તો સાંજે કાફિર.''

કુફ્રી શબ્દો કેટલા છે ? અને શું શું બોલવાથી કુફ્ર થઈ જાય છે તેની વિગત આપવી મુશ્કેલ છે પરંતુ અમે અમારા સામાન્ય લોકો માટે કેટલીક નસીહતો લખી આપીએ છીએ જેથી ઈન્શાઅલ્લાહ ! ઈમાન સલામત રહે.

**નસીહત નં. ૧** : તમે લોકો અદબવાળા થઈ જાવ. અલ્લાહ તઆલા તેના રસૂલ, ફરિશ્તાઓ, ખાનએ કા'બા, મસ્જિદો, કુર્આને કરીમ, મઝહબી કિતાબો, બુઝુર્ગાને દીન, આલિમો, મા બાપ આ બધાની અદબ, ઈજ્જત અને મહોબ્બત દિલમાં બેસાડી લો. અદબવાળા ઈન્સાનનું દિલ સાચા ખોટાનો તફાવત પારખવાનું ત્રાજવું બની જાય છે જેથી કરીને ન તો તેના મોઢામાંથી કોઈ ખોટી વાત નીકળે છે અને અન્ય કોઈ ખોટું બોલે તો તેને પસંદ કરતો નથી. આથી જ ''અદબવાળો અજ્ઞાન સારો છે, બેઅદબ જ્ઞાનીથી.'' ખુદા તઆલા ફર્માવે છે, وَمَنۡ يُّعَظِّمۡ شَعَآئِرَ اللّٰهِ فَاِنَّهَا مِنۡ تَقۡوَى الۡقُلُوۡبِ ط ''જે અલ્લાહ તઆલાની નિશાનીઓની અદબ કરે, તો આ દિલોની પરહેઝગારી છે.''

**નસીહત નં. ૨** : હસવું, મજાક કરવી, મશ્કરી કરવી, દિલ્લગી કરવી.... વગેરેની આદતો ન કેળવો અને ક્યારેક આવું થાય તો તેમાં દીની અને મઝહબી વાતોને ન લઈ આવો. ખુદા તઆલા, તેની ઝાત અને ખૂબીઓ, અંબિયાએ કિરામ, ફરિશ્તાઓ, જન્નત અને દોઝખ, અઝાબ અને સવાબ, નમાઝ અને રોઝા વગેરે શરઈ એહકામોની ચર્ચા મજાક, મશ્કરીમાં ક્યારેય ન કરવી. નહીંતર ઈમાન માટે ખતરો ઊભો થઈ શકે છે. અલ્લાહ તઆલાની નિશાનીઓની સાથે મજાક અને મશ્કરી કુફ્ર છે.

**નસીહત નં. ૩** : કેટલાક લોકો આ પ્રકારની વાતો બધાને ખુશ કરવા માટે બોલી નાખે છે, જેનું બોલવું અને રાજીખુશીથી સાંભળવું કુફ્ર છે. આવી વાતો કરવાવાળાઓથી દૂર રહેવું જરૂરી છે. દા.ત. બધા ધર્મો સમાન છે, માનવ સેવા એ જ ધર્મ છે, દેશ પહેલાં છે અને ધર્મ પછી છે, અમે પહેલાં ફલાણા દેશવાસીઓ છીએ અને પછી મુસલમાન છીએ, રામ રહીમ બંને એક છે, વેદ અને કુર્આનમાં કોઈ તફાવત નથી, મસ્જિદ અને મંદિર બંને ખુદાના ઘર છે અથવા બંને જ જગ્યાએ ખુદા મળે છે, નમાઝ પઢવી એ બેકાર માણસનું કામ છે, રોઝાઓ તે રાખે જેને ખાવાનું મળતુ નથી, નમાઝ પઢવું ન પઢવું બધું બરાબર છે, અમો એ ઘણી જ નમાઝો પઢી લીધી કાંઈ થતું નથી. આ બધા વાક્યો અને શબ્દો ચોખ્ખું કુફ્ર, ગૈર ઈસ્લામી કાફિરોની વાતો છે જેને બોલવાથી માણસ કાફિર અને ઈસ્લામની બહાર નીકળી જાય છે.

રાજકરણીઓ આ પ્રકારની વાતો બિન મુસ્લિમોને ખુશ કરવા અને તેઓના વોટ પ્રાપ્ત કરવા કહેતા હોય છે. જો કે એવું જોવા મળ્યું છે કે તેઓ આ પ્રકારની વાતોથી ખુશ પણ નથી થતા અને પોતાના જ ધર્મવાળાઓને જ ખાસ કરીને વોટ આપે છે. આ પ્રમાણે આ કહેવાતા નેતાઓને ન દુનિયા મળે છે અને ન દીન મળે છે અને જે ગૈર મુસ્લિમોના વોટ તેઓએ મેળવવાના છે તે વોટ તેઓ પોતાનો દીન અને ઈમાન બચાવીને પણ મેળવી શકે છે. તો પછી આ થોડા દિવસોની સત્તા, નોટ અને વોટને માટે શું તેઓએ પોતાનું ઈમાન વેચવું જોઈએ ?!

**નસીહત નં. ૪** : મુસલમાનોમાં જે નવા નવા ફિર્કાઓ થયેલ છે તેનાથી દૂર રહેવું અત્યંત જરૂરી છે. આ ફિર્કાઓ ઈમાન અને અકીદા માટે સૌથી મોટા ખતરા છે. મઝહબે અહલે સુન્નતના બુઝુર્ગોના રસ્તે ચાલવું અને તેના પર કાયમ રહેવું એ ઈમાન અને અકીદાની હિફાઝત માટે અત્યંત જરૂરી છે. મઝહબે અહલે સુન્નતનો સાચો માર્ગ આ યુગમાં આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہએ બતાવેલ છે જેથી તેમની કેળવણી જ ફક્ત ઈસ્લામ છે. *(ક્રમશઃ)*




# મુસલમાનો ! સ્ટાર ટી.વી.ની નહીં ઉલમાની કચેરીમાં સવાલ કરો !

કાર્યાલય

*અતિ અફસોસની વાત છે કે સર્વ મુસલમાનો પહેલાં પોતાના ધાર્મિક મસ્અલાનો હલ ઉલમાએ કિરામ તથા મુફ્તિયાને દીનની બારગાહમાં પૂછી પૂછાવીને કરતા હતા. પણ આજે એવું **''ટી.વી. કલ્ચર''** જન્મ પામી રહ્યું છે કે **તે એવું સમજે છે કે ટી.વી. પર જે આવે તે જ મૌલાના મોટા જાણકાર ! અને ટી.વી. પર જે મસ્અલો રજૂ થાય તે જ સાચો ! ચાહે તે સુલેહ કુલ્લી મૌલાના હોય કે બાતિલ ફિર્કાનો હોય કે યોગ્ય જ્ઞાની ન હોય.** અને ટી.વી. ચેનલોવાળા પોતાનો ધંધો વિકસાવવા હંગામાખેઝ વાતો તથા બનાવો તથા સવાલોને રજૂ કરવામાં પાવરધા હોય છે, કેમ કે તેમને દીન ધર્મ કરતાં નાણા કમાવાની તથા પોતાની ખ્યાતિની અધિક પડી હોય છે. એવો જ એક બનાવ મુસ્લિમ સમાજનો અત્રે રજૂ કરીએ છીએ અને તેની ખરાબીઓ તથા ઈસ્લામ વિરોધી વાતોની પણ સ્પષ્ટતાઓ રજૂ કરીએ છીએ જેથી ખાસ કરીને મુસ્લિમો ગુમરાહીથી બચી શકે. આ વિગતો ''મુસ્લિમ ટાઈમ્સ'' ઉર્દૂ અઠવાડિક–મુંબઈ (૪ જુલાઈથી ૧૦ જુલાઈ)માંથી લીધી છે. –તંત્રી*

રવિવાર તા. ૨૬–૬–૨૦૧૧ના રોજ **સ્ટાર ટી.વી.**ના ''આપકી કચહરી'' પ્રોગ્રામમાં મુસલમાનોના તલાક઼ના મસ્અલાને લઈને એક નવી બહષ છેડવાની કોશિશ કરવામાં આવી છે. એમાં ટી.વી એંકર કિરણ બેદીએ અસ્રાર નામના મુસલમાન પુરૂષ તથા નજમા નામની મુસલમાન સ્ત્રીને ટી.વી. પર બોલાવ્યાં. બનાવ આ પ્રમાણે છે કે અસ્રારે ગુસ્સાની હાલતમાં પોતાની પત્નીને તલાક઼ આપી દીધી અને તલાક઼ લાગુ થઈ ચૂકી છે. હવે પતિ પત્ની પાછલી ભૂલોને ભૂલાવીને ફરીથી પતિ પત્ની તરીકે રહેવા ચાહે છે. પરંતુ પતિ કહે છે કે જ્યાં સુધી એની તલાક઼ પામેલ પત્ની હલાલો ન કરી લે ત્યાં સુધી તે તેણી સાથે ફરી નિકાહ નથી કરી શકતો. જ્યારે કે પત્ની હલાલો કરવા નથી ચાહતી.

આ સંજોગોમાં તલાક઼ પામેલ પતિ પત્નીએ હલાલા વિના ફરીથી દાંમ્પત્યજીવન (પતિ પત્ની તરીકે) ગુજારવાનો શો હલ થઈ શકે; એ જાણવા માટે ટી.વી. એંકર કિરણ બેદીએ ''ઓલ ઈન્ડિયા મુસ્લિમ વુમન પર્સનલ લો બોર્ડ''ની પ્રમુખ મિસિસ શાઈસ્તા અંબરને બોલાવીને આ મસ્અલાનો હલ પૂછયો. શાઈસ્તા અંબરે એવો જાહિલાના ફત્વો આપ્યો કે, ''ગુસ્સા તથા નશાની હાલતમાં જો હજારવાર પણ તલાક઼ આપવામાં આવે તો તલાક઼ થશે નહીં. જેવી રીતે ગુસ્સા તથા નશાની હાલતમાં નમાઝ નથી થતી એવી જ રીતે તલાક઼ પણ નથી થતી. જેથી અસ્રાર અને નજમામાં તલાક઼ થઈ નથી. એટલા માટે બંનેવ પતિ પત્ની તરીકે રહી શકે છે. બીજુ એ કે ''હલાલા'' કોઈ ચીજ નથી. કુર્આનમાં ક્યાંય પણ હલાલાનું વર્ણન નથી આવ્યું, ન તો હદીષમાં હલાલાના બારામાં ફર્માવવામાં આવ્યું છે. આમ જ રસમને રૂપે ઉપજાવી કાઢવામાં આવેલ છે. જેથી હલાલાનુ કોઈ મહત્વ નથી.''

શાઈસ્તા અંબરે દીની મસ્અલાનો આ જે હલ બતાવ્યો તેને પતિ પત્નીએ સ્વીકાર્યો અને હલાલા વિના ફરીથી પતિ પત્ની તરીકે રહેવા નિશ્ચય કરી લીધો ! સ્ટાર ટી.વી.ના આ પ્રોગ્રામને લાખો લોકોએ હિંદુસ્તાનમાં જોયો હશે અને તેનાથી શું અસર લીધી હશે તે તમો સમજી શકો છો.

શાઈસ્તા અંબર મેડમનો આ વાંધો તદ્દન સરાસર અજ્ઞાનતાપૂર્ણ તથા જાહિલાના છે કે કુર્આન તથા હદીષમાં હલાલાનો ક્યાંય ઉલ્લેખ નથી. જો એને ધારો કે માની પણ લેવામાં આવે તો પણ આ વાંધો મૂર્ખામીભર્યો જ લાગે છે ? શું મેડમ બતાવી શકે છે કે

પૂરા કુર્આન તથા હદીષમાં નમાઝ પઢવાનો સ્પષ્ટ તરીકો ક્યાં મૌજૂદ છે ? પછી તમો કઈ રીતે નમાઝ પઢો છો ? એ જ પ્રમાણે ઝકાત કેટલા ટકા આપવાની છે, હજ્જ કેવી રીતે કરવાની વગેરે કુર્આનમાં ક્યાં મૌજૂદ છે ? તો પછી ફર્ઝોની સાબિતી તથા અદાયગી માટે તમો ક્યાં જશો ?!

મેડમ શાઈસ્તા કહે છે કે હલાલાનું ક્યાંય વર્ણન નથી ! જ્યારે કે કુર્આન શરીફમાં સૂરએ બક઼રહની આયત નં. ૨૩૦માં અલ્લાહ તઆલા ફર્માવે છે : "પછી જો ત્રીજી તલાક઼ તેણીને આપી તો હવે તે સ્ત્રી તેના માટે હલાલ ન થશે જ્યાં સુધી બીજા પતિ પાસે ન રહે. પછી તે બીજો તેને તલાક઼ આપી દે તો એ બંનેવ પર ગુનોહ નથી કે ફરી આપસમાં મળી જાય." *(૨/૨૩૦)*

આ આયતમાં **فلا تحلو** આવ્યું છે જેના પરથી ઉલમા તથા મુફસ્સિરોએ હલાલાનો મસ્અલો ઈસ્તિંબાત કર્યો છે. આ આયતની તફસીરમાં ઉલમાએ કિરામ લખે છે : "ત્રણ તલાક઼ો પછી પત્ની પતિ માટે મુગલ્લઝા હુર્મતથી હરામ થઈ જાય છે. હવે ન તેનાથી રુજૂઅ (તલાક પાછી) થઈ શકે છે, ન ફરીવાર નિકાહ થઈ શકે છે જ્યાં સુધી કે "હલાલા" એટલે કે ઈદ્દત પછી બીજાથી નિકાહ કરે અને તે સંભોગ બાદ તલાક઼ આપે પછી ઈદ્દત ગુજારે પછી ફરીવાર પ્રથમ પતિ સાથે નિકાહ કરી લે." *(આમ તફસીરો)*

એ જ પ્રમાણે બુખારી શરીફ તથા મુસ્લિમ શરીફની રિવાયત છે કે એક શખ્સે પોતાની પત્નીને તલાક઼ આપી દીધી. તે સ્ત્રીએ બીજા પુરૂષ સાથે શાદી કરી લીધી પરંતુ તે પુરૂષે કોઈક કારણસર વિના સંભોગ કર્યે તલાક઼ આપી દીધી. જ્યારે રસૂલુલ્લાહ ﷺને પૂછવામાં આવ્યું કે હવે આ સ્ત્રી તેના આગલા પતિ માટે હલાલ થશે કે નહીં ? તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જ્યાં સુધી તે કોઈ બીજા પુરૂષ સાથે શાદી ન કરે અને તે પુરૂષે સંભોગ ન કર્યો હોય, ત્યાં સુધી તે પ્રથમ પતિ માટે હલાલ થશે નહીં."

આજે શાઈસ્તા જેવી મોડર્ન દુનિયાદાર, છૂટછાટને પસંદ કરનારી આઝાદ ખયાલની વ્યક્તિઓ એવું કહે છે કે ગુસ્સા તથા નશાની હાલતમાં હજારવાર પણ તલાક઼ કહેવાથી તલાક઼ લાગુ થતી નથી. તો કોઈપણ સમજદાર થોડીક બુદ્ધિ ધરાવનાર એ બતાવે કે શું તલાક઼ ખુશ થઈને ખુશી ખુશી, હસતાં હસતાં આપવામાં આવે છે ? તલાક઼ તો હમેશાં ગુસ્સા તથા ઝઘડાની હાલતમાં જ આપવામાં આવે છે. આ મેડમ સાહિબા પોતાની વાતની સાબિતીમાં કુર્આન હદીષનો કોઈપણ હવાલો નથી આપતાં તો શું એમની વાત મનાવવા માટે કોઈ સાબિતીની જરૂર નથી ?!

વળી એ બતાવો કે ગુસ્સાની કે નશાની હાલતમાં કોઈનું ખૂન કરી નાખ્યું અને તે માણસ મૃત્યુ પામ્યો તો શું એને ક઼ાતિલ નહીં માનવામાં આવે ? શું મુજરિમને કોઈ સજા નહીં થાય કે એણે બીચારાએ ગુસ્સા કે નશામાં ખૂન કરી નાખ્યું છે જેથી એણે કોઈ ગુનોહ નથી કર્યો !

મુસ્લિમ સમાજમાંથી મોટાભાગના લોકો આ મામલામાં ખુદાનો ખૌફ રાખે છે અને તલાક઼ સંબંધી મસ્અલા જાણવા ઉલમા તથા મુફતીયાને કિરામ પાસે જ જાય છે અને એમની હિદાયત પર અમલ કરે છે. તેઓ આ રીતની કોઈ કહેવાતી શાઈસ્તાની નાશાઈસ્તા (તમીઝવિહોણી અયોગ્ય) વાતો પર કાન નથી ધરતા. પરંતુ કમજોર દિમાગના દુનિયાદાર લોકો આવા લોકોની અફવાઓથી બહેકે છે જેથી જરૂરી છે કે ઉલમાએ કિરામ તથા મુફિતયાને એઝામ તલાક઼ના મસ્અલા અવારનવાર બયાનોમાં તથા કિતાબો થકી ફેલાવતા રહે. અમારા ત્યાં **દયાદરા**થી પણ "તલાક઼ વિશે સમજૂતી" નામની કિતાબ મફતમાં મળે છે જેને મંગાવો અને વાંચશો.

આશ્ચર્યની વાત છે એક ગૈર મુસ્લિમ કિરણ બેદી ટી.વી. ચેનલ સ્ટાર ટી.વી. પર તલાક઼નો ઈસ્લામી મસ્અલો હલ કરવા બોલાવે છે તો કોઈ આલિમને નહીં પણ મુસ્લિમ વુમન પર્સનલ લો બોર્ડની બની બેઠેલી પ્રમુખ શાઈસ્તા નામની સ્ત્રીને કે જેને હિંદના મુસ્લિમો ન માને છે ન જાણે ઓળખે છે. અને આ આધુનિક દીનથી અજ્ઞાન યુવતી ટી.વી.ના પડદા પર બેપર્દા જાહેર થાય છે, તો આવી સ્ત્રી ગૈર ઈસ્લામી ફૈંસલો નહીં આપે તો શું આપશે ?! જેથી મુસલમાનોએ ટી.વી.ના રવાડે ન ચઢતાં દીને ઈસ્લામના જ્ઞાની અહલે સુન્નતના ઉલમાના જે ફૈંસલા ફિક઼્હની કિતાબોમાં છે તેના પર ઈમાન રાખી પોતાના દીન ઈમાનની રક્ષા કરવી જોઈએ અને પોતાની સમસ્યાઓને ઉલમાએ અહલે સુન્નત સમક્ષ જ રજૂ કરવી જોઈએ. ઉપરોક્ત મસ્અલામાં અસ્રાર તથા નજમા જો હલાલા વિનાના ફરીથી પતિ પત્ની તરીકે રહેશે તો જીવનભર વ્યભિચારીનું જીવન જીવશે અને જહન્નમના અઝાબમાં પડશે એ નિશ્ચિત છે. જેથી મુસલમાનો કોઈની વાતો પ્રતિ ધ્યાન ન કરે અને ઈસ્લામના જ કાનૂનોને અનુસરે.

# રદ્દે વહાબિયાથી નાખુશ થનાર

## પોતાના ઈમાનની ખબર લે !

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)*

*મહબ્બતે રસૂલ ﷺ જ નજાતનો આધાર છે. મહબ્બતે રસૂલ વિનાના સર્વ નેક અમલો નિરર્થક ફાંફાં પુરવાર થશે ! તેવી વ્યક્તિ કદી જન્નતની ખુશ્બુ પણ પામી શક્શે નહીં. માટે મહબ્બતે રસૂલ علیہ الصلوٰۃ والسلام નો તકાઝો શું છે તે સમજાવતો પ્રસ્તુત લેખ વાંચશો જે બાની જામિઆ અશરફિયા—મુબારકપુર* **હુઝૂર હાફિઝે મિલ્લત હઝરત અલ્લામા શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષે મુરાદાબાદી** *رحمۃ اللہ علیہ ના મલ્ફૂઝાતના રૂપે હાજર છે. "બરકાતે ખ્વાજા" (માસિક)માં કુર્આને હદીષની રૂએ રદ્દે વહાબિયા દેવબંદિયા વાંચીને કેટલાક* **દીન ઈમાન બાબતે અશિક્ષિત ! પણ કહેવાતા શિક્ષિત** *તથા ઉદાર દિલવાળા નાખુશ થઈને કદીક નનામો પત્ર લખે છે, કદીક ફોન કરે છે, કદીક માસિક બંધ કરી દે છે ! આશ્ચર્યની વાત છે કે પોતાની કે પોતાના પિતાની કે પત્ની, પુત્રી કે પુત્રની શાનની વિરુદ્ધ બોલનાર લખનારને આપણે દુશ્મન ગણીએ અને તેનાથી સંબંધ કટ કરીએ ! અને જ્યારે નબી ﷺના ગુસ્તાખો વિશે ઘસાતુ લખાણ કુર્આન હદીષના હવાલાથી લખવામાં આવે છતાં તેમને ખોટુ લાગી જાય છે ! આ કેવી સુન્નિયત છે અને આ કેવો મહબ્બતે રસૂલ ﷺનો દાવો છે ?! સાંભળો ! હુઝૂર હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہ શું ફર્માવે છે ? —તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

બિરાદરાને ઈસ્લામ ! પ્યારા ભાઈઓ ! દુનિયા થોડાક જ દિવસોની છે તેની રાહત તથા મુસીબત સૌ ફના થનારી છે. અહીંની દોસ્તી તથા દુશ્મની ખત્મ થઈ જનારી છે. દુનિયાથી ચાલ્યા ગયા પછી મોટો રફીક઼ તથા શફીક઼ પણ કામ આવશે નહીં. મૃત્યુ બાદ કેવળ ખુદા તથા રસૂલ જનાબે મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ જ કામ આવનારા છે. આખેરતના સફરની પ્રથમ મંઝિલ ક઼બ્ર છે. તેમાં મુન્કર નકીર આવીને સવાલ કરે છે : તારો રબ કોણ છે ? અને તારો દીન કયો છે ? એની સાથોસાથ નબીએ કરીમ રઉફો રહીમ જનાબે મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺના બારામાં મુર્દાથી પૂછે છે : "મા તકૂલુ ફી હાઝર્રજુલ !" એટલે હુઝૂરની તરફ ઈશારો કરીને તેઓ પૂછે છે કે, "એમની શાનમાં શું કહે છે ?" જો તે શખ્સને નબી કરીમ علیہ الصلوٰۃ والسلامથી અક઼ીદત તથા મહોબ્બત છે તો જવાબ આપે છે, "આ તો અમારા આક઼ા તથા મૌલા, અલ્લાહ તઆલાના મહબૂબ જનાબે મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ છે ! જાન તથા માલ સર્વ કુર્બાન !" એ શખ્સના માટે નજાત છે. અને જો હુઝૂરથી રજમાત્ર પણ કીનો છે, દિલમાં આપની અઝમત તથા મહોબ્બત નથી તો જવાબ આપી શક્શે નહીં. એવું જ કહેશે કે, "હું નથી જાણતો ! લોકો જેવું કહેતા હતા તેવું હું પણ કહેતો હતો !" એના પર સખત અઝાબ તથા ઝિલ્લતનો માર છે. અલ્અયાઝુબિલ્લાહ !

જાણવા મળ્યું કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامની મહોબ્બત જ ઈમાનનો આધાર તથા નજાતનો મદાર છે. પણ એવું તો દરેક મુસલમાન ઘણા ભારપૂર્વક દાવાની સાથે કહે છે કે અમે હુઝૂર ﷺથી મહોબ્બત ધરાવીએ છીએ, આપની અઝમત અમારા દિલમાં છે, પરંતુ દરેક દાવાના માટે દલીલ જોઈએ અને દરેક કામયાબીના માટે પરીક્ષા થાય છે. **નબી કરીમ ﷺની મહોબ્બતનો દાવો કરનારાઓની પરીક્ષા એ છે કે જે લોકોએ નબી કરીમ ﷺની શાને પાકમાં ગુસ્તાખીઓ તથા બેઅદબીઓ કરી છે તેમની જોડેથી સંબંધ કટ કરી આપે,** એવા લોકો સાથે નફરત તથા બેઝારી જાહેર કરે,

ભલે તે મા બાપ તથા ઔલાદ જ કેમ ન હોય, મોટામાં મોટા મૌલાના, પીર, ઉસ્તાદ જ કેમ ન હોય, પરંતુ જ્યારે તેમણે નબી કરીમ علیہ الصلوٰۃ والسلامની બેઅદબી કરી તો ઈમાનવાળાઓનો તેમની સાથે કોઈ સંબંધ ન રહ્યો. જો કોઈ શખ્સ તેમની ઈઅદબીઓથી માહિતગાર થઈ ગયા પછી પણ તેમની ઈજ્જત તથા એહતેરામ કરે અને પોતાની સગાઈ તથા તેમની શખ્સિયત તથા મોલ્વીપણાના લેહાઝથી નફરત તથા બેઝારી જાહેર ન કરે તો તે શખ્સ આ પરીક્ષામાં ફેઈલ છે ! તે શખ્સને હકીકતમાં હુઝૂર صلی اللہ علیہ وسلمથી મહોબ્બત નથી, કેવળ ઝબાની દાવો છે. જો હુઝૂરની મહોબ્બત તથા આપની સાચી મહોબ્બત હોત તો એવા લોકોની ઈજ્જત તથા અઝમત તથા તેમની સાથે મેલજોલનો શો અર્થ ? સારી રીતે યાદ રાખશો ! પીર તથા ઉસ્તાદ, મોલ્વી તથા આલિમની જે ઈજ્જત તથા સન્માન કરવામાં આવે છે તેનું ફક્ત કારણ એટલુ જ છે કે તે હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلمથી નિસ્બત ધરાવે છે, પણ જ્યારે તેણે હુઝૂર علیہ الصلوٰۃ والسلامની શાનમાં બેઅદબી તથા ગુસ્તાખી કરી (અથવા ગુસ્તાખી કરનારને પોતાના પેશવા જાણ્યા) તો પછી તેની કેવી ઈજ્જત ?! અને તેનાથી કેવો સંબંધ ?! તેણે તો પોતે જ હુઝૂરથી પોતાનો સંબંધ કટ કરી લીધો તો પછી મુસલમાન તેની સાથે કઈ રીતે સંબંધ બાકી રાખશે ?!

હે મુસલમાન ! તારો ફર્ઝ છે કે પોતાના આક઼ા વ મૌલા મહબૂબે ખુદા صلی اللہ علیہ وسلمની ઈજ્જત તથા અઝમત પર મરી ફિટે ! તેમની મહોબ્બતમાં પોતાના જાન, માલ, ઈજ્જત તથા આબરૂ સૌ કુર્બાન કરવાને પોતાનો ઈમાની ફર્ઝ સમજે, અને તેમના ચાહવાવાળાઓ સાથે મહોબ્બત અને તેમના દુશ્મનો સાથે અદાવત અનિવાર્ય તથા જરૂરી જાણ ! વિચાર કર ! કોઈના બાપને ગાળ આપવામાં આવે અને તેને સાંભળીને તેના પુત્રનુ લોહી ગરમ ન થાય તો તે સાચા અર્થમાં પોતાના બાપનો પુત્ર નથી. એ જ પ્રમાણે જો નબી صلی اللہ علیہ وسلمની શાનમાં ગુસ્તાખી થાય અને ઉમ્મતી સાંભળીને ખામોશ થઈ જાય અને તે ગુસ્તાખ સાથે નફરત તથા બેઝારી જાહેર ન કરે તો તે યક઼ીનન ! સાચા અર્થમાં ઉમ્મતી નથી બલ્કે એક મૌખિક દાવેદાર છે જે હરગિઝ ક઼બૂલને પાત્ર નથી. જે લોકોનાં નબી علیہ الصلوٰۃ والسلامની શાનમાં ગુસ્તાખીભર્યા કથનો (તેમની કિતાબો : હિફઝુલ ઈમાન, તહઝીરુન્નાસ, બરાહીને ક઼ાતિઆ, તક્વિયતુલ ઈમાન, ફતાવા રશીદિયા.....વગેરેમાં) છે તેને મુસલમાન ઠંડા દિલે વાંચે અને ફેંસલો કરે અને પોતાની ઈમાની સચ્ચાઈની સાથે ઈન્સાફ કરે કે એવા લોકોથી મુસલમાનોએ કેવો સંબંધ રાખવો જોઈએ ?! તમો ખૂદ પક્ષપાત કે તરફદારી કર્યા વિના કહેશો કે જો કોઈની શખ્સિયત કે મૌલ્વિયતનો લેહાઝ કરીને તેના પ્રતિ ઢીલ રાખી તો નબી કરીમ صلی اللہ علیہ وسلمની સરખામણીમાં નબીના ગુસ્તાખની તરફદારી તથા તેનો લેહાઝ રાખવાનું તમને કામ આવી શક્શે નહીં !

**ખાકસાર :** અબ્દુલ અઝીઝ *(ખાદિમુત્તલબા, મદ્રસા અશ્રફિયા મિસ્બાહુલ ઉલૂમ–મુબારકપુર) (હવાલો : મિસ્બાહુ જજદીદ, કન્ઝુલ ઈમાન મંથલી, ઓગષ્ટ–૨૦૦૫)*

## અમુક જમીનની ઝકાત વાજિબ છે

**સવાલ :** એક માણસ એટલા માટે જમીન ખરીદે છે કે જ્યારે કિંમત અધિક થઈ જશે તો તેને વેચીને નફો હાંસલ કરવામાં આવશે. હવે એવી કોઈ જમીન જો બે વરસ કે ચાર વરસ સુધી ખરીદનારની પાસે રહી ગઈ તો તે જમીનની કિંમત પર ઝકાત વાજિબ થશે કે નહીં ?

**જવાબ :** જી હા ! જે જમીન વેચવાના માટે ખરીદવામાં આવી હોય તે "વેપારનો માલ" છે અને વરસ પૂર્ણ થતાં "વેપારના માલ" પર ઝકાત વાજિબ થાય છે. અને જો તે જમીન કેટલાય વરસો સુધી વેચાઈ નહીં તો પણ દર વરસે એના પર ઝકાત વાજિબ થતી રહેશે. અને એ વાત પર ઈજમાઅ છે કે રોકડ તથા વેપારના માલ પર ઝકાત અઢી ટકા વાજિબ છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**લખનાર :** (મુફતી) અબ્દુલવાજિદ ક઼ાદરી ગુફિરલહૂ નૂરી *(બહવાલા ફતાવા યૂરોપ)*

# રોઝો તૂટવા વિશે તથા કઝા, કફ્ફારાના મસાઈલ

:: રજૂકર્તા ::
મૌલાના ગુલામ દસ્તગીર
મિસ્બાહી દયાદરવી

## રોઝો તોડનારી બાબતોનું બયાન

**મસ્અલો :** ખાવા પીવા કે સંભોગ કરવાથી રોઝો તૂટી જાય છે, જ્યારે કે રોઝદાર હોવાનું યાદ હોય. રોઝદાર હોવાનું યાદ નથી અને ભૂલથી ખાય, પી લીધું કે સંભોગ કર્યો તો ન તૂટયો. *(હિદાયા, આલમગીરી, કાઝીખાન વગેરે)*

**મસ્અલો :** હુક્કો, સિગારેટ, બીડી, ચીરૂટ, સિગાર પીવાથી રોઝો તૂટી જાય છે.

**મસ્અલો :** પાન કે તંબાકુ ખાવાથી પણ રોઝો તૂટી જાય છે. પછી ભલે તેને ચાવીને પાણી થૂંકી નાંખવામાં આવેલ હોય.

**મસ્અલો :** ખાંડ, સાકર, ગોળ અને એવી ચીજ કે જે મોઢામાં મૂકતાં ઓગળી જાય છે, તેને મોં માં મૂક્યું અને થૂંક ગળી ગયા તો રોઝો તૂટી ગયો.

**મસ્અલો :** દાંતોમાં કોઈક ચીજ ચણા બરાબર ભરાઈ હતી તે ખાઈ ગયા અથવા ચણાથી નાની હતી અને તેને મોંથી બહાર કાઢી પછી ખાઈ ગયા તો રોઝો તૂટી ગયો.

**મસ્અલો :** દાંતોમાંથી લોહી નીકળી ગળાથી નીચે ઉતર્યું અને લોહી થૂંકથી વધારે કે બરાબર હતું કે ઓછું પરંતુ એનો સ્વાદ ગળામાં જણાયો, તો આ બધીય હાલતોમાં રોઝો તૂટી ગયો, અને લોહી થોડું હતું અને સ્વાદ પણ ન જણાયો તો રોઝો ન તૂટયો. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલો :** જાજરૂના રસ્તે દવા ચઢાવી કે નાકમાં ચઢાવી કે કાનમાં તેલ નાંખ્યું કે જતું રહ્યું તો રોઝો તૂટી ગયો. અને જો કાનમાં પાણી પેસી ગયું કે નાખ્યું તો ન તૂટયો. *(આલમગીરી, બહાર)*

**મસ્અલો :** કોગળા કરી રહ્યો હતો અને ઈરાદા વિના પાણી ગળા નીચે ઉતરી ગયું અથવા નાકમાં પાણી ચઢાવી રહ્યો હતો અને પાણી મગજમાં ચઢી ગયું તો રોઝો તૂટી ગયો, પરંતુ રોઝો છે એ યાદ ન હતું તો ન તૂટયો. *(આલમગીરી, બહાર)*

**મસ્અલો :** ઊંઘમાં પાણી પી લીધું કે કંઈક ખાઈ પી લીધું, અને મોં ખુલ્લુ હતું કે પાણીના ટીપાં કે કરા (બરફની ટુકડી) ગળામાં ચાલી ગયા તો રોઝો તૂટી ગયો. *(ઝૌહરા, આલમગરી, બહાર)*

**મસ્અલો :** બીજાનું થૂંક ગળી ગયો કે પછી પોતાનું જ થૂંક હાથમાં લઈ ગળી ગયો તો રોઝો તૂટી ગયો. *(આલમગરી, બહાર)*

**મસ્અલો :** મોમાં રંગીન દોરો રાખ્યો જેનાથી થૂંક રંગીન થઈ ગયું, પછી તે થૂંક ગળી ગયો તો રોઝો તૂટી ગયો. *(આલમગીરી, બહાર)*

**મસ્અલો :** આંસૂં મોં માં જતું રહ્યું અને તે ગળી ગયો અને તે એકાદ ટીપું, બે ટીપાં છે, તો રોઝો ન તૂટયો અને જો વધારે હતાં કે જેનો ખારો સ્વાદ પૂરા મોં માં જણાયો તો રોઝો તૂટી ગયો, પરસેવાનો પણ એ જ હુકમ છે. *(આલમગીરી, બહાર)*

**મસ્અલો :** પુરૂષે સ્ત્રીને ચુંબન કર્યું અથવા સ્પર્શ કર્યો (વાસનાથી) અથવા સંભોગ કર્યો અથવા ગળે લગાડી અને વિર્ય નીકળી ગયું તો રોઝો તૂટી ગયો અને સ્ત્રીએ વાસનાથી પુરૂષને સ્પર્શ કર્યો તે કારણે પુરૂષને વિર્ય નીકળી ગયું તો રોઝો ન તૂટયો. સ્ત્રીને પુરૂષે કપડાં પહેરેલ હાલતમાં સ્પર્શ કર્યો, કપડું એટલું જાડુ હતું કે શરીરની ગરમી ન જણાય તો રોઝો ન તૂટયો ભલે પછી વિર્ય નીકળી ગયું હોય.

**મસ્અલો** : વધુ પડતો ઈસ્તિંજો કર્યો ત્યાં સુધી કે અંદર સુધી પાણી પહોંચી ગયું તો રોઝો તૂટી ગયો અને તે વળી એટલો વધુ પડતો ઈસ્તિંજો કરવો પણ ન જોઈએ એનાથી ભયંકાર બીમારીનો ભય છે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલો** : પુરૂષે પેશાબના કાણામાં પાણી કે તેલ નાંખ્યું તો રોઝો ન તૂટયો, ભલે તે અંદર સુધી પહોંચી ગયું હોય અને જો સ્ત્રીએ પેશાબની જગામાં પાણી કે તેલ નાંખ્યું અને અંદર સુધી પહોંચી ગયું તો રોઝો તૂટી ગયો. *(આલમગીરી, બહાર)*

**મસ્અલો** : સ્ત્રીએ પેશાબગાહમાં રૂ કે કપડું મૂક્યું અને તે બિલકુલ બહાર ન રહ્યું તો રોઝો તૂટી ગયો. સૂકી આંગળી કોઈએ જાજરૂની જગામાં મૂકી અથવા સ્ત્રીએ પેશાબગાહમાં મૂકી તો રોઝો ન તૂટયો અને જો ભીની હતી કે કંઈક તેની સાથે લગાવેલું હતું અને અંદર મૂકી તો રોઝો તૂટી ગયો. જ્યારે કે તે જાજરૂ કરવાની જગ્યામાં તે જગ્યાએ મૂકી હોય જ્યાં પીચકારીનો છેડો રાખવામાં આવે છે. *(આલમગીરી, દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર, બહાર)*

**મસ્અલો** : રોઝાથી હોવું યાદ હોવા છતાં જાણી બુઝી મોં ભરી ઉલ્ટી કરી તો રોઝો તૂટી ગયો અને જો મોં ભર્યાથી ઓછી કરી છે તો રોઝો ન તૂટયો. *(દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલો** : કુદરતી રીતે ઉલ્ટી થઈ ગઈ તો થોડી હોય કે વધુ રોઝો ન તૂટયો. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : ઈરાદા વિના ઉલ્ટી આવી અને ખૂદ બ ખૂદ અંદર પાછી વળી ગઈ તો રોઝો ન તૂટયો. ભલે થોડી હોય કે વધુ, રોઝદાર હોવું યાદ હોય કે ન હોય. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : ઉલ્ટી માટેના આ હુકમો ત્યારે લાગુ પડે છે કે ઉલ્ટીમાં અનાજ આવે કે ખટાશ કે લોહી આવે, જો ફક્ત કફ આવ્યો તો રોઝો ન તૂટશે. *(આલમગીરી)*

**મસ્અલો** : રમઝાનમાં મજબૂરી વિના જે માણસ ખુલ્લેઆમ ખાય પીએ તો (બાદશાહે ઈસ્લામ) માટે હુકમ છે કે તેને કત્લ કરી નાખે. *(રદ્દુલ મુહતાર, દુર્રે મુખ્તાર, દહબાનિયા, બહાર)*

## જે બાબતોથી રોઝો ફક્ત કઝા કરવો જરૂરી છે

**મસ્અલો** : એવો ખ્યાલ હતો કે હજુ સુબ્હ સાદિક શરૂ થઈ નથી તે કારણે ખાધુ, પીધું કે સંભોગ કર્યો તે પછીથી જણાયું કે સુબ્હ સાદિક થઈ ચૂકી હતી, તો રોઝો ગણાશે નહીં, ફક્ત કઝા કરવો જરૂરી છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : ખાવા, પીવા માટે બળજબરીથી મજબૂર કરવામાં આવ્યો એટલે કે ખરેખર એવી ધમકી આપી જેમ કે રોઝો તોડીશ નહીં તો મારી નાખીશ કે હાથ પગ, કાન, નાક વગેરેમાંથી કોઈક અવયવ કાપી નાખીશ. તો એવા સંજોગોમાં ભલે પોતાના હાથથી ખાધુ, પીધું છતાં ફક્ત કઝાનો હુકમ લાગુ પડશે. રોઝો ફક્ત કઝા કરવો જરૂરી છે. (દુર્રે મુખ્તાર વગેરે) અર્થાત તે એક રોઝાના બદલે એક રોઝો રાખવો પડશે. *(બહારે શરીઅત)*

**મસ્અલો** : ભૂલથી ખાધું, પીધું કે સંભોગ કર્યો હતો અથવા નજર કરી હતી કે વિર્ય નીકળી ગયું હતું અથવા એહતેલામ (ઊંઘમાં વિર્ય નીકળવું) થયું હતું અથવા ઉલ્ટી થઈ ગઈ હતી, આ બધીય હાલતોમાં એમ વિચારી લીધું કે રોઝો તૂટી ગયો, હવે એ જ ખ્યાલ સાથે જાણીબુઝીને ખાધુ, પીધું તો ફક્ત કઝા કરવો જરૂરી છે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલો** : કાનમાં તેલ નાખ્યું અથવા પેટ કે દિમાગના અંદરના ભાગ સુધીનો ઘા છે તેમાં દવા નાખી તે પેટ કે દિમાગની અંદર પહોંચી ગઈ અથવા પિચકારી લીધી અથવા નાકમાં દવા ચઢાવી અથવા કાંકરા, પથ્થર, માટી, રૂ, કાગળ, ઘાસ.... વગેરે એવી કોઈ ચીજ ખાધી જેનાથી લોકો ધૃણા કરે છે અથવા રમઝાનમાં વગર નિય્યતે રોઝો રાખ્યાની જેમ રહો અથવા સવારમાં નિય્યત કરી ન હતી દિવસે ઝવાલ પહેલાં નિય્યત કરી અને પછી ખાય લીધું

અથવા રોઝાની નિય્યત કરી હતી પણ રમઝાનના રોઝાની ન કરી હતી અથવા ગળામાં વરસાદના ટીપાં કે બરફના ટુકડા (કરા) જતા રહ્યા, અથવા ઘણા આંસૂંઓ કે પરસેવો ગળી ગયો અથવા ઘણી નાની છોકરીથી સંભોગ કર્યો કે જે એને લાયક ન હતી અથવા મુરદારની કે જાનવરથી ઝિના કર્યો અથવા જાંઘ કે પેટ ઉપર સંભોગ કર્યો અથવા ચુંબન કર્યું અથવા સ્ત્રીના હોય ચૂસ્યા અથવા સ્ત્રીના શરીરને સ્પર્શ કર્યો ભલે શરીર સાથે કપડું હોય પણ શરીરની ગરમી જણાતી હોય અને એવા સંજોગોમાં વિર્ય પણ નીકળી ગયું હોય અથવા હાથથી વિર્ય સ્ખલન કર્યું અથવા ચાલુ રમઝાન સિવાયનો કોઈક રોઝો તોડી નાખ્યો પછી ભલે તે રમઝાનનો કઝા રોઝો કેમ ન હોય અથવા સ્ત્રી ઊંઘી રહી હતી અને તેણીથી સંભોગ કરવામાં આવ્યો અથવા સવારમાં ભાનમાં હતી અને રોઝાની નિય્યત કર્યા પછી તે પાગલ બની ગઈ, તેવી હાલતમાં તેણીથી સંભોગ કરવામાં આવ્યો અથવા એવા ખ્યાલથી સહેરી ખાધી કે હજુ રાત છે અથવા રાત હોવામાં વહેમ હતો અથવા એવા ખ્યાલથી રોઝો છોડી નાખ્યો કે સૂરજ આથમી ગયો છે જ્યારે કે ખરેખર આથમ્યો ન હતો અથવા બે માણસોએ ગવાહી આપી કે સૂર્ય આથમી ગયો છે અને બે માણસોએ ગવાહી આપી કે હજી દિવસ છે એવા સંજોગોમાં રોઝો ઈફતાર કરી નાખ્યો, પાછળથી ખબર પડી કે ખરેખર સૂર્ય આથમ્યો ન હતો. આવા બધાય સંજોગોમાં ફક્ત કઝા જરૂરી છે, કફ્ફારો નહીં. *(દુર્રે મુખ્તાર, બહાર વગેરે)*

**મસ્અલો** : મુસાફિર મુકીમ થયો, હૈઝવાળી, નિફાસવાળી સ્ત્રી પાક થઈ ગઈ, પાગલ હોશમાં આવ્યો, બીમાર હતો સારો થઈ ગયો, કોઈકનો રોઝો હતો તે તૂટી ગયો ભલે કોઈએ બળજબરીથી તોડાવ્યો કે ભૂલથી પાણી કે કાંઈક ગળામાં જતું રહ્યું અને તેનાથી તૂટી ગયો, રાત સમજી ઈફતાર કરી નાખ્યો જ્યારે કે હજુ સૂર્ય બાકી હતો, આવા દરેક સંજોગોમાં જેટલોય દિવસ બાકી રહે તે પૂરા ટાઈમને રોઝાની જેમ પૂરો કરવો વાજિબ છે અને એ દિવસનો રોઝો કઝા રાખવો પણ જરૂરી છે. પરંતુ નાબાલિગ બાલિગ થઈ ગયો અથવા કાફિર દિવસે મુસલમાન થયો તો એના ઉપર એ દિવસના રોઝાની કઝા વાજિબ નથી, ફક્ત દિવસનો બાકીનો સમય રોઝદારની જેમ પૂરો કરવો એમના ઉપર પણ વાજિબ છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : બાળકની ઉંમર ૧૦ વરસની થઈ જાય તો રોઝો રાખવાની શક્તિ ધરાવતો હોય તો રોઝો રખાવવો, ન રાખે તો મારીને પણ રખાવવો. રોઝો રાખવાની શક્તિ ધરાવતો હોય છતાં રાખીને તોડી નાખ્યો તો કઝાનો હુકમ લાગુ પડશે નહીં, જો નમાઝ તોડી નાખે તો ફરીથી પઢાવવી. *(રદ્દુલ મુહતાર, બહાર)*

**મસ્અલો** : સુબ્હ સાદિક થવા પહેલાં સ્ત્રી સંભોગમાં હતો પરંતુ સુબ્હ સાદિક શરૂ થતાં જ દૂર થઈ ગયો તો કાંઈ નહીં અને એ જ હાલતમાં રહ્યો તો કઝા વાજિબ છે, કફ્ફારો નહીં. *(રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : ભૂલથી સંભોગમાં મશગૂલ થયો યાદ આવતાં જ દૂર થઈ ગયો તો માફ છે પરંતુ જો એવી જ હાલતમાં રહ્યો તો કઝા વાજિબ છે, કફ્ફારો નહીં. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલો** : મૈયતના કઝા રોઝા થઈ ગયા હતા તો એનો વારિસ–વાલી એના તરફથી ફિદયો આપે જ્યારે મૃત્યુ પામનારે વસિયત કરી હોય અને પોતાની પાછળ માલ પણ છોડયો હોય, નહીંતર વાલી (વારિસ) ઉપર જરૂરી નથી, આપે તો બેહતર છે. *(બહારે શરીઅત)*

## રોઝો તોડનારી તે બાબતોનું બયાન કે જેનાથી કફ્ફારો પણ જરૂરી છે

રમઝાનનો રોઝો જાણીબુઝીને તોડી નાખવાથી કફ્ફારો પણ જરૂરી છે. રોઝો તોડવાનો કફ્ફારો એ છે કે, એક લોંડી ગુલામ આઝાદ કરવી અથવા ૬૦ રોઝા બરાબર એકી સાથે રાખવા અને એ ન બની શકે તો **૬૦ મિસ્કીનોને પેટ ભરીને બે ટાઈમ ખાવા ખવડાવવું.** ૬૦ રોઝા રાખવાની પરિસ્થિતિમાં એક પણ રોઝો વચમાં ગમે ત્યાં છૂટી ગયો તો ત્યાંથી

ફરીથી ૬૦ ગણવા. પહેલાં રાખેલા ગણાશે નહીં. (મતલબ લગાતાર સાઈઠ રોઝા થવા જોઈશું.) દા.ત. ૫૯ રાખ્યા હતા સાઈઠમો રાખ્યો ન હતો કે બીમાર વગેરે લાચારીને કારણે. તો ફરીથી એકી સાથે સાઈઠ રાખવા. પહેલાં ૫૯ રાખેલા બેકાર થયા. પરંતુ હા ! સ્ત્રીને હૈઝ આવે તે કારણે જેટલા દિવસો ન રાખી શકી તો તે છૂટેલા નહીં ગણાય અર્થાત પહેલાંના રોઝા તેમજ હૈઝની પછીના રોઝા એ એકી સાથે મળી સાઈઠ થતાં કફ્ફારો પૂરો થયો ગણાશે. *(રદ્દુલ મુહ્તાર, બહાર, આલમગીરી)*

રોઝો તોડવાથી કફ્ફારો લાગુ પડવાની થોડીક શરતો છે :–

(૧) રમઝાન મહિનામાં રમઝાનનો રોઝો અદા કરવાની નિય્યતથી રોઝો રાખ્યો હોય. (૨) રોઝો રાખનાર મુકીમ હોય મુસાફર ન હોય. (૩) મુકલ્લફ હોય (એટલે કે આકિલ, બાલિગ હોય) (૪) રમઝાનના રોઝાની રાત્રે જ નિય્યત કરી હોય. જો રમઝાનના રોઝાની જેને તોડયો તેની દિવસે નિય્યત કરી છે તો તેનો કફ્ફારો નથી. (૫) રોઝો તોડયા પછી કુદરતી રીતે પોતાના કબ્જામાં હોય તેવી એવી કોઈ બાબત બની કે જેને કારણે રોઝો છોડવાની ઈજાઝત છે, જેમ કે હૈઝ કે નિફાસ આવ્યું કે બીમારી આવી પડી જેમાં રોઝો ન રાખવાની ઈજાઝત છે તો કફ્ફારો લાગુ પડશે નહીં. પરંતુ **રોઝો તોડયો પછી** એવી કોઈ બાબત બની કે જે પોતાના કબ્જા (ઈખ્તિયાર)માં હતી જેમ કે પોતે જ પોતાની જાતને ઝખ્મી કર્યો કે જેથી માઅઝૂર લાચાર બન્યો કે રોઝો રાખવા માટે શક્તિશાળી ન રહ્યો કે પછી મુસાફિર થઈ ગયો તો એવી બાબતોથી તેનો કફ્ફારો ઉતરશે નહીં, જેમ કે એ ચીજો ઈખ્તિયારી છે પોતે ધારતો તો તે ન કરતે. માટે કફ્ફારો આપવો જરૂરી રહેશે. *(દુર્રે મુખ્તાર, આલમગીરી, ઝૌહરા, બહાર)*

**મસ્અલો** : રોઝદારે જાણીબુઝી કોઈક દવા પીધી કે ખોરાક ખાધો, પાણી પીધું કે સ્વાદ–મજા માટે કોઈ ચીજ ખાધી, પીધી અથવા સ્ત્રી, પુરૂષ સાથે શેહવતની ઉંમરે પહોંચી ગયેલ હોય તેના આગળ કે પાછળના મુકામમાં સંભોગ કર્યો ભલે વિર્ય નીકળ્યું કે નીકળ્યું અથવા તે રોઝદાર સાથે સંભોગ કરવામાં આવ્યો હોય એ બધીય હાલતોમાં રોઝાની કઝા અને કફ્ફારો બંને જરૂરી છે.

**મસ્અલો** : કોઈક એવું કામ કર્યું કે જેના વડે રોઝો તૂટવાનો હુકમ લાગુ પડતો ન હોય પરંતુ એવું સમજી લીધું કે રોઝો તૂટી ગયો પછીથી જાણીબુઝીને ખાઈ, પી લીધું. દા.ત. નસ્તર મરાવ્યું કે લોહી ખેંચાવ્યું, સૂરમો લગાડયો, જાનવરથી સંભોગ કર્યો અથવા સ્ત્રીથી વાસના સાથે અડક્યો, ચુંબન કર્યું કે સાથે સૂવડાવી પરંતુ એવા કૃત્યોથી વિર્ય નીકળ્યું નથી અથવા જાજરૂની જગ્યાએ સૂકી આંગળી નાખી હવે એ કામો પછી તેણે જાણીબુઝીને ખાઈ, પી લીધું તો એવી કોઈપણ પરિસ્થિતિમાં રોઝાની કઝા અને કફ્ફારો બંને જરૂરી છે. જો તે બધીય હાલતોમાં કે જેનાથી રોઝો છૂટવાનો ઈરાદો તો ન થતો હતો પરંતુ એણે છૂટી ગયાનો ખ્યાલ કરી લીધો (એટલે કે ઉપરના કોઈક કામથી રોઝો તૂટતો ન હતો પરંતુ એણે તૂટી જવાનો ખ્યાલ કરી લીધો) અથવા તો કોઈક મુફતીએ ફત્વો આપી દીધો હતો કે રોઝો તૂટી ગયો વળી તે મુફતી એવો હોય કે જેના ઉપર શહેરવાળા ભરોસો કરતા હોય તેનો ફત્વો આપવાથી તેણે જાણી બુઝીને ખાધું, પીધું અથવા એણે કોઈ હદીષ સાંભળી હતી જેનો ખરો અર્થ એ સમજી શક્યો નહીં અને એનો ખોટો અર્થ સમજીને સમજ્યો કે રોઝો તૂટી ગયો પછી જાણી બુઝીને ખાઈ, પી લીધું તો હવે કફ્ફારો જરૂરી નથી. ભલે પછી મુફતીએ ખોટો ફત્વો આપ્યો કે એણે જે હદીષ સાંભળી તેનો કોઈ સબૂત ન હોય. *(દુર્રે મુખ્તાર, બહાર)*

## જે બાબતોનું બયાન જેનાથી રોઝો તૂટતો નથી

**મસ્અલો** : ભૂલથી ખાધુ, પીધું કે સંભોગ કર્યો તો રોઝો ન તૂટયો.

**મસ્અલો** : માખી, મચ્છર, ધુમાડા, ધૂળ ગળામાં જતા રહેવાથી રોઝો નથી તૂટતો પરંતુ જાણી બુઝીને ધુમાડા લીધા તો રોઝો તૂટી જશે, પરંતુ એ ત્યારે કે

રોઝદાર હોવાનું પોતાને યાદ હોય. (દા.ત. લોબાન, અગરબત્તી કે કોઈ ધુણી સળગાવી મોં તેની પાસે લઈ જઈ ધુમાડા નાકમાં ખેંચ્યા તો રોઝો તૂટી ગયો.)

**મસ્અલો** : ભરેલી સેંગી લગાડી, તેલ કે સૂરમો લગાડયો તો રોઝો ન તૂટયો ભલે તે કે સૂરમાનો સ્વાદ ગળામાં જણાતો હોય બલ્કે થૂંકમાં સૂરમાનો રંગ પણ જણાય તો પણ રોઝો તૂટશે નહીં. *(રદુલ મુહ્તાર, ઝૌહરા, બહાર)*

**મસ્અલો** : માખી ગળામાં જતી રહેવાથી રોઝો તૂટશે નહીં પરંતુ જાણી બુઝીને ગળી ગયો તો રોઝો તૂટી ગયો. *(આલમગીરી, બહાર)*

**મસ્અલો** : વાત કરવામાં થૂંકથી હોઠ ભીના થયા તે થૂંકને ગળી ગયો અથવા મોંમા ગળફો આવ્યો તેને ગળી ગયો તો રોઝો ન તૂટયો પરંતુ એવી બાબતોથી બચવું જરૂરી છે. *(આલમગીરી, રદુલ મુખ્તાર, બહાર)*

**મસ્અલો** : દાંતોમાંથી લોહી નીકળી ગળા સુધી પહોંચ્યું પરંતુ ગળાથી નીચે ન ઉતર્યું તો રોઝો તૂટયો નહીં. *(દુર્રે મુખ્તાર, ફત્હુલ કદીર)*

**મસ્અલો** : ભૂલથી ખાવા ખાઈ રહ્યો હતો યાદ આવતાં જ કોળિયો થૂંકી નાખ્યો તો રોઝો ન તૂટયો અને ગળી ગયો તો રોઝો તૂટી ગયો. *(આલમગીરી)*

**મસ્અલો** : સુબ્હ સાદિક઼ શરૂ થવા પહેલાંથી ખાવા ખાઈ રહ્યા હતો ખાતાં ખાતાં સુબ્હ સાદિક઼ થવા લાગી, સુબ્હ સાદિક઼ શરૂ થતાં જ કોળિયો કાઢી નાખ્યો તો રોઝો ન તૂટયો પરંતુ ખાઈ ગયો તો તૂટી ગયો. *(આલમગીરી)*

**મસ્અલો** : તલ કે તલ બરાબરની કોઈક ચીજ દાંતો વડે ચાવી અને તે થૂંક સાથે ગળામાં ઉતરી ગઈ તો રોઝો ન તૂટયો પરંતુ એનો સ્વાદ ગળામાં જણાશે તો રોઝો તૂટી જશે. *(ફત્હુલ કદીર)*

**મસ્અલો** : દવા વાટી કે આટો ચાર્યો એનો સ્વાદ ગળામાં જણાયો તો રોઝો ન તૂટયો. *(દુર્રે મુખ્તાર, ફત્હુલ કદીર વગેરે)*

**મસ્અલો** : ગીબત કરી અર્થાત બીજાની પીઠ પાછળ બુરાઈ કરી તો રોઝો ન તૂટયો જો કે ગીબત કરવી મહા ભયંકર પાપ છે. (કુર્આન શરીફમાં ગીબત કરનાર વિશે ફર્માવ્યું છે કે, "જેમ કે તે પોતાના મરેલા ભાઈનું ગોશ્ત ખાય છે." અને હદીષ શરીફમાં છે કે, "ગીબત વ્યભિચારથી પણ ખરાબ છે.) ગીબતના કારણે રોઝાની નૂરાનિયત જતી રહે છે." *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : ચુંબન લીધું પરંતુ વિર્ય ન નીકળ્યું તો રોઝો ન તૂટયો, એવી જ રીતે સ્ત્રીની તરફ બલ્કે એની શર્મગાહ તરફ નજર કરી પરંતુ હાથ નથી લગાડયો છતાં વિર્ય નીકળી ગયું, ભલે વારંવાર જોવાથી સમાગમના વિચારો કરવાથી, કેમ કે વિચારોમાં રોઝો તૂટશે નહીં. *(દુર્રે મુખ્તાર, ઝૌહરા)*

**મસ્અલો** : ઊંઘમાં વિર્ય સ્ખલન થયું તો રોઝો ન તૂટયો.

**મસ્અલો** : જનાબતની હાલતમાં સવાર કરી બલ્કે જો આખોય દિવસ નહાયા વિનાની હાલતમાં રહ્યો તો રોઝો તો થઈ જશે પરંતુ નાપાકીની હાલતમાં એટલે મોડે સુધી રહેવું કે નમાઝ કઝા થઈ જાય તે ગુનોહ અને હરામ છે. હદીષમાં છે કે જુનૂબ (નહાવાની હાજતવાળો) જે ઘરમાં હોય છે તેમાં રહમતના ફરિશ્તા આવતા નથી. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલો** : પેશાબ પાખાનાની જગ્યાઓ સિવાયની જગ્યાએ સંભોગ કર્યો તો જ્યાં સુધી વિર્ય નથી નીકળ્યું રોઝો તૂટશે નહીં. એવી જ રીતે હસ્ત મૈથુનથી વિર્ય કાઢવામાં પણ જ્યાં સુધી વિર્ય ન નીકળે રોઝો તૂટશે નહીં. પરંતુ આવું કામ કરવું ભયંકર હરામ કૃત્ય છે. હદીષ શરીફમાં એવા માણસને મલઊન કહ્યો છે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

## જેનાથી રોઝો મકરૂહ થાય છે

**મસ્અલો** : જૂઠું બોલવું, ચાડી કરવી, ગીબત કરવી, ગાળો બોલવી, બેકાર બકવાસ કરવો, કોઈને તકલીફ આપવી આ વાતો આમ પણ હરામ અને નાજાઈઝ છે. રોઝામાં સખત હરામ અને નાજાઈઝ છે અને એવી વાતોથી રોઝો મકરૂહ થાય છે.

**મસ્અલો** : રોઝદારે વિના મજબૂરીએ કોઈક ચીજ ચાવવી કે ચાખવી મકરૂહ છે ચાખવા માટે મજબૂરીના બહાનાંઓ આ છે જેમ કે :–

(૧) ધણી કે માલિક ખરાબ સ્વભાવનો છે નમક–મીઠુ ઓછુ વત્તુ હશે તો તેના ગુસ્સાનો ભોગ બનવું પડશે, તો તે કારણે ચાખવામાં વાંધો નથી. ચાવવા માટેની મજબૂરીનું કારણ દા.ત. એટલું નાનું બાળક છે કે રોટલી નથી ખાઈ શકતો અને કોઈ નરમ ખોરાક નથી જે એને આપી શકાય, વળી ન તો કોઈ રોઝા વિનાનું માણસ ત્યાં હાજર છે કે જે ચાવીને આપી શકે તો બાળકને ખવડાવવામાં રોટલી વગેરે ચાવીને આપવામાં વાંધો નથી. (દુર્રે મુખ્તાર) ચાખવાનો અર્થ એ નથી જે આજકાલ રિવાજ પ્રમાણે બોલવામાં આવે છે કે કોઈ ચીજનો સ્વાદ જાણવા માટે તેમાંથી થોડી ખાઈ લેવામાં આવે છે એવું ચાખવાથી રોઝો મકરૂહ જ નહીં બલ્કે બિલકુલ જતો રહેશે (તૂટી જશે). વળી જો કફ્ફારાની શરતો લાગુ પડતી હશે તો કફ્ફારો પણ જરૂરી રહેશે, **ચાખવાનો મતલબ એ છે કે કોઈ ચીજને જીભ ઉપર ગળામાં કાંઈપણ જવા ન પામે તો નહીં તો રોઝો તૂટી જશે.**

**મસ્અલો** : કોઈ ચીજ ખરીદી અને એનું ચાખવું જરૂરી હોય, જો ન ચાખે તો નુકસાન થશે એમ હોય તો ચાખી શકે છે વાંધો નથી. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : સ્ત્રીને ચુંબન કરવું, ગળે લગાડવી, શરીર સ્પર્શ કરવું મકરૂહ છે જ્યારે કે વિર્ય સ્ખલનનો ડર હોય અથવા સંભોગ થઈ જવાનો ડર હોય. સ્ત્રીના હોઠ કે જીભ ચૂંસવા રોઝાની હાલતમાં મકરૂહ છે ભલે વિર્ય સ્ખલન કે સંભોગનો ડર હોય કે ન હોય એ જ રીતે મુબાશિરતે ફાહેશા પણ મકરૂહ છે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલો** : ગુલામ, મુશ્ક વગેરે સુગંધી સૂંઘવી, દાઢી, મૂંછમાં તેલ લગાડવું, સૂરમો લગાડવો મકરૂહ નથી પરંતુ જો સુંદરતા માટે સૂરમો લગાડયો કે દાઢીમાં તેલ એટલા ખાતર લગાડયું કે દાઢી વધી જાય હાલાં કે એક મુઠ્ઠી જેટલી છે તો આ બંને વાતો રોઝા વિના પણ મકરૂહ છે અને રોઝામાં એથી વધુ. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : વુઝૂ અને નહાવા સિવાય ઠંડક પહોંચાડવાના તલબથી કોગળા કરવા કે નાકમાં પાણી નાખવું કે ઠંડક માટે નહાવું બલ્કે શરીર ઉપર ભીંગવેલું કપડું લપેટવું મકરૂહ નથી. પરંતુ પરેશાની તકલીફ જાહેર કરવા કપડું લીલું કરી લપેટવું મકરૂહ છે એટલા કારણે કે ઈબાદતમાં દિલનું પરેશાન જાહેર થવું ઠીક વાત નથી. *(આલમગીરી, રદ્દુલ મુહ્તાર, બહાર)*

**મસ્અલો** : મોં માં થૂંક ભેગું કરી ગળી જવું રોઝા વિનાની હાલતમાં પણ સારું નથી. રોઝામાં તો એ મકરૂહ છે. *(આલમગીરી, બહાર, બહાવાલા ક઼ાનૂને શરીઅત)*


*હુઝૂર ﷺના "અતાઈ ઈખ્તિયારો" તથા "કમાલો"ને કુર્આન, હદીષ તથા અક઼વાલથી સાબિત કરતી લાજવાબ કિતાબ અંગ્રેજીમાં મેળવો. (Regarding power bestowed to Rasoolullah ﷺ)*

**Al-Amnu Wa al Ula (અલ્ અમ્નુ વલ ઉ઼લા)** *Price Rs. 250/-*

**WRITER :** Ala Hazrat Imam Ahmad Raza Muhaddithe Barelvi رضی اللہ عنہ

**TRANSLATER :** Maulana Husain Qadri (S/o. Maulana Iqbal Misbahi Vorasamniwala)

**PUBLISHED BY :** Maktabe Qadaria-Bolton, U.k. (Mob. 7753841601)

**AVAILABEL AT. : SUNNI DAWATE ISLAMI** (Dayadara Barnch)

C/o. Faizane Raza Manzil, At. & Po. **DAYADARA**, Pin. 392020

Dist. : Bharuch (Gujarat) India, Ph. 02642-280011, Mobile No. 9427464411

# ઝકાતનું
## ઈસ્લામમાં મહત્વ અને આપણે

રજૂકર્તા : **હાફિઝ અબ્દુર્રહમાન દાઊદ પટેલ-પારખેત**
*(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)*

પ્યારા આકા ﷺના પ્યારા દીવાનાઓ ! આપણે મુસલમાન છીએ. ઈસ્લામના કાનૂન તથા તેના ફર્ઝ, વાજિબ અને નબીએ કરીમ ﷺની સુન્નતો પર અમલ કરવો એ મુસલમાનની શાન છે, અને એ જ તેની કામયાબી તથા સફળતાનો જામિન છે. ઈસ્લામના કાનૂનોમાં સૌથી વિશિષ્ટ અને ટોચ પર "ફર્ઝ" છે કે જેને એકવાર પણ જાણી જોઈ છોડી દેવાથી સખત ગુનો અને અઝાબનો સબબ છે. આ જ ફર્ઝોમાં એક બહુ જ મહત્વનો ફર્ઝ ઝકાત પણ છે. ઝકાત આપવી દરેક મો'મિન, આકિલ, બાલિગ, સાહિબે નિસાબ પર ફર્ઝ છે.

પ્યારા મિત્રો ! ઝકાત આપવી **ફર્ઝ** છે, તેનો ઈન્કાર કરનાર **કાફિર** છે, ઝકાત આપવામાં મોડુ કરનાર ગુનેહગાર અને ઝકાત ન આપનાર ફાસિક, ફાજિર તથા મરદૂદુશશહાદહ છે કે જેની ગવાહી શરીઅતમાં સ્વીકાર્ય નથી. અને ઝકાત ન આપવાથી બીજા ઘણાય નુકસાનો છે. અને ઝકાત આપવાના ખૂબ જ ફાયદાઓ પણ છે. ઝકાતની ફઝીલત રજૂ કરતાં પહેલાં ઝકાત વિશે થોડીક માહિતી રજૂ કરું છું.

### ★ ઝકાત શા માટે ?! ★

મારા પ્યારા ભાઈઓ ! દુનિયામાં ફક્ત ઈસ્લામ જ એક એવો મઝહબ છે જેણે માણસને તેનો દરેક હક્ક આપ્યો. ઈસ્લામે અંદરથી લઈને બહાર સુધી અને જાહેરથી લઈને બાતિન સુધી તથા જન્મથી મૃત્યુ સુધી દરેક ક્ષણ કેવી રીતે વિતાવવી તેની તા'લીમ આપણને આપેલ છે. તેવી જ રીતે માલના પણ એહકામ ઈસ્લામમાં બયાન કરવામાં આવ્યા છે કે માલ કેવી રીતે કમાવવો, કેવો કમાવવો, ક્યાં ખર્ચ કરવો......વગેરે. ઈસ્લામે માલને ખુદાની રાહમાં ખર્ચ કરવા માટે ઘણા માર્ગો દેખાડયા પણ તેમાં સૌથી શ્રેષ્ઠ "ઝકાત" છે. ઝકાત આપવાથી ગરીબી દૂર થાય છે. ફક્ત અમીરો જ માલથી ફાયદો નથી ઉઠાવતા પરંતુ ગરીબો પણ પોતાનો હક્ક મેળવે છે. આ છે ઈસ્લામનું બંધારણ કે ઝકાત આપો જેથી તમારા માલ દ્વારા દરેક મુસલમાન ખુશીથી જિંદગી વિતાવી શકે. અને આ બંધારણ બીજા કોઈ ધર્મમાં જોવા મળતુ નથી. હવે આવો કુર્આન તથા હદીષથી ઝકાતની ફઝીલત સમજીએ અને પોતાનામાં ઝકાત આપવાનો જઝબો પૈદા કરીએ.

અને ઝકાતનો અર્થ શબ્દકોશમાં "વધવુ" છે. એટલે કે તેને અદા કરવાથી માલમાં બરકત અને નફ્સમાં કરમ અને સખાવત પેદા થાય છે. અથવા "ઝુકા"થી બન્યું છે જેનો અર્થ "પાકી" છે એટલા માટે કે ઝકાત આપવાથી માલ પાક થઈ જાય છે. અને તેને ઝકાત કહેવાનું કારણ ઉપર દર્શાવ્યા પ્રમાણે એ છે કે તેનાથી માલ પાક અને બરકતવાળો થઈ જાય છે અને બખીલીની નાપાકીથી દૂર થઈ જાય છે, અને તમારો નફ્સ સખાવતનો આદી (આદતવાળો) બની જાય છે.

### ★ ઝકાત કુર્આનની રોશનીમાં ★

પ્યારા ભાઈઓ ! અલ્લાહ તબારક વ તઆલાએ સદકા અને ઝકાતનું બયાન પોતાની પાક કિતાબમાં ઘણી જગ્યાઓએ ફર્માવ્યું છે. સૂરએ બકરહમાં પોતાના નેક બંદાઓની સિફતો (ખૂબીઓ) બયાન કરતાં ફર્માવ્યું, "અને તે અમારી આપેલી રોજીથી (અમારી રાહ)માં ખર્ચ કરે છે." *(આયત : ૩)* અને એ જ સૂરતે મુબારકામાં છે : "અને નમાઝ કાયમ કરો અને ઝકાત આપો." *(આયત : ૪૩)* આ વાક્ય કુર્આનમાં પુષ્કળ પ્રમાણમાં આવ્યું છે.

અને બીજી એક જગ્યાએ ઈર્શાદ ફર્માવ્યું, "(કામયાબ મો'મિન તે છે) જે ઝકાત અદા કરવાનું કામ કરતા રહે છે." *(સૂરએ મુઅ્મિનૂન, આયત : ૪)*

અને સદકો તથા ઝકાત આપવાથી માલ પાક સાફ થઈ જાય છે તેને આ રીતે બયાન ફર્માવ્યું, "હે મહબૂબ ! ﷺ તેમની માલોમાંથી સદકો (તથા ઝકાત) વસૂલ કરો જેની સાથે તેમને સુથરા તથા પાક કરી દો અને તેમના માટે દુઆએ ખૈર ફર્માવો." *(સૂ. તૌબા, આયત : ૧૦૩)*

અને સૂરએ રૂમમાં ઈર્શાદ ફર્માવ્યો : "અને ઝકાત તમે પોતાના અલ્લાહની ખુશી માટે અદા કરો છો આ જ (ઝકાત આપનારા) લોકો પોતાનો માલ વધારનારા છે." *(આયત : ૩૯)*

પ્યારા મિત્રો ! ઝકાતની ફઝીલત તો જુઓ ! સૌ પ્રથમ તો તેને અદા કરવાનો કુર્આનમાં ઠેક ઠેકાણે હુકમ આપવામાં આવ્યો, પછી અલ્લાહ તઆલાએ તેને પોતાના નેક બંદાઓની સિફત કહી અને કામયાબ મો'મિનની નિશાની પણ દર્શાવી. અને ઝકાત આપવાથી માલ પાક થાય છે. અને સૌથી મોટી વાત તો એ કે માલ વધવાનું કારણ પણ ઝકાત છે. પરંતુ આજે લોકો ઝકાત આપવામાં જાત જાતના બહાનાં કાઢે છે. ક્યારેક કહે છે કે મારા પર તો કરજ છે ! તો વળી કહે છે કે અમારી પાસે માલ જ ક્યાં છે ! અને સમજે છે કે ઝકાત આપવાથી માલ ઘટી જશે. તો એવા લોકોએ જોઈએ કે મુસલમાન હોવા છતાં ફરજથી દૂર ભાગી જહન્નમના માર્ગે ન જાય, બલ્કે ઝકાત અદા કરી પોતાના માલમાં વધારો તથા પાકી પેદા કરે અને જન્નતના માર્ગે જવાની કોશિશ કરે.

### ★ ઝકાત હદીષની રોશનીમાં ★

રસૂલે કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "ઝકાત ઈસ્લામનો પુલ છે." *(તિબ્રાની)*

અને બીજી એક હદીષમાં ફર્માવ્યું, **"જે વ્યક્તિ અલ્લાહ અને તેના રસૂલ પર ઈમાન રાખતો હોય તે પોતાના માલની ઝકાત અદા કરે."** *(અત્તરગીબ વત્તરહીબ–૩૦૦)*

અને એક વ્યક્તિએ હુઝૂર ﷺની બારગાહમાં આવી અર્ઝ કરી કે આપ તે વ્યક્તિ વિશે શું ફર્માવો છો જેણે પોતાના માલની ઝકાત અદા કરી દીધી હોય ? રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **"જેણે પોતાના માલની ઝકાત અદા કરી દીધી તો બેશક ! તેના માલની બુરાઈ દૂર થઈ ગઈ."** *(અત્તરગીબ વત્તરહીબ–૨૯૯)*

પ્યારા મિત્રો ! હદીષમાં ઝકાતને ઈસ્લામનો (જન્નતમાં જવા માટેનો) પુલ બતાવ્યો છે અને મો'મિનને ઝકાત અદા કરવાનો હુકમ આપ્યો છે. અને એ પણ જાણવા મળ્યું કે ઝકાત આપવાથી માલનું રક્ષણ થાય છે જેને હુઝૂર ﷺએ બીજી હદીષમાં સ્પષ્ટ બયાન ફર્માવ્યું કે, "ઝકાત અદા કરી પોતાના માલોનું રક્ષણ કરો." *(અત્તરગીબ વત્તરહીબ–૨૯૯)*

હવે જે લોકો ઝકાતને ટેક્ષ તથા માલમાં ઘટાડાનું કારણ સમજે છે તેઓમાં જરા પણ ઈમાનની કદર હોય તો આ હદીષ શરીફથી ઈબ્રત હાંસલ કરે.

અને ખુદા વ રસૂલ ﷺની મહોબ્બતના નારા લગાડનારાઓ પણ વિચાર કે ઝકાત આપવી ફક્ત નામની નથી પરંતુ મહોબ્બતનો સબૂત પણ છે. કેમ કે પૈસાનું મૂળ દિલમાં છે, માણસ હજાર વખતે જીભ વડે મહોબ્બતનો દાવો કરે તો યકીન નથી થઈ શક્તું પરંતુ જ્યારે મુસલમાન પોતાનો માલ ખુદા વ રસૂલની મહોબ્બતમાં દીનની રાહમાં ખર્ચ કરે તો યકીન થઈ જાય છે કે આ મહોબ્બતનો સાચો દાવેદાર છે. હજાર મહોબ્બતના જૂઠા દાવેદારો આ પરીક્ષામાં કામયાબ ન થઈ શક્યા. કારૂન ઈમાનનો દાવેદાર હતો પણ ઝકાત ન આપી તો તેની મુનાફિક્ત જાહેર થઈ ગઈ. માટે જો તમે ખુદા વ રસૂલની મહોબ્બતની આ પરીક્ષામાં સફળ થવા માંગો છો તો ઝકાત આપો અને માલ કે જે માણસને સૌથી સારો લાગે છે તેને ખુદાની રાહમાં આપી પોતાના ઈમાન તથા મહોબ્બતનો સબૂત આપો.

### ★ ઝકાત ન આપનારાઓ સાવધાન ! ★

વ્હાલા મિત્રો ! ઝકાતની આટલી બધી ફઝીલત છે પરંતુ આજે લોકોનો હાલ કાંઈક જુદો જ થઈ ગયો છે. ઝકાત જેવા મહત્વના ફર્ઝને અમુક લોકો ટેક્ષ સમજે છે. કેટલાક લોકો તો વળી છ મહિના

પોતાના નામ પર પૈસા રાખે છે અને બેંકમાં છ મહિના પત્નીના નામ પર અને કહે છે કે અમારા પર ઝકાત નથી ! અને જે લોકો ઝકાત કાઢે છે તેમાં ઘણા લોકો મોટાભાગે પૂરી કાઢતા જ નથી. કરોડો રૂપિયાના માલિક હોવા છતાં વીસ પચ્ચીસ હજાર રૂપિયા ઝકાત કાઢી સમજે છે કે અમે બહુ ઝકાત આપી દીધી, અને વળી કેટલાક તો સદંતર આપતા જ નથી ! ઘણી સ્ત્રીઓ ઘરેણા તો ખૂબ રાખે છે પણ ઝકાત કાઢવામાં કંજૂસાઈ કરે છે ! બલ્કે ઝકાતના મસ્અલા પ્રતિ ધ્યાન જ નથી ધરતી ! તો એવા લોકો સાંભળી લે કે ઝકાત અદા કરવાની જેટલી ફઝીલત છે તેટલી જ ઝકાત અદા ન કરવાની સજા પણ છે.

ઝકાત ન આપનાર વિશે અલ્લાહ તબારક વ તઆલા કુર્આને મજીદમાં ફર્માવે છે : **"અને તે લોકો જે સોના ચાંદી જમા કરે છે અને તેને ખુદાની રાહમાં ખર્ચ નથી કરતા તેમને (હે મહબૂબ ! ﷺ) દર્દનાક અઝાબની ખુશખબરી સંભળાવી દો ! જે દિવસે તેને (સોના ચાંદી) જહન્નમની આગમાં તપાવવામાં આવશે પછી તેની સાથે તેમના કપાળો, પાસાંઓ અને પીઠો ડામવામાં આવશે."** (અને કહેવામાં આવશે કે) આ છે તે બધું જે તમે પોતાના માટે જોડી રાખ્યું હતું. હવે પોતાના આ જોડવાનો (જમા કરવાનો) અઝાબ ચાખો." *(સૂ. તૌબા, આયત : ૩૪, ૩૫)*

હવે તમે જાતે જ વિચારો કે ઝકાત નહીં આપો તો તમારી શી હાલત થશે ? કેટલો સખત અઝાબ છે કે કયામતના દિવસે તે જ માલથી તમને ડામ દેવામાં આવશે અને હદીષ શરીફમાં પણ હુઝૂર ﷺએ સખત ધમકીઓ બયાન ફર્માવી છે. જેમ કે હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "ઝકાત રોકી લેવાવાળો (ન આપનાર) કયામતના દિવસે જહન્નમની આગમાં હશે." *(તિબ્રાની)*

અને હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریمથી રિવાયત છે કે આપ ﷺએ ફર્માવ્યું, જે વ્યક્તિને અલ્લાહ તઆલાએ માલ અતા ફર્માવ્યો પછી તેણે તેની ઝકાત અદા ન કરી તો કયામતના દિવસે તે માલને ગંજા સાપની સૂરતમાં લાવવામાં આવશે. તેની આંખો પર બે કાળા ધબ્બા હશે અને તેને માલદારના ગળામાં નાખવામાં આવશે. પછી તે તેની બંને બાંયો (હાથો) પકડીને કહેશે, 'હું છું તારો માલ ! હું છું તારો ખજાનો !' (અત્તરગીબ વત્તરહીબ, બુખારી) પછી હુઝૂર ﷺએ આ આયતે કરીમા તિલાવત ફર્માવી :

**وَلَا يَحْسَبَنَّ الَّذِيْنَ يَبْخَلُوْنَ بِمَآ اٰتٰهُمُ اللّٰهُ مِنْ فَضْلِهٖ هُوَ خَيْرًا لَّهُمْ---الخ**

"અને જેઓ કંજૂસાઈ કરે છે એ ચીજમાં જે અલ્લાહે તેમને પોતાના ફઝ્લથી આપી, હરગિઝ તેને પોતાના માટે સારું ન સમજે બલ્કે તે એમના માટે બુરું છે. નજીકમાં જ તે જેમાં કંજૂસાઈ કરી કયામતના દિવસે તેમના ગળાનો તોક બનશે." *(પારા : ૪, સૂરએ આલે ઈમ્રાન, આયત : ૧૮૦)*

પ્યારા મિત્રો ! જરા વિચારો ! હુઝૂર ﷺ જાતે ઝકાત ન આપનાર પર લા'નત ફર્માવી રહ્યા છે. અને આખેરતના કેટલા સખત અઝાબો ઝકાત ન આપનાર માટે છે. એટલું જ નહીં બલ્કે ઝકાત ન આપવું એટલું બુરું છે કે તેની સજા દુનિયામાં પણ મળે છે. જેમ કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, "જે કૌમ ઝકાત આપવાનુ છોડી દે છે, અલ્લાહ તેનાથી વરસાદ રોકી લે છે." *(બયહકી)*

હવે તમે જ કહો કે દુનિયા તથા આખેરતના અઝાબમાં સપડાયને બર્બાદ થવું સારું કે પોતાના માલની ઝકાત કાઢી તેને બરકતવાળી બનાવી ખુદાની રઝા હાંસલ કરવી સારી છે ? જેના દિલમાં ખુદાનો જરા પણ ખૌફ હશે તે જરૂર પોતાના માલની ઝકાત આપી જન્નતનો માર્ગ અપનાવશે.

### ★ શું તમને શરમ નથી આવતી ?! ★

મારા ભાઈઓ ! જે લોકો સાહિબે નિસાબ હોવા છતાં ઝકાત નથી આપતા તેમને હું કહેવા માગું છું કે શું તમને શરમ નથી આવતી કે અલ્લાહ તઆલાએ તમને માલ તથા દૌલત અતા ફર્માવી અને વર્ષ પછી તેનો ચાલીસમો ભાગ પણ તમારાથી ખુદાના નામ

–કાયાલય

પર નથી આપી શકાતો ?! શું આ માલ તમે તમારી કાબેલિયતથી જ મેળવ્યો છે ?! જે દિવસે તમે પેદા થયા, શું લઈને આવ્યા હતા ? અને જ્યાં સુધી નાદાન રહ્યા શું કમાયા ?! એક ટાઈમનું ખાવાનું પણ તમારા ઈખ્તિયારમાં ન હતું. રડીને માંગતા તો નસીબ થઈ જતું. અને એક કપડુ તમારા શરીર પર ન હતું, કોઈએ રહમ કરી પહેરાવી દીધું, નહીં તો નગ્ન રહેતા. જો તે (અલ્લાહ) તમારી પરવરિશ ન ફર્માવ તો આ માલ ક્યાંથી મળતો ? અને હવે તેના નામ પર આપવામાં આટલા ગભરાવ છો ?! કેટલા આશ્ચર્યની વાત છે કે જો તમે એક વખતે કોઈના પર એહસાન કરો તો આખી જિંદગી તેની ફર્માંબરદારી ઈચ્છો છો, જાણે કે તેને ખરીદી લીધો હોય ! અને જો તેનાથી ભૂલથી તમારી મરજી વિરુદ્ધ કામ થઈ જાય તો કેટલા રોષે ભરાવ છો ! તો પછી ખુદા તઆલાએ તમારા પર દરેક ઘડીમાં હજારો એહસાન કર્યા, માલ દૌલત તથા બેશુમાર નેઅમતો અતા ફર્માવી અને વરસ બાદ પોતાના જ આપેલા માલમાંથી ચાલીસમો ભાગ તલબ ફર્માવે છે તે પણ તમારાથી નથી કાઢી શકાતો ?!

પ્યારા મિત્રો ! જે માલ તમે હજારો તકલીફો વેઠી મેળવ્યો અને દિલથી વધુ પ્યારો રાખ્યો તેની મહોબ્બતમાં ખુદાને તમે નારાજ કરો છો. યક઼ીન જાણો કે એક દિવસે તમારે મૌતને ઘાટ ઉતરવાનું છે. અને પછી કફનથી વધુ કાંઈ નહીં મળે અને ખુદાના અઝાબમાં સપડાશો. અને ઝકાત કાઢયા વિના માલ તમારી ઔલાદ માટે જમા કરો છો તો, તમારાથી મોટો બેવકૂફ કોણ કે બીજાના માટે પોતાની જાનને ખુદાના અઝાબમાં નાખે ?! એ તો બેવકૂફોનું કામ છે. હમેશાં ઝકાત અદા કરતા રહો અને પોતાના દિલ તથા માલને પાક કરો.

અલ્લાહ તઆલાથી દુઆ છે કે તેના હબીબ ﷺના સદક઼ામાં આપણને ઝકાત આપવાની નેક તૌફીક઼ અતા ફર્માવે. (આમીન)

## તરાવીહના ઈજારા વિશે

કાયાલય

### શરઈ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા–બરેલીનો ફૈંસલો

દેશભરમાં બલ્કે દેશ વિદેશમાં તરાવીહમાં ખત્મે કુર્આન શરીફનો જે રિવાજ તથા તરીક઼ો છે તે સૌમાં જાહેર છે. મોટાભાગના સ્થળો એવાં છે જ્યાં કુર્આન મજીદ સાંભળવા સંભળાવવા પર ઉજરત લેવા દેવાનો રિવાજ છે, બલ્કે અમુક સ્થળોએ ઉજરત પણ માલૂમ તથા નિશ્ચિત હોય છે અને એનાથી ઓછી ઉજરત અદા થતાં નારાજગી પ્રદર્શિત થાય છે. સામાન્યતઃ હાફિઝોની મશહૂર આદત એ જ છે કે તેમને કાંઈ ન મળે તો ન સંભળાવે અને સામાન્યતઃ મુસ્લિમોની પણ એ રીત છે કે જો ન સંભળાવે તો કાંઈ ન આપે.

તો આ બાબતે **હુઝૂર તાજુશ્શરીઅહ હઝરત અલ્લામા મુફ્તી અખ્તર રઝા સાહબ** مدظلہ العالی ની સદારતમાં એક સેમીનારમાં મુફિતયાને કિરામની ચર્ચાઓ બાદ નીચે પ્રમાણે ફૈંસલો નિશ્ચિત થયો. (વિસ્તૃત ચર્ચા માટે કિતાબ વાંચો : અહમ ફૈસલે)

**ફૈંસલો : (૧)** અસલ મઝહબના પ્રમાણે તરાવીહમાં કુર્આન શરીફની તિલાવત પર ઉજરત (મઝદૂરી) લેવી આપવી નાજાઈઝ તથા હરામ છે, ચાહે ઉજરત (કેટલી તે) માલૂમ હોય કે અધ્યાહન હોય. હા ! એવી રીત અપનાવવામાં આવે કે તરાવીહ પઢાવનારા પઢનારા હાફિઝોને નિશ્ચિત સમય અને નિશ્ચિત ઉજરત પર અજીર રાખી લે. દા.ત. એવું કહે કે સાત વાગે સાંજથી રાતના અગ્યાર વાગ્યા સુધી આટલા દિવસો માટે પાંચ હજાર રૂપિયામાં તમને ઈજારામાં લીધા, અને હાફિઝ કહે કે અમે ક઼બૂલ કર્યું. અને હાફિઝથી તરાવીહ પઢાવીને તેને નિશ્ચિત ઉજરત (મજદૂરી) આપવામાં આવે. ત્યારબાદ અમુક લોકો પોત પોતાની રીતે નઝરાણુ આપવા ચાહે તો આપી શકે છે, એમાં વાંધો નથી બલ્કે સવાબ છે.

**(૨)** મસ્જિદના નિશ્ચિત ઈમામને પણ ઈશાના ફર્ઝ બાદથી દા.ત. નવ વાગ્યાથી રાતના અગ્યાર વાગ્યા સુધી ઉજરત પર નક્કી કરવામાં આવે, પછી તેમનાથી તરાવીહ પઢાવવામાં આવે તો જાઈઝ છે. આ રીતે નિશ્ચિત સમયની જે ઉજરત નક્કી થશે તે નિશ્ચિત ઈમામ માટે લેવી જાઈઝ થશે.

**(૩)** ઉપરોક્ત હુકમ સાંભળનારા હાફિઝો (જેઓ લુકમો આપવા નિયુક્ત કરવામાં આવે છે તેમના) માટે પણ છે. વલ્લાહુ તઆલા અઅ્લમ. *(હવાલો : અહમ ફૈસલે, માર્ચ : ૨૦૧૧, પ્રકાશક : મર્કઝુદ્દિરાસતિલ્ ઈસ્લામિયહ્, જામિઅતુર્રઝા, મથરાપુર, સી.બી. ગંજ–બરેલી શરીફ, યુ.પી.)*

# ઝકાત સંબંધી અમુક મસાઈલ

રજૂકર્તા : **મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી** (સદરુલ મુદર્રિસીન દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

### દારુલ ઉલૂમવાળા ઝકાતનો શરઈ હીલો કરે

**સવાલ** : કોઈ જામિઆ, દારુલ ઉલૂમ કે મદ્રસાને ઝકાત આપવી કેવી કે જ્યાં બાળકો દીની તા'લીમ લઈ રહ્યાં છે તથા ત્યાં બહારના તલબા, ઉસ્તાદો વગેરેના રહેવા, જમવા તથા અન્ય સગવડોની વ્યવસ્થા જે તે ઈદારા થકી કરવામાં આવે છે.

**જવાબ** : કોઈપણ ઈસ્લામી મદ્રસા, જામિઆ (દારુલ ઉલૂમ), અંજુમનને ઝકાત ફિત્રાની રકમ એ શરત પર આપવી જાઈઝ છે કે તેનો મોહતમિમ કે સેક્રેટરી (વ્યવસ્થાપક) એ રકમને ખાસ તમલીકે ફક઼ીરમાં ખર્ચ કરે, કેમ કે ઝકાત અદા થવા માટે કોઈ મુસલમાન ફક઼ીર કે મિસ્કીનનું એ ઝકાતના માલ પર કબજો કરવું જરૂરી (શર્ત) છે. ધારો કે જો જામિઆના મોહતમિમે ઝકાત ફિત્રાના માલથી રસોડુ ચલાવ્યું અને તેનું ખાવા ફકીર તથા મિસ્કીન તલબાને ખવડાવતો રહ્યો, છતાં પણ ઝકાત અદા થશે નહીં, કેમ કે ખવડાવવામાં કેવળ અબાહત (કેવળ ખાવાની ઈજાઝત, માલિકી નહીં) ની સ્થિતિ જોવા મળે છે માલિકીપણુ નહીં, અને અહીં (ઝકાત અદા થવામાં) માલિક બનાવવું જરૂરી છે. ઝકાત તથા ફિત્રાની રકમથી જામિઆ કે દીની મદ્રસાનું બાંધકામ, ફર્શનું કામ તથા કર્મચારીઓ, મુદર્રિસોના પગારો નથી આપી શકાતા. જો મોહતમિમે કે નાઝિમે ઝકાતના પૈસાથી (ડાયરેક્ટ) આ સર્વ કામો કર્યાં તો તે સખત ગુનેહગાર જહન્નમના અઝાબના પાત્ર થયો. એના પર વાજિબ છે કે તૌબા કરે અને જેનાથી ઝકાતની રકમ લીધી છે તેમને પરત કરે.

ઝકાત ત્યાં સુધી અદા થશે નહીં જ્યાં સુધી કે ઝકાતની રકમ ઝકાતના હક્ક઼દારને ન પહોંચી જાય અને એના પર માલિક બનાવી દેવું સાબિત ન થઈ જાય.

જો અહીંના (જે તે સ્થળના) મુસલમાન પોતાની શક્તિ વડે જામિઆની મદદ નથી કરી શક્તા અને તેને સારી રીતે ચલાવવાની શક્તિ નથી ધરાવતા તો અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَનો માલ ''હીલાએ શરઈ''ની રીતે તે ઈદારાની સલામતી તથા તરક્કીના માટે વાપરી શકાય છે. એટલે કે ઝકાત, ફિત્રા, વાજિબ સદક઼ા વગેરે કોઈ નેક સાલેહ ખુદાના બંદાને જે ઝકાતનો હક્ક઼દાર પણ હોય તેને આપીને તેનો તેને માલિક બનાવી દેવામાં આવે અને તે સવાબની નિય્યતથી અનાજ, દાણા, પાણી અથવા કિતાબો વગેરે (જે ચીજની જામિઆને જરૂર હોય) ખરીદીને જામિઆ કે દારુલ ઉલૂમને હવાલે કરી આપે. અથવા ચંદા રૂપે એ રકમ રોકડી જામિઆમાં આપી દે, પછી જામિઆના સંચાલકો જે રીતે અને જે જાઈઝ કામમાં ચાહે એને ખર્ચ કરે. આ રીતે ઝકાતવાળાઓની ઝકાત પણ અદા થઈ જશે અને એ બંનેવ પક્ષો (આપનાર તથા સંચાલકો) સવાબના હક્ક઼દાર થશે. આ મસ્અલો હીલાએ શરઈ વિશેનો દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર તથા મોઅતમદાતિલ અફસારમાં છે.

**લખનાર** : (મુફ્તી) અબ્દુલવાજિદ ક઼ાદરી ગુફિરલહૂ નૂરી *(બહવાલા ફતાવા યૂરોપ)*

### નાબાલિગ બાળકોનાં ઘરેણા પર ઝકાત

**સવાલ** : જો મા બાપે સોના ચાંદીના ઘરેણા બનાવીને પોતાની ઝકાતને પોતાનાં બાળકોને ભેટમાં આપી દીધાં તો એ ઘરેણા પર ઝકાત છે કે નથી ?

**જવાબ** : જો ખરેખર મા બાપે તે ઘરેણા બાળકોની માલિકીમાં આપી દીધાં તો ભલે એ ઘરેણા દરેકની માલિકીમાં નિસાબના જેટલાં હોય અથવા એનાથી

વધારે હોય અને એના પર વરસ પણ વીતી ગયું હોય પણ મા બાપ કે બાલિગ બાળકોમાંથી કોઈના પર એની ઝકાત વાજિબ નથી. મા બાપ પર એટલા માટે નથી કે તે ઘરેણા તેમની માલિકીમાં નથી અને બાળ કો પર એટલા માટે નથી કે નાબાલિગ હોવાને કારણે શરીઅતના હુકમોને પાળવા તે બંધાયેલા નથી, જ્યારે બાલિગ થઈ જશે તો ઝકાતનો હુકમ એમના પર લાગુ થશે. અલ્લાહ બહેતર જાણનાર છે.

**લખનાર** : (મુફતી) અબ્દુલવાજિદ કાદરી ગુફિરલહૂ નૂરી *(બહવાલા ફતાવા યૂરોપ)*

## ફ્રીજ વગેરે પર ઝકાત છે કે નહીં ?

**સવાલ** : કોઈના ઘરમાં પોતાની જરૂરતના માટે વોશિંગ મશીન, ફ્રીજ, ખાવા ગરમ કરવાનુ મશીન વગેરે મૌજૂદ છે અને સોના ચાંદી વગેરેનો નિસાબ પણ તેની પાસે મૌજૂદ છે, તો શું વર્ણવેલ સામાનની પણ ઝકાત આપવી વાજિબ થશે ?

**જવાબ** : વર્તમાનકાળમાં આ દર્શાવેલ સામાન જીવન જરૂરી ચીજોમાંથી છે જેનો ઉપયોગ મધ્યમ કક્ષાના ઘરોમાં સામાન્ય થઈ ગયો છે. વર્ણવેલ સર્વ સામાનો માલ તો છે પણ ગૈર નામી છે (જે વધનાર નથી) જેથી એના પર ઝકાત નથી.

## બેંકના નફા પર ઝકાત

યૂરોપમાં બેંકોમાં જે ફિક્સ અથવા ફિક્સ વિનાની રકમ જમા કરવામાં આવે છે એ રકમોથી બેંકો થકી વિવિધ પ્રકારના વેપાર થાય છે, પ્રોડક્શનનાં કારખાનાં ચલાવવામાં આવે છે પછી એનાથી જે નફો હાંસલ થાય છે તેની વિવિધ કાર્યકરો તથા માલિકોમાં ટકાવારીના હિસાબે વહેંચણી થાય છે અને નફાનો અમુક હિસ્સો બેંકમાં જમા કરનારા લોકોને પણ મળે છે. સવાલ એ છે કે જો કોઈની માલિકીની એટલી રકમ બેંકમાં જમા છે જેનાથી એ સાહિબે નિસાબ થઈ જાય છે તો માલ પર એ સાલના અંતે જે નફો મળ્યો શું એના પર પણ ઝકાત વાજિબ થશે ?

**જવાબ** : સવાલમાં મામલાની જે સ્થિતિ વર્ણન કરવામાં આવી છે તેને મુઝારેબા કહેવામાં આવે છે જેનો નફો કાર્યકર્તા તથા માલના માલિક બંનેના માટે હલાલ છે.

સાલના અંતે પ્રથમ જે નફો મળશે નિસાબની સાથે તેની પણ ઝકાત કાઢવામાં આવશે. નફાની રકમ પર વરસ પૂરું થવું ઝકાત વાજિબ થવા માટે જરૂરી નથી. દા.ત. નિસાબનું વરસ ૧ મુહર્રમે પૂર્ણ થાય છે પણ ઝીલ હજ્જની ૨૯ તારીખે હજાર રૂપિયા નફાના આવ્યા તો ૧લી મુહર્રમે નિસાબ ઉપરાંત આ હજાર રૂપિયા નફાની પણ ઝકાત કાઢવી પડશે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

## ફાસિક તથા ફાજિરને ઝકાત આપવી કેવી ?!

**સવાલ** : એવો મુસલમાન જે શરાબ તથા હેરોઈનનો આદી છે, પોતાની પત્નીની પણ જાઈઝ કમાઈને હેરોઈનમાં ખર્ચી નાખે છે. જો તેને ઝકાતની રકમ આપવામાં આવે તો આપનારની ઝકાત અદા થશે કે નહીં ?

**જવાબ** : જો તે મુસલમાન ઝકાતના હક્કદારોમાંથી છે એટલે કે ગરીબ મિસ્કીન વગેરોમાંથી, તો એને ઝકાતની રકમ આપવાથી ઝકાત અદા થઈ જશે, કેમ કે ઝકાતની અદાયગી માટે તેના હક્કદારને (તમ્લીકે ફકીર) તે માલનો માલિક બનાવી દેવો શર્ત છે અને જ્યારે તે શર્ત તેમાં મૌજૂદ હોય તો ઝકાતનું અદા થવું પુરવાર થશે. પરંતુ એવા શખ્સને જે ગુનાહે કબીરાની આદતવાળો હોય અને અધિક્તર ગુમાન હોય કે ઝકાતની રકમને પણ તે એમાં જ વાપરી નાખશે, તો એને ઝકાત આપવી યોગ્ય તથા મુનાસિબ નથી બલ્કે **આપનાર ગુનેહગાર થશે**. અલ્લાહ તઆલા ફર્માવે છે : "ગુનાહ તથા નાફર્માનીમાં કોઈની મદદ ન કરો."

તહતાવી અલલ મરાકિયુલ ફલાહ, પેજ : ૪૩૫માં છે : "ઝકાત એવી વ્યક્તિને ન આપવી જોઈએ જેના વિશે જાણકારી હોય કે તે એને ફુઝૂલખર્ચી કે ગુનાહનાં કામોમાં વાપરશે."

**લખનાર** : (મુફતી) અબ્દુલવાજિદ કાદરી ગુફિરલહૂ નૂરી *(બહવાલા ફતાવા યૂરોપ)*

# અહમદાબાદના સુન્નીઓની ઝળઝળહતી કામયાબી

*અઝ : જહાંગીરખાન પઠાણ*

અહમદઆબાદના મધ્યે દરિયાપુર ડબગરવાડ વિસ્તારમાં મોટી અલીની પોળ આવેલ છે જેમાં હઝરત પીર ખુમ رحمۃ اللہ علیہની મસ્જિદ છે. જેમાં હઝરત પીર ખુમનશીન رحمۃ اللہ علیہ તથા તેમની અહેલિયા અને અક઼ીદતમંદોના થઈ કુલ ચાર મઝાર શરીફ આવેલ છે. આ મસ્જિદ હાલ તબક્કે વહાબી દેવબંદી લોકોના હસ્તક છે. તા. ૯–૬–૨૦૧૧ જુમેરાતના રોજ સુન્ની અવામી ફોરમના સેક્રટરી જનાબ ઉષ્માનભાઈ કુરૈશીને માહિતી મળી કે તે મસ્જિદમાં આવેલ ચાર મઝારમાંથી ત્રણ મઝાર વહાબી દેવબંદી લોકોએ મસ્જિદ મોટી કરવાના બહાના હેઠળ શહીદ કરી દીધેલ છે કે જ્યારે તે મસ્જિદની ઉપર એક માળ પહેલેથી જ બનેલ છે તેનો ઉપયોગ કરવાને બદલે તેઓએ આ ગંદુ કૃત્ય કરેલ.

જનાબ ઉષ્માનભાઈએ તુરંત જ બીજા અગ્રણી સુન્નીઓનો સંપર્ક કરી સલાહ મશ્વરો કરીને બધાને તે મસ્જિદ જેના હદમાં છે તે દરિયાપુર પોલીસ સ્ટેશને બોલાવી લીધેલ અને ત્યાં જઈ પોલીસને પૂરી ઘટનાથી વાકેફ કરીને સુન્ની અવામી ફોરમના સેક્રેટરી જનાબ ઉષ્માનભાઈ કુરૈશી, સુન્ની અવામી ફોરમના પ્રમુખ, જનાબ અમીનભાઈ સીંધી, હાઈકોર્ટના અગ્રણી વકીલ જનાબ રફીક લોખંડવાલા અને એજાઝ કુરૈશી, ચાંદ કમિટીના સભ્ય અલ્તાફ મેમણ, ખલીફએ શૈખુલ ઈસ્લામ સૈયદ તાહિર બાપુના શેહઝાદા સૈયદ અલ્તાફ બાપુ, સૈયદ સાબિરભાઈ અને અન્ય સુન્ની આગેવાનો વગેરે ડેલીગેશન પોલીસને સાથે લઈને ઉપરોક્ત મસ્જિદ સ્થળે રેડ પાડેલ. જ્યાં પહોંચતાં જ દિલો દિમાગ હચમચી જાય તેવું દશ્ય જોવા મળેલ. ચારમાંથી ત્રણ મઝારાત બહુ જ ખરાબ રીતે તોડી પાડવામાં આવેલ.

પોલીસને લઈને પહોંચેલ ડેલીગેશન આ દશ્ય કેમેરામાં ઝડપી લીધેલ. પોલીસને પણ આ તાલિબાની કૃત્ય બતાવેલ જે જોઈને આવેલી પોલીસ પણ સ્તબ્ધ થઈ ગયેલ. તે દરમિયાન આસપાસના દેવબંદીઓ જમા થઈ ગયા અને આ તબક્કે પોલીસે ઉત્કૃષ્ટ કામ કરતાં ડેલીગેશનને ત્યાંથી હિફાઝતથી પરત પોલીસ સ્ટેશને મોકલી આપેલ. ત્યાર બાદ પોલીસે આ બાબતે વધુ વાતચીત કરવા મસ્જિદના ટ્રસ્ટીઓને બોલાવતાં તેઓ પોતે આવેલ નહીં અને આ તબક્કે વધુ એક શર્મનાક કામ કરતાં એક ઔરત મોહતરમાને મોકલી દીધેલ અને જ્યારે આ મોહતરમા સાથે વાતચીત શરૂ કરેલ તો ખબર પડી કે આ મોહતરમા તો તેમના મૌલ્વીઓ કરતાં પણ ચાર ચાસણી ચડી જાય તેવા છે. મોહતરમાએ એવું સ્ટેટમેન્ટ આપેલ કે આ તો કોઈ પીર વલીની ક઼બ્ર નથી, આ તો અમારા પૂર્વજોની ક઼બ્ર છે અને અમારા પૂર્વજોની ક઼બ્ર તોડવાનો અમને પૂરેપૂરો હક્ક઼ છે અને આવું કરવા બદલ અમે તૌબા કરી લઈશું. જ્યારે કે હદીષ શરીફમાં છે : સરકારે મદીના صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "હું ખુલ્લી તલ્વાર પર પગ મૂકવાને પસંદ કરીશ કે ભલે મારી નાલૈન કપાઈ જાય પણ હું એક મુસલમાનની ક઼બ્ર પર પગ મૂકવાને પસંદ નથી કરતો."

જ્યારે ખૂદ સરકારે મદીના صلی اللہ علیہ وسلمએ ક઼બ્ર પર પગ મૂકવાને નાપસંદ ફર્માવ્યું છે તો આ મોહતરમાને ક઼બ્રો તોડવાનો અધિકાર કોણે આપી દીધો ?! ત્યાર બાદ જ્યારે પોલીસ તરફથી તેઓને પૂછવામાં આવેલ કે આ કામ કરતાં પહેલાં શું આપના ટ્રસ્ટીઓએ આ બાબતે કોઈ લેખિત ઠરાવ કરેલ છે તો તેઓએ ઈન્કાર કરેલ. અને ડેલીગેશન સમક્ષ રાત સુધીમાં આ બાબત અંગે સમાધાન કરવા સમય માંગેલ, જે ડેલીગેશને તેમને આપેલ. રાત્રે દરિયાપુર પોલીસ સ્ટેશનના પ્રાંગણમાં થયેલ બેઠકમાં મોહતરમાએ પૂછયું કે સુન્નીઓ શું ચાહે છે ? તો ડેલીગેશને તમામ મઝારાત ફરીવાર બાંધવા માટે માંગ કરેલ અને થયેલ સમાધાન મુજબ મસ્જિદના ટ્રસ્ટીઓ મઝારાત અને મસ્જિદના દરમિયાન એક દિવાલ બનાવી આપશે અને દરગાહ શરીફમાં દાખલ થવાનો રસ્તો પણ જુદો કરી આપશે અને દરગાહનો વહીવટ કરવાની સુન્નીઓને છૂટ આપવામાં આવશે જેમાં વહાબી દેવબંદીઓ કોઈપણ જાતની રૂકાવટ તેમ જ વાંધા વચકા અને હેરાનગતિ નહીં કરે. આમ ફિક્રમંદ સુન્નીઓ અને આગેવાનોની મહેનતથી આ દરગાહ શરીફનો કબજો સુન્નીઓને મળી જશે. આ કામમાં સાથ સહકાર અને સમય આપવા અને મહેનત કરવા બદલ અલ્લાહ તઆલા દરેકના દરજાત બુલંદ કરે અને જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે. (આમીન) સાથોસાથ દરેક સુન્નીઓને આ ફિત્ના અને તેમના તાલિબાની કાર્યો સામે એક થઈ જવા અપીલ છે. *(હવાલો : આમીન માસિક, તા. ૧–૭–૨૦૧૧, અંક : ૧૩૪, અહમદઆબાદ)*

## બરકાતે ખ્વાજાની ટપાલ...

કાર્યાલય

### ★ ''બરકાતે ખ્વાજા'' (માસિક)થી ખૂબ દીની માહિતીપૂર્ણ ★

સલામ મસ્નૂન બાદ જણાવવાનું કે હું આપનુ ''બરકાતે ખ્વાજા'' (માસિક) ખૂબ જ ધ્યાનપૂર્વક વાંચુ છું અને તેમાંથી મને ખૂબ જ ઈલ્મે દીનની માહિતી મળે છે. આપના જુલાઈ–૨૦૧૧ અંકમાં ''માહે શાબાન તથા શબે બરાત ફઝાઈલ'' જે આપેલ છે તે વાંચવાની ખૂબ જ મજા પડી. દુઆ છે કે ખુદા આપના ઈમાન, જાન, માલની હિફાઝત કરે અને ઉમ્ર દરાઝ કરે તેવી દુઆ. *–ડૉ. શાહનવાઝ સિદ્દીકી (વરસીગપુર, તા. ઉના, જિ. સુરેન્દ્રનગર)*

### ★ શાદી મુબારક ★

**ભરૂચ** : મદીના પાર્ક ખાતે અમારા મિત્ર જનાબ હાજી ઉષ્માનજી હાજી મુહમ્મદ ખત્રીની નેક દુખ્તર કનીઝ ફાતિમાની શાદી તેજગઢના જનાબ ઉષ્માનગની દાઊદજી ખત્રીના નેક ફરઝંદ મુહમ્મદઅઝીઝ સાથે તા. ૨૬–૫–૨૦૧૧ જુમેરાતે ૧૧ કલાકે રાખવામાં આવી. સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! રબ તઆલા દુલ્હા–દલ્હન સૌને સદા ખુશ તથા આબાદ રાખે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**દયાદરા** : હાલ સાઉથ આફ્રિકામાં દીની ખિદમત અંજામ આપી રહેલ હાફિઝ કારી, આલિમ જનાબ ઈમરાન ગુલામ આદમ ગુજ્જર ઝંઘારવી મોઈની (ભાણા કોંગોવાળા)ના નિકાહ થામના હાફેઝ સિદ્દીક ગોરજીની નેક દુખ્તર આલિમા અંજુમબાનુ સાથે તા. ૮–૭–૨૦૧૧જુમ્આની નમાઝ બાદ મુખ્તારુલ મસાજિદ ઉર્ફ નૂરાની મસ્જિદ દયાદરામાં રાખવામાં આવ્યા. તિલાવતે કુર્આન, કસીદા બુર્દા શરીફ હઝરત મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી સાહબ પઢયા, નિકાહ હઝરત મૌલાના શાહજહાં મિસ્બાહી (પેશ ઈમામ) સાહબે પઢાવ્યા. અંતમાં દુઆ સલાતો સલામ થઈ, છેવટમાં ખારેકો વહેંચવામાં આવી. હાફિઝો કારી મૌલાના ઈમરાન મોઈનીને ખૂબ ખૂબ મુબારકબાદ ! રબ્બે કરીમ નબીએ કરીમ ﷺના સદકામાં ખૂબ જ બરકતો ખુશીઓથી નવાઝે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ગલેન્ડા** : જનાબ હાજી અબ્દુલ્લાહભાઈ રાજ રૂા. ૧૮૦૦/– ભરીને હાફિઝ ઈબ્રાહીમ કહાનવાળા થકી ''બરકાતે ખ્વાજા'' (માસિક)ના પેટ્રન ગ્રાહક (૧૧ વરસ માટે) બન્યા છે. જઝાકલ્લાહ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ગલેન્ડા** : જનાબ હાજી ઈસ્હાકભાઈ હાજી ગેમલસંગ તરફથી રૂા. ૨૦૧/– એમના મર્હૂમ વાલિદૈનના સવાબઅર્થે મળ્યા છે. જઝાકલ્લાહ ! રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવે. (આમીન) *–તંત્રી*

**વડોદરા** : ભરૂચથી જનાબ મુનીરભાઈ પઠાણ



### ખાનાએ કા'બામાં એન્ટ્રી બદલ.......

### બુલબુલે બાગે મદીના અલ્હાજ કારી રિઝવાન સાહબને મુબારકબાદ !

જનાબ અલ્હાજ કારી રિઝવાન સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)ને ૧૫ શાબાન હિ.સ. ૧૪૩૨ના રોજ મક્કા શરીફ ખાતે કા'બા શરીફનો દરવાજો ખુલતાં તેમાં પ્રવેશીને ઈબાદત કરવાની નેકબખ્તી નસીબ થઈ છે. આપ કા'બા શરીફની અંદર હાજરીનો શરફ પામતાં અમો ખુશી પ્રદર્શિત કરીએ છીએ અને તેમને ખૂબ ખૂબ મુબારકબાદ પાઠવીએ છીએ. રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં આપની હાજરીને કબૂલ ફર્માવે, અને આપના દરજાતને બુલંદ ફર્માવે.

*–લિ. તંત્રી : ''બરકાતે ખ્વાજા'' (માસિક) વ નિગરાં : ''સુન્ની દા'વતે ઈસ્લામી'' ગુજરાત ઝોન*

જણાવે છે કે એમના કાકા હાજી ઈબ્રાહીમખાન કાલેખાન લાકડાવાળા (યાકૂતપુરા–વડોદરા) ૮૫ વરસની વયે તા. ૬–૫–૨૦૧૧ (૨ જમાદિઉલ આખર હિ.સ. ૧૪૩૨)ના રોજ ઈન્તેકાલ કરી ગયા જેમની દફનવિધિ બરેલીખો કબ્રસ્તાન–ભરૂચમાં થઈ. રબ્બે કરીમ તેના પ્યારા મહમૂબ ﷺના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**દયાદરા :** મુકામે અમારા મર્હૂમ વાલિદ સાહબનાં માસી હુરીબેન ઈસ્માઈલ સૂરતી (સેફલી)નો, તા. ૧–૭–૨૦૧૧ જુમ્આના રોજ લગભગ ૯૫ વરસની વયે ઈન્તેકાલ થયો છે. રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવે, કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**દયાદરા :** જનાબ ઈસ્માઈલ બાપુ બોરડીવાલા (બક્ષ)ના અહલિયા આયશાબેન તા.૬–૭–૨૦૧૧ ના રોજ ઈન્તેકાલ કરી ગયાં. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવે, કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**લેખ હરીફાઈમાં ભાગ લો**

*શાદીઓમાં થતાં હરામ કામો તથા બદ્અકીદાથી થતા નિકાહની રોકથામના વિષયે* **સમાજ સુધારણામાં ઈમામો તથા પીરો શું રોલ ભજવી શકે ?** જાહેર પ્રોગ્રામોમાં ન આવતી મોટાભાગની પબ્લિક જુમ્આમાં તો આવે જ છે જેથી જુમ્આનાં બયાનો કેવાં હોય કે પબ્લિકની ઈસ્લાહ થાય તેમજ અન્ય શા ઉપાયો આ સંબંધે થઈ શકે, વળી પીર ગમે તેવો હોય પણ પીરની વાત મુરીદો આંખો મીંચીને માનતા હોય છે તો પીરો આ દિશામાં શું રોલ કરે ? એ વિશે સૂચનાત્મક ચર્ચા રજૂ કરવી . નોંધ : તા. ૧૦–૮–૨૦૧૧ સુધીમાં લેખ મોકલી આપવો. સંપર્ક કરો : બરકાતે ખ્વાજા (માસિક) કાર્યાલય.

## ★ દારુલ ઉલૂમ હસનાતે દીનિયાતનો ૧૪મો વાર્ષિક જલસો ★

**લાતૂર :** (રાજમોલ–અંજલીનગર, મહારાષ્ટ્ર) ખાતે અહલે સુન્નતના આ ઈદારામાં ફારિગ થનાર કુલ ૧૩ તલબાને આલિમ, હાફિઝ, કારીની દસ્તારબંદી તા. ૯–૭–૨૦૦૧૧ (૬ શાબાન હિ.સ. ૧૪૩૨)ના રોજ ઈશાબાદ પીર મશાઈખ તથા ટોચના ઉલમાના હાથે રાખવામાં આવી. પીરે તરીકત શહઝાદાએ હાફિઝે મિલ્લત હઝરત અલ્લામા અબ્દુલહફીઝ સાહબ (સરબરાહે આ'લા જામિઆ અશ્રફિયા–મુબારકપુર)ની સદારતમાં ખતીબે અહલે સુન્નત મૌલાના આસિફ ઈકબાલ સાહબે ઈમાન અફરોઝ બયાન કર્યું. બેંગ્લોરના નઅતખ્વાં મોઈન રઝા સાહબે ખૂબસૂરત નઅતે પાકના ગુલદસ્તા પેશ કર્યા હતા. જનાબ હાજી ઉમર કચ્છી અલીયાબાડાવાળા (મો. ૯૪૨૨૪૭૦૭૭૪) નાઝિમે આ'લાની સારી એવી મહેનત આ ઈદારાને તરક્કીમાં લાવી રહી છે. રબ તઆલા સર્વ સહાયકોને જઝાએ ખૈર આપે. (આમીન) *રજૂકર્તા : દાઉદભાઈ અલીયાબાડા*

**બીરપુર શરીફ :** હઝરત સૈયદ પીર સફીયુલ્લાહબાવા દરિયાઈ (સજ્જાદાનશીન ખાનકાહે દરિયાઈ દુલ્હા બીરપુર શરીફ) તરફથી તેમના વાલિદા મર્હૂમા પીરાની અમ્મા ઉમ્મુલખૈર આમિનાબીબી ફતેહ મુહમ્મદ દરિયાઈ કાદરીના ઈસાલે સવાબ અર્થે તા. ૧૫–૫–૨૦૧૧ના રોજ આપની વરસીના પ્રસંગે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આન ખ્વાની કરવામાં આવી. તેમજ હઝરત સફીયુલ્લાહબાવા તરફથી તલ્બા–સ્ટાફને ન્યાઝ જમાડવામાં આવી. રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવે તથા જન્નતમાં આ'લા મકામ આપે અને દરજાતની સતત બુલંદી ફર્માવે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# રમઝાન મુબારકમાં આ સંસ્થાઓને ભૂલશો નહીં !

➡ **ઈસ્લામિક વેલ્ફેર મિશન**, C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ. પો. **દયાદરા** તા. જિ. ભરૂચ (ગુજરાત), પિન–૩૯૨૦૨૦, ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, **નોંધ** : આપણી આ પ્યારી સંસ્થા થકી ગરીબ આબાદીઓમાં લગભગ **૧૫૦**, મદ્રસા–મસ્જિદના સંચાલનોમાં સહકાર કરવામાં આવે છે તેમજ **જામિઆ અશરફિયા મુબારકપુર** ખાતે પઢતા **ગુજરાતી** તલ્બાને **મંથલી સ્કોલરશીપ** આપવામાં આવે છે. જેથી ઉચ્ચ કક્ષાના આલિમો કૌમે મુસ્લિમને મળી શકે, એ સિવાય **કુદરતી આપત્તિ** વગેરેના સમયે ગરીબોને જરૂરતમંદોને અનુકૂળતા પ્રમાણે સહાય કરવામાં આવે છે. તેમજ અન્ય સહાયના કામો થાય છે.

➡ **અંજુમને રઝાએ મુસ્તફા**, C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ. પો. **દયાદરા** તા. જિ. ભરૂચ (ગુજરાત), પિન–૩૯૨૦૨૦, ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

અહલે સુન્નત વ જમાઅત, મસ્લકે આ'લા હઝરતના પ્રચાર તથા પ્રસાર માટે એલાને હક્ક ડંકાની ચોટ પર કરતી આ અનોખી સંસ્થા થકી વરસભર ઉચ્ચ કોટીના ઉલમાનાં લખાણોની કિતાબો પ્રસિદ્ધ થતી રહે છે તો આ કાર્યમાં સહાય કરો. **વાર્ષિક મેમ્બર ફી રૂા. ૩૦૦/–** ભરીને વર્ષભર ઘર બેઠાં અણમોલ કિતાબો મંગાવો. બુખારી શરીફની શરહ **"નુઝહતુલ કારી શરહે બુખારી"** (ભાગ : ૩) પ્રસિદ્ધ થવાની તૈયારી છે તે પણ મેમ્બરોને ડોનરોને તોહફામાં મળશે.

➡ **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ઠે. રયહાન નગર, બાવા રયહાન દરગાહ પાસે ભરૂચની ધરતી પર વર્ષોથી ચાલી રહેલા સુન્ની ઈદારામાં હાફિઝ, કારી આલિમની સાથો સાથ કોમ્પ્યુટરની તા'લીમ પણ આપવામાં આવે છે તો આપના આ ઈદારાને લિલ્લાહ ઝકાત, સદકા, ખયરાત, ન્યાઝ....વગેરે આપી અપાવી સહકાર કરશો એવી અપીલ છે. ફોન : ૦૨૬૪૨–૨૫૫૭૦૮

**આપની લિલ્લાહ, ઝકાત, સદકા, ઉશ્ર, ફિત્રા, ન્યાઝ.... વગેરેની રકમો ઉપરોક્ત સંસ્થાઓને મોકલી સહકાર કરશો એવી નમ્ર અરજ છે.**


## કાયનાત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

**આયોજિત જમવા રહેવા સાથે** 3 X 2 લકઝરી બસ

**બસ ઉપડવાની તારીખ : ૨૭–૧૦–૨૦૧૧, રાત્રે : ૧૧ વાગ્યે.**

**પ્રવાસના સ્થળો : સાથે, ઉદેપૂર (મસ્તાનબાવા), કપાસણ, જયપુર, ફતેપુર, સીક્રી, આગ્રા, સીમલા, કુલ્લુ, મનાલી, કલીયર શરીફ, હરિદ્વાર, મસૂરી, દિલ્હી અજમેર,, મીરાદાતાર પરત ધોળકા.**

| આખી ટીકીટ | અડધી ટીકીટ | પ્રવાસ દિવસ |
|---|---|---|
| રૂા. ૬,૫૦૧/– | રૂા. ૩,૫૦૧/– | ૧૪ |

**બસ ઉપડવાનું સ્થળ** : તાલુકા પંચાયત સ્ટાફ ક્વાટર્સ પાસે, બેગા ટેકરી, ધોળકા

**આયોજક : શરીફખાન પઠાણ મો. ૯૮૨૪૪૭૮૧૧૬, ૯૮૯૮૭૯૮૮૬૨, ૯૭૨૪૬૫૯૮૫૩**

**નોંધ** : **૧.** રૂા. ૧૦૦/– ગાઈડ ખર્ચ તથા યાત્રીવેરો વગેરે યાત્રિકોએ અલગથી આપવાનો રહેશે. **૨.** હરિદ્વારથી મસૂરી સ્વખર્ચે જવાનું. રહેશે. **૩.** મસૂરી પ્રવાસ દરમ્યાન એક ટાઈમ સ્વખર્ચે જમવાનું રહેશે. **૪.** તા. ૧૦–૧૦–૨૦૧૧ના રોજ સવારની ચા તેમજ જમવાનું સ્વખર્ચે રહેશે. **૫.** રૂા. ૨,૦૦૧/– ડિપોઝીટ કરી મનપસંદ સીટ બુક કરાવી લેવી.

# શબે કદ્રની ઈબાદતો

❖ જેણે શબે કદ્રની રાતમાં ત્રણવાર **લાઈલાહ ઈલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ** ﷺ પઢયું તો પ્રથમ વાર પઢવાથી રબ તઆલા તેની મગફેરત ફર્માવી આપે છે, બીજીવાર પઢવાથી જહન્નમથી આઝાદ ફર્માવી દે છે અને ત્રીજીવાર પઢવાથી જન્નતમાં દાખલ ફર્માવે છે. (દુર્રતુન્નાસિહીન) ❖ શબે કદ્રમાં આસ્માનના દરવાજા ખોલી દેવામાં આવે છે. જે બંદો એમાં નમાઝ પઢે છે તો અલ્લાહ તઆલા તેની એક એક તકબીર (અલ્લાહુ અકબર)ના બદલામાં જન્નતમાં એવું સાયાદાર ઝાડ અતા કરે છે કે તેની નીચે ચાલનાર ૧૦૦ વરસ ચાલે છતાં તેનો સાયો પૂરો થશે નહીં. અને દરેક રકાતના બદલામાં જન્નતમાં એક મકાન મોતીઓ, યાકૂત, ઝબરજદ અને લૂઅ્ લૂઅ્ (ના પથ્થરો)નુ અતા કરશે. દરેક સલામ ફેરવવાના બદલામાં જન્નતી ચાદરોમાંથી એક ચાદર અતા કરશે. (દુર્રતુન્નાસિહીન) ❖ આ રાત્રે નમાઝની નિય્યતે ગુસ્લ કરશે તેના તમામ ગુનાહ માફ થશે, પગો ધોતા પહેલાં. ❖ રાત્રે જાગી ઈબાદત કરનારને ૨૭ હજાર સાલનો સવાબ મળશે તથા કબ્ર નૂરની રોશન થશે. ❖ ૭ વાર સૂરએ કદ્ર પઢે તો ૭૦ હજાર ફરિશ્તા તેના માટે જન્નતની દુઆ કરશે.

## શબે કદ્રની નફ્લ નમાઝો

**૪ રકાત નમાઝ** : દરેક રકાતમાં **'અલ્હમ્દુ'** પછી **'ઈન્ના અન્ઝલ્ના'** ત્રણ વાર અને 'કુલ્ હુવલ્લાહ' ૫૦ વાર. સલામ ફેરવ્યા બાદ સજદામાં જઈને ૧ વાર **''સુબ્હાનલ્લાહિ વલ્હમ્દુલિલ્લાહિ વલા ઈલાહ ઈલ્લલ્લાહુ અલ્લાહુ અકબર''** પછી જે દુઆ માંગશે તે કબૂલ થશે, ઈન્શાઅલ્લાહ.

**૪ રકાત** : દરેક રકાતમાં **'અલ્હમ્દુ'** પછી ૧ વાર **'ઈન્ના અન્ઝલ્ના'** અને ૨૭ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે તો તે શખ્સ ગુનાહોથી એવો પાક થશે જાણે કે આજે જ પેદા થયો અને તેને રબ તઆલા જન્નતમાં હજાર મહેલ અતા કરશે.

**૨ રકાત** : બંનેમાં **'અલ્હમ્દુ'** પછી **'ઈન્ના અન્ઝલ્ના'** ૧ વાર અને **'કુલ્હુવલ્લાહ'** ૩ વાર પઢે તો અલ્લાહ તઆલા તેને શબે કદ્રનો સવાબ અતા કરશે અને તેના રોઝા કુબૂલ ફર્માવશે.

**૪ રકાત** : દરેકમાં **'અલ્હમ્દુ'** પછી ૩ વાર **'ઈન્ના અન્ઝલ્ના'** અને ૧૭ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે. તેની રબ તઆલા મરતી વેળા સકરાત આસાન ફર્માવશે અને કબ્રનો અઝાબ દૂર કરશે.

**૨ રકાત** : દરેકમાં **'અલ્હમ્દુ'** પછી **'ઈન્ના અન્ઝલ્ના'** ૭ વાર અને ૭ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે. નમાઝ પૂરી કરીને ઈસ્તિગફાર અને દુરૂદ ૧૦૦ વાર પઢે. રબ તઆલા આ પઢનારને તથા તેનાં મા બાપને બખ્શી આપશે.

**૪ રકાત** : દરેકમાં **'અલ્હમ્દુ'** પછી 'અલ્હાકુમુત્તકાસુર' ૧ વાર અને ૩ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે તો આ નમાઝ પઢનાર પર મૌતની સખ્તી આસાન થશે અને જન્નતમાં ચાર સુતૂન મળશે અને દરેક સુતૂન પર હજાર મહેલ હશે. (ગુન્યતુત્તાલિબીન)

★ હઝરત અલી كرم الله وجهه ફર્માવે છે : જે શબે કદ્રમાં ઈશાની નમાઝ બાદ ૭ વાર **'ઈન્ના અન્ઝલ્ના'** પઢશે તો દરેક મુસીબતથી નજાત મળશે અને હજાર ફરિશ્તા તેના માટે જન્નતની દુઆ કરશે.

★ શબે કદ્રમાં સુબ્હ સાદિકની નજીક ૪ રકાત એક સલામથી પઢે. દરેક રકાતમાં 'અલ્હમ્દ' પછી ૩ વાર **'ઈન્ના અન્ઝલ્ના'** અને ૫ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે. નમાઝ પૂરી કરીને સજદામાં જઈ **૪૧** વાર **'સુબ્હાનલ્લાહ'** પઢે તેની તમામ હાજતો પૂરી થશે.

★ આ રાતમાં સલાતુત્તસ્બીહ જરૂર પઢે, કબ્રસ્તાન જાય, તથા મીઠી ચીજ પર હુઝૂર ﷺ તથા તમામ મુસલમાનોના નામે ફાતેહા કરે અને આ દુઆ કસરતથી પઢે :– **અલ્લાહુમ્મ ઈન્નક અફુવ્વુન કરીમુન તુહિબ્બુલ અફ્વ ફઅ્ફુ અન્ની.**

**સખીદાતાઓ ! એક નઝર ઈધર ભી !**

# દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ

ઠે. ચાર રસ્તા બસ સ્ટેન્ડ પાસે, મુ.તા. આમોદ, જિ. ભરૂચ
ફોન : (૦૨૬૪૨) ૨૪૬૧૯૨, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, ૯૪૨૬૮ ૪૦૨૭૭
Web. :www.barkatekhwaja.net Email : anjuman2006@hotmail.com

પ્યારા સુન્ની ભાઈઓ ! બહેનો ! અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતના ફઝલો કરમથી, સરકારે દો જહાં ﷺની નઝરે ઈનાયતથી, ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہના ફયૂઝાને કરમથી આપણી પ્યારી સંસ્થા **"દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ"** ક્રમે ક્રમે તરક્કી કરી રહેલ છે. ઈ.સ. ૨૦૦૨થી સામાન્ય હોલમાં "હિફ્ઝ કલાસ" ઉમદા કારીની તા'લીમ હેઠળ પીરે તરીકત હઝરત સૈયદ મુહમ્મદ યૂસુફ નૂરાનીબાવા પેટલાદી (શાહઝાદાએ મોહસિને મિલ્લત હઝરત સૈયદ નૂરાનીબાબા رحمۃ اللہ علیہ)ની ભલી દુઆઓ સાથે અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના શાકિર અલી નૂરી રઝવીની નિગરાનીમાં શરૂ થયો અને **આજે તજવીદ સાથે સહીહ કુર્આન પઢવા બાબતે દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદના હાફિઝો તથા તલબા પોતાની એક આગવી ઓળખ ધરાવે છે. અલ્હમ્દુલિલ્લાહ !** પાંચ વરસ પર આલિમ કલાસની શરૂઆત કરી હતી આજે રાબેઆ જમાઅત સુધી તલબા પહોંચ્યા છે. દર વર્ષે એક જમાઅત આગળ વધે છે, જેમની પાછળ ઉમદા ઉસ્તાદો મહેનત કરી રહ્યા છે. અમામાની તથા સુન્નતોની પાબંદી સાથે સફેદ લિબાસમાં ડિસિપ્લીન સાથે તલબાને યોગ્ય તા'લીમ સાથોસાથ અંગ્રેજી તથા કોમ્પ્યુટટરની તા'લીમના પિરિયડમાં દરેકને ફરજીયાત તા'લીમ અપાય છે તથા પરીક્ષા પણ એની લેવાય છે. તેમજ દીની ખિદમત કરવાની પ્રેરણા માટે સતત તર્બિયત ઉસ્તાદો થકી ડેઈલી થાય છે. આસપાસ ગામોમાં **નૂરી કાફલા** મોકલી તબ્લીગે દીન કરવામાં આવે છે. હાલ લગભગ ૭૦ તલબા ઉપરાંત ૫- મિસ્બાહી આલિમોમાં એક મુફ્તી સાહબ, ૨-કારી સાહબો તથા અન્ય થઈને ૧૦નો સ્ટાફ છે. ખર્ચ દિવસે દિવસે વધી રહ્યો છે જેને પહોંચી વળવુ કઠિન જણાય છે. માટે કેવળ અલ્લાહની રઝાને ખાતર આ તરફ સહાયનો હાથ લંબાવવા અપીલ છે.

### ✯ અમારી જરૂરતો પ્રતિ લક્ષ કરશો ! ✯

★ દારુલ ઉલૂમનો અનાજ-પાણી, પગાર વગેરેનો હાલ વાર્ષિક ખર્ચ લગભગ **રૂા. ૧૨ લાખ છે.**

★ લાયબ્રેરી હોલ બનાવવો બાકી છે જેનો ખર્ચ **રૂા. ૮ લાખ** થશે.

★ ફેમિલી ક્વાટર્સ સંપૂર્ણ કરવા **રૂા. ૩ લાખ ખર્ચ** થશે જેમાં બે ફેમિલી (૧ રૂમ રસોડુ) રહી શકશે.

**ખાસ નોંધ**

*સમયની તાતી માંગ છે કે "દીની તા'લીમ"ની સાથોસાથ "દુનિયવી શિક્ષણ"ની પણ વ્યવસ્થા કરવામાં આવે, ગુજરાતી મીડિયમ-અંગ્રેજી મીડિયમથી સ્કૂલ શરૂ કરવામાં આવે. જેના માટે ૯૫૦ સ્કે. મિટરનો બાજુના સ્લેબનો સોદો કરી લીધો છે, જેની **મોટી રકમ** ચૂકવવાની છે. તો સખીદાતાઓ ભરપુર સહાય કરે એવી અપીલ છે.*

આ ઉપરાંત અન્ય યોજનાઓ અનુકૂળતા પ્રમાણે અમલમાં આવશે તો આપનાથી ભરપુર સહકારની અપેક્ષા છે. તમારા થતા મર્હૂમોના સવાબ અર્થે બાંધકામમાં લિલ્લાહ તેમજ ખેરાત ઉપરાંત ઝકાત, સદકા, ન્યાઝ, કુર્બાનીની ખાલો વગેરેથી સહાય કરશો.

**✪ પટેલ શબ્બીર અલી રઝવી (પ્રમુખ)** **✪ હાફેઝ અબ્દુર્રહીમ ભોલાવવાલા (નાઝિમે આ'લા)**